# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-15 । અંક-306 । વિક્રમ સંવત-2082 । ભાદરવા સુદ - 08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

20 SEPTEMBER-2026 SUNDAY




પેજ-08 આલિયાએ દીકરી રાહાનો ચહેરો સંતાડ્યો



પેજ-09 હાર્દિક પંડ્યાની ફિટનેસ પર ગૌતમ ગંભીરનો ખુલાસો....

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 26.00 |
| વડોદરા | 33.00 | 26.00 |
| સુરત | 32.00 | 26.00 |



પેજ 5 રૂ.96 લાખ કરોડનું સામ્રાજ્ય ઊભું કરનારા વૉરેન બફેની 96 વર્ષની....



પેજ 10 ઉ.કોરિયાએ 2000 વર્ષથી ઊંઘતો 'શૈતાન' જગાડ્યો, એટલે જ અત્યાર....

**.....સુવિચાર.....**

મતલબી લોકો સાથે રહેવા કરતા, એકલા રહેવું લાખ ગણું સારું છે !

## Quick Read

### પંજાબમાં AAP દ્વારા 2027 માટે રણશિંગું ફૂંકાયું... મુખ્યમંત્રી ભગવંત માને ચૂંટણી પત્રિકા જાહેર કરી

પંજાબ | પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને આમ આદમી પાર્ટીની ચૂંટણી પત્રિકા જાહેર કરી છે. માને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની સરકારે માત્ર સાડા ચાર વર્ષમાં જ પોતાની તમામ ગેરંટીઓ પૂરી કરી છે.મુખ્યમંત્રી ભગવંત માને લુધિયાણાના પખોવાલ રોડ પર આવેલા ઈન્ડોર સ્ટેડિયમમાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન AAPની ચૂંટણી પત્રિકા જાહેર કરી હતી. પોતાની સરકારની કામગીરી અને ચૂંટણી ગેરંટીઓ પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે વહીવટીતંત્રે એવા પરિણામો આપ્યા છે જે જનતાને આપેલા વચનો કરતાં પણ વધુ સારા છે.

### દીપિકા અને રણવીરના ઘરે ખુશીનો માહોલ; અભિનેત્રીએ પુત્રીને જન્મ આપ્યો

મુંબઈ | બોલિવૂડ અભિનેત્રી દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ બીજી વખત માતા-પિતા બન્યા છે. દંપતીએ તેમના પરિવારમાં પુત્રીનું સ્વાગત કર્યું છે. હા, દીપિકાએ પુત્રીને જન્મ આપ્યો છે. દંપતીએ પોતે સોશિયલ મીડિયા દ્વારા ચાહકોને આ સમાચાર આપ્યા. દીપિકા અને રણવીરે ઈન્સ્ટાગ્રામ પર એક તસવીર પોસ્ટ કરી જેમાં બાળકના પગનું ચિત્રણ છે અને સાથે 'Welcome Baby Girl' (દીકરીનું સ્વાગત છે) એવો સંદેશ લખેલો છે. આ ફોટામાં જન્મની તારીખ પણ દર્શાવવામાં આવી છે, જે સૂચવે છે કે દીપિકાએ ૧૯ સપ્ટેમ્બરે પુત્રીને જન્મ આપ્યો હતો.

### મુંબઈના લાલબાગમાં દર્શન દરમિયાન યુવકનું મોત

મુંબઈ | મુંબઈના લાલબાગ વિસ્તારમાં ગણેશ ઉત્સવ દરમિયાન 25 વર્ષીય યુવકનું અચાનક તબિયત બગડ્યા બાદ મોત થયું છે. આ ઘટના 17 સપ્ટેમ્બર 2026ની છે. જયદીપ મેઘરાજ નેમાડે (25), પુણેના બાવધનના રહેવાસી હતા. તેઓ અચાનક અસ્વસ્થ લાગવા લાગ્યા અને તેમની તબિયત બગડી ગઈ. ત્યાબાદ તેનું મોત થયું હતું. જયદીપની તબિયત ખરાબ હોવાની જાણ થતાં લાલબાગ ગણેશ ઉત્સવ મંડળના પદાધિકારીઓએ એમ્બ્યુલન્સની મદદથી તેમને ગ્લોબલ હોસ્પિટલ પહોંચાડ્યા હતા. હોસ્પિટલમાં ડોક્ટરોએ તેમની સારવાર શરૂ કરી હતી, પરંતુ સારવાર દરમિયાન હાર્ટ એટેકથી તેમનું મોત થયું હતું.

## જાપાનના સમ્રાટે કરાવ્યો શંખનાદ, આયોજિત થઈ શાનદાર સેરેમની

# જાપાનમાં ૨૦૨૬ એશિયન ગેમ્સની ભવ્ય શરૂઆત

**સમ્રાટ નારુહિતો દ્વારા ઔપચારિક જાહેરાત બાદ જાપાનના નાગોયામાં એક રંગારંગ સમારોહ સાથે ૨૦મી એશિયન ગેમ્સનો પ્રારંભ થયો. ૪૬ દેશોની પરેડ દરમિયાન મનુ ભાકર અને પવન સેહરાવતે ત્રિરંગો લહેરાવીને ભારતીય દળનું નેતૃત્વ કર્યું**



**નાગોયા શહેરના મિઝુહો પાર્ક એથ્લેટિક સ્ટેડિયમ ખાતે લગભગ બે કલાક સુધી એક સુંદર અને રંગબેરંગી ઉદ્ઘાટન સમારોહ યોજાયો**

(એજન્સી) જાપાન | તા. 19

૨૦૨૬ એશિયન ગેમ્સની શરૂઆત જાપાનના નાગોયા સ્થિત મિઝુહો પાર્ક એથ્લેટિક સ્ટેડિયમમાં એક ભવ્ય અને અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ સમારોહ સાથે થઈ. શનિવાર, ૧૯ સપ્ટેમ્બરના રોજ યોજાયેલા આ સમારોહ દરમિયાન જાપાનના સમ્રાટ નારુહિતોએ રમતોના શુભારંભની ઔપચારિક જાહેરાત કરી. આ પ્રસંગે મહારાણી મસાકો, શાહી પરિવારના સભ્યો અને રમતગમત જગતની અનેક દિગ્ગજ હસ્તીઓ પણ ઉપસ્થિત હતી. આશરે બે કલાક સુધી ચાલેલા આ કાર્યક્રમની શરૂઆત જાપાનના રાષ્ટ્રગીત સાથે થઈ. ત્યારબાદ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો, જેને જાપાનના સેલ્ફ-ડિફેન્સ ફોર્સીસના નવ સભ્યો મંચ સુધી લાવ્યા હતા. જ્યારે ધ્વજ ફરકાવવામાં આવી રહ્યો હતો ત્યારે સ્ટેડિયમની લાઈટ્સ ધીમી કરી દેવામાં આવી હતી અને માત્ર જાપાનના રાષ્ટ્રધ્વજ પર જ સ્પોટલાઈટ કેન્દ્રિત કરવામાં આવી હતી, જેનાથી તે તેજસ્વી રીતે ચમકી રહ્યો હતો.ત્યારબાદ, ૪૫ દેશોના ખેલાડીઓ અને ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયા (OCA) ની શરણાર્થી ટીમ - એમ કુલ ૪૬ ટીમોએ પરેડમાં ભાગ લીધો. પરેડની શરૂઆત અફઘાનિસ્તાનની ટીમ સાથે થઈ, જ્યારે ચીને ૮૦૦થી વધુ ખેલાડીઓના વિશાળ દળ સાથે વિશેષ ધ્યાન આકર્ષિત કર્યું.

**ભારતનું મજબૂત અભિયાન: 501 ખેલાડીઓનું દળ મેદાનમાં ઉતર્યું :** પેલોમા મિઝુહો સ્ટેડિયમમાં ભારતીય ત્રિરંગો લહેરાવતી વખતે પેરિસ ઓલિમ્પિક્સ 2024માં 2 બ્રોન્ઝ મેડલ જીતનારી મનુ ભાકર ભાવુક નજરે પડી હતી. મનુ ભાકરે જણાવ્યું કે, 'આટલા મોટા વૈશ્વિક મંચ પર દેશના ધ્વજવાહક બનવું એ મારા માટે અત્યંત ગર્વ અને ભાવનાત્મક ક્ષણ છે. શૂટિંગના શરૂઆતી દિવસોથી લઈને આજ સુધી મળેલા સમર્થન માટે હું સૌની આભારી છું.' મનુ આ ગેમ્સમાં મહિલાઓની 10 મીટર એર પિસ્તોલ, 25 મીટર પિસ્તોલ અને 10 મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટ્સમાં ભાગ લેશે. બીજી તરફ, કબડ્ડી ટીમનો સુકાની પવન સેહરાવત પણ પુરુષ ધ્વજવાહક તરીકે જોડાયો હતો.

**પવન સેહરાવત અને મનુ ભાકર દ્વારા ત્રિરંગો લહેરાવવામાં આવ્યો :** ભારતનું પ્રતિનિધિત્વ કરતા, ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકર અને કબડ્ડી સ્ટાર પવન સેહરાવતે નેવી બ્લૂ પોશાકમાં સજ્જ થઈને ત્રિરંગો લહેરાવતા ભારતીય દળનું નેતૃત્વ કર્યું. મૂળરૂપે એથ્લેટ તજિંદરપાલ સિંહ તૂરને ધ્વજવાહક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, પરંતુ છેલ્લી ઘડીએ આ જવાબદારી પવન સેહરાવતને સોંપવામાં આવી હતી કારણ કે તૂરને તેમની અધિકૃત કિટ સમયસર મળી ન હતી. એશિયન ગેમ્સના સત્તાવાર ઉદ્ઘાટન પહેલાં જ કેટલીક રમતોની મેચો શરૂ થઈ ગઈ હતી. કેપ્ટન હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે જાપાનને ૮ વિકેટથી હરાવીને સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

### હાંગઝોઉનો સર્વશ્રેષ્ઠ રેકોર્ડ તોડવા ભારત મેદાનમાં

ભારતે આ વખતે 501 સભ્યોની વિશાળ ટુકડી મોકલી છે જે 36 રમતોમાં પડકાર ફેંકશે. ભારતીય ટીમનો લક્ષ્યાંક 2023ના હાંગઝોઉ એશિયન ગેમ્સના પોતાના સર્વશ્રેષ્ઠ પ્રદર્શનને પાર કરવાનો રહેશે, જ્યાં ભારતે 28 ગોલ્ડ સહિત કુલ 106 મેડલ જીતીને મેડલ ટેલીમાં ચોથું સ્થાન મેળવ્યું હતું. ભારત આ વખતે એથ્લેટિક્સ, શૂટિંગ, કુસ્તી, બોક્સિંગ, બેડમિન્ટન ઉપરાંત એસ્પોર્ટ્સ અને ટેકબોલ જેવી નવી રમતોમાં પણ સ્પર્ધા કરી રહ્યું છે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઓપનિંગ સેરેમની પહેલાં જ યજમાન જાપાનને 8 વિકેટે હરાવીને સેમીફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે. ક્વિમ્સી ડિસોઝા મહિલા સિંગલ્સની સેમીફાઈનલ હારી ગઈ હોવાથી હવે તે બ્રોન્ઝ મેડલ માટે મેદાનમાં ઉતરશે. 1990થી અત્યાર સુધી રમાયેલી 9 એશિયન ગેમ્સમાંથી ભારતે 8 વખત ગોલ્ડ મેડલ જીત્યો છે.

### રાધાષ્ટમી પર્વે લાડલીજીનો ભવ્ય મહાભિષેક

મથુરા | રાધાષ્ટમીના પાવન પર્વ પર બ્રજની ધરતી ભક્તિના રંગે રંગાઈ ગઈ છે. બરસાણાના વિશ્વપ્રસિદ્ધ શ્રી રાધા રાણી મંદિર, લાડલીજીના દર્શન માટે વહેલી સવારથી જ ભક્તોની લાંબી કતારો જોવા મળી રહી છે. મંદિરથી લઈને આસપાસની ગલીઓ સુધી 'રાધે-રાધે'ના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું છે. રાધાષ્ટમીના ધાર્મિક કાર્યક્રમોની શરૂઆત વહેલી સવારે લગભગ 4 વાગ્યે બ્રહ્મ મુહૂર્તમાં થઈ હતી. વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે રાધા રાણીનો વિધિવત મહાભિષેક કરવામાં આવ્યો. મહાભિષેકનો મનમોહક વીડિયો પણ સામે આવ્યો છે, જે ભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. પરંપરા મુજબ મહાભિષેકમાં દૂધ, દહીં, મધ, ઘી, ચંદન, કેસર, જળ, પંચામૃત અને વિવિધ ઔષધીય સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો.

### ગુજરાતમાં ઢળતી સંધ્યાએ મેઘરાજાની ધમાકેદાર રી-એન્ટ્રી

અમદાવાદ | ગુજરાતમાં બપોર બાદ વાતાવરણમાં પલટા સાથે જંબુસર, અમદાવાદ, અમરેલી, ભાવનગર અને બનાસકાંઠામાં પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વીજળીના કડાકા-ભડાકા તેમજ ભારે પવન સાથે મેઘરાજાએ ધમાકેદાર પુનઃ પધરામણી કરી છે. ભરૂચના જંબુસર પંથકના ડાભા, ભાણખેતર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે ગામડાઓની શેરીઓમાં પાણી વહેતા થઈ ગયા હતા. લાંબા વિરામ બાદ પડેલા આ વરસાદને કારણે ખેતરમાં ઉભેલા પાકને નવજીવન મળતાં ખેડૂતોમાં આનંદની લહેર ફરી વળી છે. આ ઉપરાંત અમરેલી જિલ્લાના સાવરકુંડલા, લાઠી અને ખાંભા ગીરના ડેડાણ, ત્રાકુડા, ભૂંડણી અને રાણીગપરા જેવા ગ્રામ્ય વિસ્તારોમાં ઢળતી સંધ્યાએ વાતાવરણમાં પલટો આવ્યા બાદ તોફાની વરસાદ શરૂ થયો હતો.


Nippon india Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 21 September, 2026 | 6:30 PM | Rajkot |

Venue : The Pinevinta Hotel , Gondal Rd, opposite Samruddhi Bhawan, Near Bombay Petrol Pump, Bhaktinagar Station Plot, Rajkot, Gujarat 360002

Name : Shashwat Sood | Mobile : 9687767006

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.






SHOWROOMS: GUJARAT: AHMEDABAD: RENAULT KARNAVATI WEST (S G HIGHWAY) Ph: 7428190227, RENAULT KARNAVATI EAST (ODHAV RING ROAD) Ph: 9873558180, RENAULT NARODA Ph: 8448081360. RENAULT ANAND Ph: 8448792901. RENAULT MEHSANA (NAGALPUR ROAD) Ph: 9711791268. RENAULT PALANPUR (ABU DELHI HIGHWAY) Ph: 9899672869.

# ગાંધીનગર ખાતે GMC ચૂંટણીના 23 ઉમેદવારોનું પ્રથમ લિસ્ટ જાહેર: મનોજ સોરઠીયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠિયાએ ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી સંદર્ભે ઉમેદવારોની પ્રથમ સૂચિ જાહેર કરતા જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર થઈ ચૂકી છે. આપણે બધા એ પણ જાણીએ છીએ કે જ્યાં ગુજરાતનું કેન્દ્ર છે, જ્યાંથી આખા ગુજરાતનો વહીવટ થાય છે, એવા ગાંધીનગર મહાનગરપાલિકામાં જ દિવડા તળે અંધારું રહ્યું છે. અહીંના લોકો સામાન્ય સુવિધાઓથી વંચિત છે અને જે રીતે ગાંધીનગરની અંદર આડેધડ બાંધકામો થઈ રહ્યા છે, તેનાથી ગાંધીનગરની જે સુંદરતા હતી, એ સુંદરતાને વેચવાનું કામ સત્તામાં બેઠેલા લોકોએ કર્યું છે. અનેક સમસ્યાઓનો સામનો કરી રહેલું આ નાનું એવું મહાનગર આમ તો વિશ્વના ફલક ઉપર નામ ધરાવે છે, પણ વૈશ્વિક કક્ષાના શહેરની સુવિધાઓને બદલે ગાંધીનગરમાં હંમેશા ગાંધીનગરના નાગરિકો માટે અનેક પ્રશ્નો આપણી સામે



આવીને ઊભા રહ્યા છે. ગાંધીનગરના લોકો અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. તેમણે આગળ ઉમેર્યું કે, ત્યારે આમ આદમી પાર્ટી, પાંચ વર્ષ પહેલાં પણ ગાંધીનગરને એક વિકલ્પ આપવા માટે ચૂંટણી લડી હતી. અને પહેલી જ વખત જ્યારે આમ આદમી પાર્ટી ચૂંટણી લડી ત્યારે ૨૧ ટકા જેટલા મતો સાથે આમ આદમી પાર્ટીના એક નગરસેવકને ગાંધીનગરની જનતાએ મોકો આપ્યો હતો. ગત વખતે ભારતીય જનતા પાર્ટી જે રીતે સમગ્ર ગુજરાતમાં અને દેશમાં જનતાનું મેન્ડેડ લાવીને નહીં, પરંતુ જનતાના મેન્ડેડ પર ચૂંટાઈને આવેલા સભ્યોને ચોરીને, બેસાડીને અને એમને લલચાવીને પોતાની રાજનીતિ કરતી આવી છે, ત્યારે અમારા માટે ગર્વની વાત છે કે આમ આદમી પાર્ટીનો એકમાત્ર નગરસેવક ચૂંટાઈને આવ્યો હોવા છતાં ભારતીય જનતા પાર્ટી એને લાલચમાં લાવી શકી નથી, એને દબાવી શકી નથી કે એને ખરીદી શકી નથી. મજબૂત વિપક્ષની ભૂમિકામાં છેલ્લા પાંચ વર્ષની અંદર આમ આદમી પાર્ટીએ ગાંધીનગરમાં પોતાની ફરજ બજાવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, એવા સમયમાં અમને પૂરો વિશ્વાસ છે કે આ વખતની મહાનગરપાલિકાની ચૂંટણીમાં, જ્યારે જનતા બદલાવ માગે છે અને આમ આદમી પાર્ટી મજબૂતીથી આ મહાનગરપાલિકાની ચૂંટણી લડવા જઈ રહી છે ત્યારે, આમ આદમી પાર્ટીએ આજે બધી જ પાર્ટીઓ પહેલાં શરૂઆત કરી છે.

મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે, અમે અમારા ૨૩ ચૂંટણીના ઉમેદવારો આજની આ પ્રેસ વાર્તાથી ડિક્લેર કરવા જઈ રહ્યા છીએ. આમ આદમી પાર્ટીએ હંમેશા ગુજરાતની અંદર સામાન્ય માણસો માટે, યુવાનો માટે અને મહિલાઓ માટે એક પ્લેટફોર્મ આપવાનું કામ કર્યું છે. જે લોકો મેઈનસ્ટ્રીમ રાજનીતિમાં નથી, એવા નાગરિકોને મેઈનસ્ટ્રીમ રાજનીતિમાં લાવવાનું કામ આમ આદમી પાર્ટીએ કર્યું છે અને ગુજરાતની અંદર આજે એક મજબૂત પાર્ટી તરીકે સામાન્ય લોકોની તથા ભણેલા-ગણેલા લોકોની પાર્ટી તરીકે ઊભી આવી છે. આજે પણ અમે આ જાહેર કરવા જઈ રહ્યા છીએ ત્યારે આમ આદમી પાર્ટીએ યુવાનોને તક આપવાનું કામ કર્યું છે, જેમાં ડૉક્ટર્સ છે, વકીલો છે, MBA થયેલા અને સામાજિક કાર્યકરો પણ છે. આમ આદમી પાર્ટી - ગુજરાત દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી માટે જાહેર કરવામાં આવેલી પ્રથમ યાદી મુજબ, વોર્ડ નં. ૧ માં બળદેવભાઈ પટેલ અને વિજયસિંહ આર. વાઘેલા ઉમેદવારી કરી રહ્યા છે.

વોર્ડ નં. ૩માં શ્રેયા બકુલકુમાર મકવાણા, પિંકી રાજપૂત અને ભરતભાઈ જોશીને ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. વોર્ડ નં. ૫ માંથી પાર્વતીબેન નાગરભાઈ અને જીતેન્દ્ર ધરાવાડિયા ચૂંટણી લડી રહ્યા છે. વોર્ડ નં. ૬ માંથી પાર્વતીબેન w/o ગોપાલ વસાવા, પટ્ટણી સોનાબેન મહેન્દ્રભાઈ (દેવીપૂજક), તુષાર પારેખ, મેલાભાઈ ભાલોડિયા, વોર્ડ નં. ૯ માંથી મનીષા પવિત્ર પરમાર, મેહુલકુમાર શંકરભાઈ શ્રીમાળી અને વિવેક શિવાભાઈ પટેલ ઉમેદવારી નોંધાવી રહ્યા છે. વોર્ડ નં. ૭ માંથી રાહુલ વાઘેલા અને સુરેશ પટેલ ઉમેદવાર તરીકે છે. વોર્ડ નં. ૮ માંથી દેવયાની રાઠોડ, ધર્મેશભાઈ ઠાકોર અને ગૌતમભાઈ પરમાર ચૂંટણી લડી રહ્યા છે.

## વિસાવદરના રાજપરા ગામ ખાતે 66kw નું સબ સ્ટેશન બની રહ્યું છે એ બાબતે ચર્ચા થઈ: ગોપાલ ઈટાલીયા

# ગોપાલ ઈટાલીયાએ જૂનાગઢ જિલ્લા ફરિયાદ કમિટીની મિટિંગમાં આપી હાજરી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, આજે જૂનાગઢ જિલ્લાની સંકલન ફરિયાદ સમિતિની મીટિંગ હતી. અમારો ચૂંટણી જીત્યા પછીથી આજ દિવસ સુધીનો લાંબા સમયનો જે ગૂંચવાડો પેન્ડિંગ હતો, તેને લઈને રજૂઆત કરી હતી. પૂર્વ કેબિનેટ મંત્રીશ્રીના ગામમાં પણ ગ્રામ પંચાયતનું મકાન નથી. હું ચૂંટણી જીત્યો ત્યારથી એક વર્ષથી તમામ સ્તરે રજૂઆત કરી રહ્યો હતો. હજી સુધી ગ્રામ પંચાયત બનવાના કોઈ ઠેકાણા નહોતા, પણ આજે સારા સમાચાર મળ્યા છે કે કાલાવડ ગામમાં ગ્રામ પંચાયત મંજૂર થઈ ગઈ છે. આ સિવાય હું છેલ્લા એક વર્ષથી સંકલન ફરિયાદ સમિતિમાં લડાઈ લડતો હતો. આ અંગે મંત્રીશ્રી, પંચાયત સચિવશ્રી અને વિકાસ કમિશનરશ્રીને મળ્યો હતો. આપણા મતવિસ્તારના જૂની ધારી, ગુંદાલી, ઈસાપુર, સેમરાલા, કાલાવડ, દોલવા અને ભાટગામ જેવા ગામડાઓની ગ્રામ પંચાયતો મંજૂર થઈ ગઈ છે. ખાસ કરીને જૂની ધારી, ગુંદાલી અને ઈસાપુરની ગ્રામ પંચાયત મંજૂર થઈ છે તેનો પત્ર પણ મને મળ્યો છે. દોલવા ગામની ગ્રામ પંચાયત બનાવવાનું કામ શરૂ થયું હતું, પરંતુ તલાટી મંત્રીએ ગૌચરની જગ્યા હોવાનું કહીને કામ બંધ કરાવ્યું હતું. આજે દોલવા ગામની ગ્રામ પંચાયતના પ્રશ્નનો પણ નિકાલ આવ્યો છે. કલેક્ટર સાહેબે દોલવા ગામમાં ગ્રામ પંચાયતનું કામ ફરી શરૂ કરવાનો આદેશ કર્યો છે. ભાટગામની ગ્રામ પંચાયતને પણ મંજૂરી મળી ગઈ છે અને સેમરાલા ગામની ગ્રામ પંચાયતના રિપેરિંગ કામ માટે પણ આજે મંજૂરી મળી ગઈ છે.

રસ્તા અને અન્ય પ્રશ્નો અંગે વાત કરતાં ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે, રતાંગ, મિયાંવડલા અને મોટી મોણપરી રોડ આજથી



**એક વર્ષથી હું જે બાબતે રજૂઆત કરતો હતો કે ભૂતપૂર્વ કેબિનેટ મંત્રીના ગામમાં પંચાયતનું મકાન નથી, એ બાબતે સારા સમાચાર છે કે કાલાવડ ગામ સહિત બીજા ગામોમાં પંચાયતને મંજૂરી મળી છે : રતાંગ મિયાવડલા - મોટી મોણપરી રોડ 30 વર્ષ પહેલા મંજૂર થયો હતો, પણ હજુ સુધી બન્યો નથી, એ મુદ્દા પર આજે ચર્ચા થઈ: ગોપાલ ઈટાલીયા**

લગભગ ત્રીસ વર્ષ પહેલાં મંજૂર થયેલો છે, પણ હજી સુધી બન્યો નહોતો. તેની જમીન સંપાદનના મુદ્દા પર આજે ઊંડાણપૂર્વક ચર્ચા થઈ છે અને કલેક્ટર સાહેબે આદેશ કર્યો છે કે રતાંગ-મિયાંવડલા-મોટી મોણપરી રોડના સંપાદનની દરખાસ્ત ઝડપથી સરકારમાં મોકલવામાં આવે. આ ઉપરાંત, વિસાવદરની તાલુકા અદાલત અને વિસાવદરની હોસ્પિટલ બનાવવા માટે સરકારે જે જગ્યા ફાળવેલી છે, ત્યાં વીજળી કંપની (PGVCL/જેટકો)ના થાંભલા ઊભા છે. વારંવાર પત્રો લખવા છતાં વીજળી કંપની થાંભલા ખસેડતી નહોતી. આજે મીટિંગમાં આ મુદ્દો ઉઠાવતાં નિર્ણય લેવાયો છે કે જેટકો/વીજળી કંપની વિસાવદરની અદાલત, દવાખાનું અને વિસાવદરનો બાયપાસ રસ્તો બનાવવાના માર્ગમાં આવતા થાંભલા ખસેડી લેશે. આથી હવે તાલુકા અદાલત, દવાખાનું અને બાયપાસ બનાવવાનો રસ્તો સાફ થઈ ગયો છે.

સરસાઈ ગામમાં પણ એક બહુ મહત્વનો મુદ્દો વર્ષોથી પેન્ડિંગ હતો. સરસાઈ ગામે નવું ગામ તળ જોડવામાં આવ્યું હતું, જેની અંદર કેટલાંક પ્લોટ જાહેર હરાજીમાં વેચવાના બાકી હતા અને તેનો નિર્ણય અટકેલો હતો. ગઈ મીટિંગમાં પણ મારો આ પ્રશ્ન હતો અને આ મીટિંગમાં પણ મેં આ મુદ્દો ફરી ઉઠાવ્યો હતો. જેના પરિણામે આજે કલેક્ટર સાહેબે વિસાવદરના ઈનચાર્જ TDO/DDO ને આ જાહેર હરાજીના પ્રશ્નનો ઝડપથી નિકાલ લાવવાનો અને સરસાઈ ગામના તમામ પ્લોટની જાહેર હરાજી માટેનું જાહેરનામું બહાર પાડવાનો આદેશ કર્યો છે.

'આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ આગળ ઉમેર્યું કે, ગઈકાલે અમારા મત વિસ્તારમાં એક રોડનું ખૂન થયું, નાદાનિયત કે નીતિવિહીનતાના કારણે કોન્ટ્રાક્ટર અને અધિકારીઓએ ભેગા મળીને રોડની હત્યા કરી છે. ભટવાવડીથી લુંઘિયા રોડ સન ૨૦૨૦-૨૧માં માનનીય સરકારે એક કરોડ ત્રીસ લાખના ખર્ચે મંજૂર કર્યો હતો. કોન્ટ્રાક્ટરે થોડું કામ ચાલુ કર્યું અને પછી બંધ કરી દીધું. આજે ૨૦૨૬માં નવું ટેન્ડર બહાર પડ્યું અને ૨ કરોડ ૧૨ લાખના ખર્ચે નવી એજન્સીને કામ સોંપાયું, પણ નવી એજન્સીએ કામ શરૂ કરવાને બદલે વધારાના પૈસા (એક્સેસ)ની માંગણી કરી. આજે મીટિંગમાં મેં આ મુદ્દો ઉઠાવ્યો કે જેતલવડથી ગોળાસર, ભટવાવડીથી લુંઘિયા, લીલિયાથી જાંબાળા અને ખાંબાથી ઈશ્વરિયા - આ ચારેય રોડનું ખૂન થયું છે. આ ચારેય રોડને હવે ફરીથી વહીવટી પ્રક્રિયા કરી સજીવન કરી, નવા રોડ બનાવવા માટેની પ્રોસેસ થાય. મેં આજે સ્પષ્ટ કહ્યું છે કે જો રોડ ન બનાવવો હોય તો લખીને આપી દો કે હવે નથી બનાવવો, એટલે વાત પૂરી થાય અને અમે તથા જનતા પણ એ ભૂલી જઈએ. આ સિવાય અમારા વિસાવદર તાલુકાના મોટી મોણપરી-સરસાઈથી ચાંપરડા સુધીનો જે રોડ વર્ષો પહેલાં મંજૂર થયો છે, તેની માપણીનું કામ ચાલુ છે અને આજે એની ઉપર પણ ચર્ચા થઈ છે. તેમજ વિસાવદરના રાજપરા ગામ પાસે ૬૬ કેવી (66 KV) સબસ્ટેશન બની રહ્યું છે, તેનું કામ પણ ઝડપથી પૂરું થાય તે બાબતે મીટિંગમાં ચર્ચા થઈ છે. આ ઉપરાંત ભેસાણ મતવિસ્તારના કામો જે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી મંજૂર થયા છે, તેમાં ખાસ કરીને વિસાવદર, મંડોર, ચુડા, ધોલવા, ભેસાણ અને ગોળાસર ગામના કામો વહેલી તકે શરૂ થાય અને સમયસર પૂરા થાય તે બાબતે રજૂઆત કરી છે. ખાસ બાબત એ છે કે અમારા વિસાવદરમાં મુખ્યમંત્રીએ ૨૦ કરોડના ખર્ચે સતાધાર બાયપાસ મંજૂર કર્યો છે.

# આપ એ ગાંધીનગર મનપા ચૂંટણીને ધ્યાનમાં રાખીને મધ્યસ્થ કાર્યાલયનું કર્યું ઉદઘાટન

પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, પ્રદેશ ઉપપ્રમુખ ગૌરી દેસાઈ, પ્રદેશ ઉપપ્રમુખ કૈલાશદાન ગઢવી, પ્રદેશ સંગઠન મંત્રી વિક્રમ દવે અને પ્રદેશ સંગઠન મંત્રી તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટે કાર્યાલયના શુભારંભ પ્રસંગે હવનમાં ભાગ લીધો

અમદાવાદ | આમ આદમી પાર્ટીએ આજે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું હતું. આ અવસરે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, પ્રદેશ ઉપપ્રમુખ ગૌરી



દેસાઈ, પ્રદેશ ઉપપ્રમુખ કૈલાશદાન ગઢવી, પ્રદેશ સંગઠન મંત્રી વિક્રમ દવે અને પ્રદેશ સંગઠન મંત્રી તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડોક્ટર કરન બારોટ સહિત ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી લડી રહેલા ઉમેદવારો તથા સંગઠનના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યાલય ખાતે આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા મનોજ સોરઠીયા સહિત તમામ આગેવાનોએ હવનમાં ભાગ લીધો હતો અને ગાંધીનગર શહેર સહિત ગુજરાત અને દેશની સમૃદ્ધિ, લોકોના સારા સ્વાસ્થ્ય, બાળકો માટે સારી શિક્ષણ વ્યવસ્થા સહિતના જનકલ્યાણકારી મુદ્દાઓ પર પ્રાર્થના કરી હતી.

# વિસાવદર વિસ્તાર માટે ફરી ખુશખબર, બે નવા ચેકડેમ માટે સરકારી મંજૂરી મળી: ગોપાલ ઈટાલિયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે, વિસાવદર માટે ફરી એક વખત ખુશખબર આવી છે. થોડા દિવસ પહેલાં વિસાવદરથી સતાધાર બાયપાસ બનાવવા માટે ૨૦ કરોડ રૂપિયાની મંજૂરી મળી હતી. આજે ફરી એક મહત્વની મંજૂરી સરકારમાંથી મળી છે. આપણા વિસાવદર તાલુકાના ખંભાળિયા ગામે ઓજત નદી ઉપર ચેકડેમ બનાવવા માટે મુખ્યમંત્રીશ્રીએ એક કરોડ નેવું લાખ રૂપિયા, એટલે કે અંદાજે બે કરોડ રૂપિયાની મંજૂરી આપી છે. આ ઉપરાંત, વિસાવદર તાલુકાના વેકરિયા ગામે ચેકડેમ બનાવવા માટે ૩૨ લાખ રૂપિયાની મંજૂરી મળી છે. એટલે કે આપણા વિસાવદર મતવિસ્તારને સિંચાઈના અને ખેતીના પાણીનો લાભ મળે તે માટે બે નવા ચેકડેમ મંજૂર થયા છે. હું મુખ્યમંત્રી સાહેબનો આભાર વ્યક્ત કરું છું.

'આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં ઉમેર્યું હતું કે, આપણા મતવિસ્તારના મહત્વના જે કંઈ પ્રશ્નો છે, એની રજૂઆત હું મુખ્યમંત્રીને, વિવિધ વિભાગના સચિવોને, વિવિધ વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ્સ તથા નિયામકોને કરતો હોઉં છું. આપણો વિસ્તાર ભૌગોલિક રીતે કેવો છે, કયા ગામમાં કેવા પ્રકારની શું જરૂરિયાત શા માટે છે, એ બધું પત્ર લખીને, નકશાની અંદર પ્રિન્ટ કરીને કે ડાયાગ્રામના સ્વરૂપમાં જ્યાં જરૂર પડે ત્યાં રજૂઆત કરતો હોઉં છું, સમજાવતો હોઉં છું, બતાવતો હોઉં છું અને રિક્વેસ્ટ પણ કરતો હોઉં છું. આથી જ આપણા મતવિસ્તારના અનેક નાના-મોટા કામોને સમયે સમયે સરકારી વહીવટી પ્રક્રિયા પૂરી કરીને મંજૂરી મળે છે. આજે વિસાવદર તાલુકાના ખંભાળિયા ગામે ઓજત નદી ઉપર જે બે કરોડના ખર્ચે ચેકડેમ મંજૂર થયો છે તેની અને વેકરિયા ગામે મંજૂર થયેલા ચેકડેમની આપ સૌને શુભેચ્છા પાઠવું છું. હજી પણ ઘણા બધા કામોની લેખિતમાં તથા ઈ-મેલ દ્વારા મુખ્ય રજૂઆતો કરેલી છે. જેમ જેમ તેનાં સારા અને સફળ પરિણામો મળશે, તેમ હું તમને જાણ કરતો રહીશ.

# પ્રોપર્ટી કાર્ડ કઢાવવાના નામે ગઠિયાએ 1.20 લાખ પડાવ્યા

અમદાવાદ | અમદાવાદના ઘોડાસરમાં કર્ણાવતી પાર્ક સોસાયટી પાસે રહેતા અને ગૃહ ઉદ્યોગ ચલાવતા દંપતીને પોતાના મકાનનું પ્રોપર્ટી કાર્ડ કઢાવવું ભારે પડ્યું છે. પાંચ વર્ષ જૂની મિત્રતાનો લાભ ઉઠાવી નારોલના યુવકે સરકારી વિભાગોમાં ઊંચી ઓળખાણ હોવાનો દાવો કરી પ્રોપર્ટી કાર્ડ બનાવી આપવાના બહાને 1.20 લાખ રૂપિયા પડાવી લીધા હતા. એટલું જ નહીં, આરોપીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને મહેસૂલ વિભાગના નાયબ અધિકારીના બોગસ સહી-સિક્કાવાળા બનાવટી જંત્રીના કાગળો પણ પધરાવી દીધા હતા. સમગ્ર મામલે ભાંડો ફૂટતાં ભોગ બનનાર મહિલાએ વટવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઘોડાસરમાં વનદેવી સોસાયટી પાછળ સ્મૃતિ મંદિર નજીક રહેતા 33 વર્ષીય જાર્વીબહેન કદમના પતિ વિનાયક કદમ ઘરેથી ખમણ બનાવવાનો ગૃહ ઉદ્યોગ કરે છે. તેના પતિને નારોલ ખાતે મંગલમૂર્તિ સોસાયટી સામે નિલકંઠ એપાર્ટમેન્ટમાં રહેતા રાજેશ ઉર્ફે રાજુ પરીખ સાથે છેલ્લા પાંચ વર્ષથી મિત્રતા હતી

# ૨૦મા રોજગાર મેળામાં દેશભરમાં ૫૧,૦૦૦થી વધુ ઉમેદવારોને નિમણૂક પત્રો અપાયા

અમદાવાદ | ૨૦મા રોજગાર મેળાના ઉપલક્ષમાં આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશભરમાં આયોજિત રોજગાર મેળાના કાર્યક્રમોને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધિત કર્યા. આ મેળાની ૨૦મી આવૃત્તિ અંતર્ગત, દેશભરમાં ૪૫ સ્થળોએ વિવિધ કેન્દ્રીય સરકારી વિભાગો અને સંસ્થાઓ માટે પસંદ કરાયેલા ૫૧,૦૦૦થી વધુ ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.અમદાવાદમાં ૨૦મો રોજગાર મેળો ગુજરાત યુનિવર્સિટીના શ્યામા પ્રસાદ મુખર્જી ઓડિટોરિયમ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે, ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયાએ વિવિધ કેન્દ્રીય સરકારી વિભાગો માટે નવા પસંદ કરાયેલા ઉમેદવારોને નિમણૂક પત્રો સોંપ્યા હતા.આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અમદાવાદના મેયર શ્રી હિતેશ બારોટ, વિવિધ કેન્દ્રીય સરકારી વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ, આવકવેરા વિભાગ અને બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ના અધિકારીઓ તેમજ નવા નિમણૂક પામેલા ઉમેદવારો અને તેમના પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.ઉપસ્થિત જનમેદનીને સંબોધતા કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું હતું કે




ભારતના યુવાનોમાં ઊર્જા, પ્રતિભા, નવીન વિચારસરણી અને નવી પહેલ કરવાની હિંમત રહેલી છે. આ યુવા શક્તિ ભારતને આગળ વધારવામાં અને વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.તેમણે નોંધ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે અને યુવાનો માટે અનેક નવી તકો ઉપલબ્ધ થઈ રહી છે. તેમણે યુવાનોને આહ્વાન કર્યું કે તેઓ તેમની પ્રતિભા અને ક્ષમતાને રાષ્ટ્ર નિર્માણના કાર્ય સાથે જોડે. શ્રીમતી બાંભણિયાએ જણાવ્યું હતું કે આજના યુવાનો માત્ર નોકરી શોધનારા નથી; તેઓ સ્ટાર્ટઅપ્સ સ્થાપી રહ્યા છે, નવી તકનીકો વિકસાવી રહ્યા છે અને નવીનતા દ્વારા ભારતની વૈશ્વિક ઓળખને મજબૂત બનાવી રહ્યા છે.તેમણે નોંધ્યું હતું કે વર્ષ ૨૦૧૪માં દેશમાં આશરે ૫૦૦ સ્ટાર્ટઅપ્સ હતા, જેની સંખ્યા હવે વધીને ૨,૦૦,૦૦૦થી વધુ થઈ ગઈ છે. AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ), રોબોટિક્સ, ડ્રોન, અવકાશ તકનીક અને સેમિકન્ડક્ટર્સ જેવા ઉભરતા ક્ષેત્રો યુવાનો માટે નવી તકોનું સર્જન કરી રહ્યા છે.તેમણે યુવાનોને સતત શીખતા રહેવા, નવી તકનીકો સાથે જોડાવા અને પોતાની કુશળતાને સતત વિકસાવવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'નું લક્ષ્ય હાંસલ કરવામાં યુવાનો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.નવનિયુક્ત ઉમેદવારોને સંબોધતા કેન્દ્રીય રાજ્ય મંત્રીએ ટિપ્પણી કરી હતી કે આજે તેમની પાસે નિમણૂક પત્રો છે, પરંતુ આવતીકાલે તેઓ જવાબદારીઓ સંભાળશે. સરકારી સેવા એ માત્ર નોકરી નથી, પરંતુ જનસેવા અને રાષ્ટ્રસેવાની તક છે.તેમણે અવલોકન કર્યું હતું કે એક યોગ્ય નિર્ણય નાગરિકનું જીવન સરળ બનાવી શકે છે, જ્યારે સંવેદનશીલતા અને પ્રામાણિકતા સરકાર અને જનતા વચ્ચેના વિશ્વાસને મજબૂત બનાવી શકે છે.

# News Brief

## સુશ્રુષા હોસ્પિટલમાં લેબોરેટરી શરૂ કરાવવાના નામે ડોક્ટર સાથે છેતરપિંડી

અમદાવાદ | અમદાવાદના સી.જી. રોડ સ્થિત જાણીતી સુશ્રુષા હોસ્પિટલમાં લેબોરેટરી શરૂ કરાવી મોટો નફો કરાવવાની લાલચ આપી એક પેથોલોજિસ્ટ તબીબ પાસેથી 59 લાખ પડાવી લેવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. 'દવા ફરિસ્તા લિમિટેડ' કંપનીના ભાગીદાર મિલંદ પરમારે હોસ્પિટલ ખરીદી રહ્યા હોવાની ખોટી ખાતરી આપી તબીબ સાથે કરાર કર્યા બાદ રકમ મેળવી લીધી હતી. બાદમાં હોસ્પિટલના મૂળ માલિકો સાથેનો સોદો રદ થતાં લેબોરેટરી બંધ કરાવી દેવાઈ હતી. ઠગાઈનો ભોગ બનેલા તબીબે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સેટેલાઈટ વિસ્તારમાં રહેતા અને વાસણા ખાતે લેબોરેટરી ચલાવતા 50 વર્ષીય ડૉ. તારક શાહ અન્ય હોસ્પિટલોમાં કામગીરી વિસ્તૃત કરવા માંગતા હતા. મે 2025માં તેમના મિત્ર મારફતે સુશ્રુષા હોસ્પિટલનું સંચાલન કરતા મિલંદ પરમાર સાથે તેમની મુલાકાત થઈ હતી. મિલંદે સી.જી. રોડ પર ટેલિફોન એક્સચેન્જની ગલીમાં આવેલી હોસ્પિટલ હાલ પોતે ભાડે ચલાવતા હોવાનું અને ટૂંક સમયમાં સંપૂર્ણપણે ખરીદી લેવાના હોવાનું જણાવ્યું હતું. લેબોરેટરીથી મોટો નફો થશે તેવી લાલચ આપી 3 મે 2025ના રોજ 7 વર્ષ માટે MOU કરાયા હતા, જેમાં 3 વર્ષનો લોક-ઈન પિરિયડ અને 50 લાખની રિફંડેબલ ડિપોઝિટ નક્કી કરાઈ હતી. કરાર મુજબ ડૉ. તારક શાહે 50 લાખના ત્રણ ચેક આપ્યા હતા, જેમાંથી આરોપીએ 34 લાખના બે ચેક વટાવી લીધા હતા. ત્યારબાદ જરૂરિયાત હોવાનું જણાવી વધુ 25 લાખ મેળવી કુલ 59 લાખ પડાવી લીધા હતા. આ દરમિયાન મૂળ હોસ્પિટલ સંચાલકોએ ડૉક્ટરનો સંપર્ક કરી જણાવ્યું હતું કે મિલંદ પરમાર સાથેની હોસ્પિટલ વેચાણની ડીલ કેન્સલ થઈ ગઈ છે. નવેમ્બર 2025માં હોસ્પિટલ સંચાલકોએ લેબોરેટરી પણ બંધ કરાવી દીધી હતી.

## રસ્તા પરથી પસાર થતા લોકોને રોકીને લૂંટતી ટોળકી

### ગીતામંદિર પાસે સગીર સહિત 4 શખસનો બસમાંથી જાગૃત નાગરિકે વીડિયો ઉતાર્યો, ડીસીપીએ કહ્યું-તપાસ ચાલુ

અમદાવાદ | અમદાવાદના ગીતામંદિર પાસે લુખ્ખાતત્વોનો આતંક સામે આવ્યો છે. જેમાં રસ્તા પરથી પસાર થતા મુસાફરો અને લોકોને ચાર જેટલા યુવકો લૂંટી રહ્યા હોવાનો વીડિયો વાઈરલ થયો છે. વીડિયોના આધારે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. ઝોન 6 ડીસીપી ભગીરથસિંહ ગઢવીએ કહ્યું કે, એક વીડિયો ધ્યાને આવ્યો તેમાં કેટલાક લોકો રાહદારીઓને રોકીને ચેક કરી રહ્યા છે. આ અંગે એક યુવકની ઓળખ થઈ છે. તેમજ આ વીડિયો ક્યારનો છે તેની પણ તપાસ ચાલુ છે. ગીતા મંદિર બસ સ્ટેન્ડ ખાતે રોજના લાખો મુસાફરો અવરજવર કરે છે. ત્યારે બસ સ્ટેન્ડ પાસેનો એક વીડિયો વાઈરલ થયો છે. જેમાં એક સગીર સહિત ચાર જેટલા લોકો રસ્તા પરથી પસાર થતા રાહદારી અને મુસાફરોને રોકીને તેમને ડરાવી ધમકાવીને તેમના ખિસ્સા ચેક કરીને સામાન લૂંટી લેતા નજરે આવે છે. આ દરમ્યાન બસમાં સવાર એક જાગૃત નાગરિકે વીડિયો બનાવી વાઈરલ કર્યો હતો. વિડીયો પોલીસને ધ્યાને આવતા ગુનો નોંધવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે

## 'સરકારી બાબુઓને નિવૃતિ બાદ એક્સ્ટેન્શન મળવું જોઈએ નહીં'

સુરત | ગુજરાત અને કેન્દ્ર સરકારમાં અનેક મહત્વના પદ પર અધિકારીઓ નિવૃત થયા બાદ પણ એક્સટેશન બાદ એક્સટેન્શન મેળવી યથાવત રહેતા હોય છે. જેના કારણે જે પદ માટે જે હકદાર હોય છે તે વંચિત રહેતા હોય છે. ત્યારે સુરતમાં રોજગાર મેળામાં હાજરી આપવા આવેલા કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે આ મુદ્દાને લઈ મહત્વની વાત કરી. પાટીલે કહ્યું કે, નોકરીના અંતિમ સમયમમાં અપાતા એક્સ્ટેન્શનનો હું સખત વિરોધી છું. સરકારી નોકરીમાં એક્સટેન્શન આપવાના કારણે નવયુવાનોના હકો છીનવાઈ જાય છે.

સુરતના સરસાણા કન્વેન્શ સેન્ટરમાં આયોજીત રોજગાર મેળામાં કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે હાજરી આપી. કાર્યક્રમમાં યુવાઓને સંબોધતા પાટીલે પોતાના મનની વાત કરતા કહ્યું કે, તેઓ નોકરીના અંતિમ સમયમાં અપાતા એક્સટેન્શનના સખત વિરોધી છે. ઘણીવાર એવો તર્ક આપવામાં આવે છે કે, 30 કે 35 વર્ષના દીર્ઘ અનુભવનો લાભ લેવો જોઈએ, પરંતુ તેનાથી મોટું નુકસાન યુવા પેઢીને ભોગવવું પડે છે. જો કોઈ કર્મચારીને એક્સટેન્શન આપવામાં આવે, તો આજે જે નવો યુવાન નિયુક્તિ પત્ર મેળવી રહ્યો છે તેનો એક વર્ષનો અધિકાર છીનવાઈ જાય. આયુષ્યનો એક દિવસ પણ વધી જવાના કારણે કોઈ લાયક યુવાન સરકારી નોકરી મેળવવાની તક ગુમાવી બેસે છે. અન્ય એક મુદ્દા પર બોલતા પાટીલે કહ્યું કે, સામાન્ય રીતે લોકોના મનમાં સરકારી નોકરી કરનાર કર્મચારીઓ કે અધિકારીઓ પ્રત્યે એક નકારાત્મક છબી ઊભી થતી જતી હોય છે. આ સ્થિતિ પાછળ આપણી કામ કરવાની પદ્ધતિ અને સમયસર નિર્ણયો ન લેવાની માનસિકતા જવાબદાર છે. જ્યારે આપણે કોઈ મહત્ત્વના નિર્ણય લેવામાં અસહાય કે મોડા પડીએ છીએ, ત્યારે સામાન્ય નાગરિકોની જરૂરિયાતો સમયસર પૂરી થતી નથી.

## ગુજરાત પોલીસમાં PSIની 200 નવી જગ્યાઓ મંજૂર

ગુજરાત | ગુજરાત પોલીસમાં ભરતીની તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકારે ગ્રામ્ય સુરક્ષા કવચ યોજના (GSKY) હેઠળ રાજ્યમાં બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI)ની 200 નવી જગ્યાઓ ઊભી કરવાની મંજૂરી આપી છે. ગૃહ વિભાગ દ્વારા આ અંગેનો ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે અને નવી જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયાનો માર્ગ મોકળો થયો છે.

ગૃહ વિભાગના તા. 27 એપ્રિલ, 2026ના મંજૂરી પત્રના આધારે પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી દ્વારા નવી સેવા વર્ષ 2026-27 અંતર્ગત GSKY માટે 200 PSIની જગ્યાઓ ઊભી કરવા દરખાસ્ત કરવામાં આવી હતી. આ દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.

મંજૂર કરવામાં આવેલી તમામ 200 જગ્યાઓ બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની છે. દસ્તાવેજમાં આ જગ્યાઓ માટે 36,600થી 1,16,600નું પગારધોરણ દર્શાવવામાં આવ્યું છે. નવી જગ્યાઓ માટેનો ખર્ચ રાજ્યના બજેટમાં કરવામાં આવેલી જોગવાઈમાંથી કરવામાં આવશે. GSKY અંતર્ગત રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસની હાજરી અને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાના હેતુથી આ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવી છે. દસ્તાવેજ સાથે જોડાયેલા પત્રકમાં વિવિધ જિલ્લાઓના પોલીસ મથકો/વિસ્તારોમાં PSIની નવી જગ્યાઓ ફાળવવાની વિગતો આપવામાં આવી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### હરણી બોટ કાંડને 33 મહિના પૂર્ણ : બાળકોને શ્રદ્ધાંજલિ આપી

# ‘તંત્રના પાપના કારણે અમારા ઘરનો દીવો ઓલવાયો’ પરિવારોનો આક્રંદ

(એજન્સી) વડોદરા I તા. 19

વડોદરા શહેરના હરણી તળાવમાં સર્જાયેલા અત્યંત કરૂણ બોટ કાંડને આજે તેત્રીસ મહિના પૂરા થઈ ચૂક્યા છે, ત્યારે પીડિત પરિવારોને ન્યાય અપાવવા માટે સ્થાનિક સ્તરે અવાજ વધુ તીવ્ર બન્યો છે અને કોંગ્રેસના કાઉન્સિલર આશિષ જોશી દ્વારા પશુપતિનાથ મહાદેવ મંદિરે વિશેષ આરાધના કરીને આ દુર્ઘટનામાં પોતાના પ્રાણ ગુમાવનાર નિર્દોષ બાળકોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી, જ્યાં હાજર રહેલા તમામ લોકોની આંખો ભીની થઈ ગઈ હતી અને તંત્રની લાપરવાહી સામે ભારે રોષ જોવા મળ્યો હતો.



આ ગંભીર અને હૃદયદ્રાવક ઘટનાની વિગતો અનુસાર, અઢારમી જાન્યુઆરી, 2024ના રોજ વડોદરાના હરણી તળાવમાં બનેલી આ ગોઝારી દુર્ઘટનામાં પ્રવાસે ગયેલા બાર માસૂમ વિદ્યાર્થીઓ અને બે શિક્ષકોએ પાણીમાં ડૂબીને પોતાના જીવ ગુમાવ્યા હતા. તેત્રીસ મહિનાનો લાંબો સમય વીતી જવા છતાં પણ પીડિત પરિવારોને હજુ સુધી ન્યાય મળ્યો નથી, જેના કારણે પરિવારોમાં ભારે આક્રંદ જોવા મળી રહ્યો છે. એક પીડિત પરિવારે મીડિયા અહેવાલ સમક્ષ દુઃખ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે તંત્રના પાપ અને ભારે ભ્રષ્ટાચારના કારણે તેમના ઘરના દીવા હંમેશ માટે ઓલવાઈ ગયા છે, પરંતુ આજદિન સુધી સરકારી તંત્ર દ્વારા કોઈ સંતોષકારક પગલાં લેવામાં આવ્યા નથી અને માત્ર પોકળ આશ્વાસનો જ મળી રહ્યા છે.

આજની આ શ્રદ્ધાંજલિ સભા દરમિયાન વોર્ડ નંબર પંદરના કોંગ્રેસ કાઉન્સિલર આશિષ જોશીએ જણાવ્યું હતું કે દુઃખી માતાઓ અને પરિવારો આજે પણ ન્યાય મેળવવા માટે દરવાજે દરવાજે ભટકી રહ્યા છે, અને નાગરિકોએ પણ આ ન્યાયની લડતમાં આગળ આવીને સહયોગ આપવો જોઈએ. આ પ્રસંગે એવી પણ ઉગ્ર માંગણી કરવામાં આવી છે કે શહેરના નાગરિકો પોતાના ઘરે દરરોજ એક દીપ પ્રગટાવીને આ નિર્દોષ બાળકોને યાદ કરે અને પીડિત પરિવારોને ન્યાય મળે તે માટે સરકાર સમક્ષ મજબૂત અવાજ ઉઠાવે.

આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક સ્તરે સુરક્ષાના દાવાઓ છતાં પણ પ્રવાસી સ્થળો પર થતી આવી બેદરકારીઓ માસૂમ બાળકોના ભોગ લેતી રહી છે, અને હરણી બોટ કાંડ તેનો સૌથી કાળો અધ્યાય સાબિત થયો છે. પીડિત પરિવારોએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે જ્યાં સુધી દોષિતો સામે કડક કાનૂની કાર્યવાહી નહીં થાય અને ન્યાય નહીં મળે ત્યાં સુધી તેમની આ લડત કોઈપણ સંજોગોમાં અટકશે નહીં. વડોદરાના જાગૃત નાગરિકો અને સંગઠનો પણ હવે આ પરિવારની વહારે આવી રહ્યા છે, જેથી તંત્ર પર દબાણ વધારીને પીડિતોને વહેલી તકે ન્યાય અપાવી શકાય.

એક પીડિત પરિવારે જણાવ્યું હતું કે, “બાળક ગુમાવ્યાને 33 મહિના થઈ ગયા છે. તંત્રના પાપના કારણે અમારા ઘરનો દીવો ઓલવી નાખવામાં આવ્યો છે. અત્યાર સુધી તંત્ર દ્વારા બાળકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી નથી. માત્ર આશ્વાસનો જ મળી રહ્યા છે, પરંતુ જ્યાં સુધી બાળકોને ન્યાય નહીં મળે ત્યાં સુધી અમે લડત અધૂરી મૂકીશું નહીં.” પરિવાર દ્વારા ભ્રષ્ટાચારના કારણે બાળકો ગુમાવ્યા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો.

## ગાજરાવાડી રોડના ખાડાથી જનતા પરેશાન, વડોદરાના માર્ગો પર વ્યાપક રોષ



વડોદરા | ગુજરાતના જાણીતા સાંસ્કૃતિક નગર ગણાતા વડોદરા શહેરના વોર્ડ નંબર ચૌદ અને સોળના સીમાંકન વચ્ચે આવેલા ગાજરાવાડી પાણીની ટાંકી રોડ પર છેલ્લા કેટલાક સમયથી ભારે ખાડા-ટેકરા અને બિસ્માર પરિસ્થિતિ સર્જાઈ છે, જ્યાં વિહાર ટોકીઝથી ગણપતિ મંદિર સુધીના અડધા કિલોમીટરના પટ્ટા પર માર્ગની ખરાબ હાલતને કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે ગંભીર મુશ્કેલીઓ ઊભી થઈ છે અને સ્થાનિક પ્રશાસનની ઘોર નિષ્ક્રિયતા સામે શહેરીજનોમાં ભારે રોષની લાગણી ફેલાઈ ગઈ છે. આ ગંભીર અને જોખમી સમસ્યાની વિગતો અનુસાર, પૂર્વ વિસ્તારને શહેરના મધ્ય ભાગ સાથે જોડતો આ મુખ્ય માર્ગ બારેમાસ ધમધમતો રહે છે અને અહીં ચોવીસ કલાક વાહનોની અવરજવર ચાલુ રહે છે. માર્ગની આ જર્જરિત સ્થિતિ અંગે સ્થાનિક રહેવાસીઓ અને નાગરિકો દ્વારા અગાઉ અનેક વખત લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, તંત્ર દ્વારા કાયમી ધોરણે રસ્તાનું નિર્માણ કરવાના બદલે માત્ર ઉપરછેલ્લું પેચવર્ક જ કરવામાં આવે છે, જેના કારણે થોડા જ દિવસોમાં માર્ગ વધુ ઉબડખાબડ બની જાય છે.

### લુણાવાડા એસટી ડેપોના સ્થાનિક સત્તાધીશો તથા ગોધરા એસટી ડિવિઝનના ઉચ્ચ પદાધિકારીઓની સેવાતી ઘોર ઉદાસીનતાના કારણે......

# લુણાવાડા બસ સ્ટેશનમાં ખાડાઓથી અકસ્માતનો ભય

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના વડા મથક લુણાવાડા એસટી સ્ટેન્ડમાં છેલ્લા કેટલાય સમય થી પડેલા જોખમી ખાડાઓ અકસ્માતને નિમંત્રણ આપી રહ્યા છે.. મહીસાગર જિલ્લાના વડા મથક લુણાવાડા એસટી સ્ટેન્ડમાં છેલ્લા કેટલાય સમયથી મસ મોટા તોતિંગ ખાડાઓ દ્રષ્ટિગોચર થઈ રહ્યા છે તેમ છતાં પણ લુણાવાડા એસટી ડેપોના સત્તાધીશો અને ગોધરા એસટી ડિવિઝનના ઉચ્ચ પદાધિકારીઓના પેટનું પાણી પણ હાલતું હોય તેવું જણાતું નથી જેના કારણે દિવસભર અસંખ્ય મુસાફરોને આ જોખમી ખાડાઓમાંથી પસાર થવું પડી રહ્યું છે. દિવસભર અસંખ્ય એસટી બસોની અવરજવર આ એસટી સ્ટેન્ડ ની અંદરથી થતી હોય છે . એસટી બસોની અવરજવરથી લુણાવાડાનુ એસટી સ્ટેન્ડ સતત ધમધમ તું રહેવા પામતું હોય છે, જ્યારે બીજી બાજુ મહીસાગર જિલ્લાના વિવિધ ગ્રામીણ વિસ્તારોની મુસાફર જનતા પણ પોતાના નાના-મોટા કામો માટે એસટી બસો મારફતે લુણાવાડા ખાતે અવર-જવર કરતી હોય છે ત્યારે લુણાવાડાના એસટી સ્ટેન્ડમાં છેલ્લા કેટલાય સમયથી સ્ટેન્ડની બિલકુલ મધ્યમાં જ મસમોટા તો તોતિંગ અને જોખમી ખાડાઓ જાણે કે કોઈ મોટી દુર્ઘટના કે અકસ્માતને નિમંત્રણ આપતા હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે ત્યારે આ જોખમી ખાડાઓમાંથી દિવસભર અસંખ્ય એસટી બસો, ખાનગી નાના મોટા વાહનો ધડાકાભેર ખાડાની અંદર ટકરાઈને પસાર થતાં જોવા મળી રહ્યા છે જ્યારે બીજી બાજુ આ એસટી સ્ટેન્ડના મધ્યમાં પડેલા જોખમી ખાડાઓમાંથી પસાર થતી એસટી બસોનો બોનેટનો આગળનો ભાગ પણ ઘણીવાર




ખાડામાં પડવાથી જમીન સાથે ટકરાતો હોવાના દ્રશ્યો પણ જોવા મળતા હોય છે. વાહનો માટે તેમજ મુસાફર જનતા માટે એસ ટી સ્ટેન્ડ માં પડેલ આ જોખમી ખાડાઓ બાબતે લુણાવાડા એસટી ડેપોના સત્તાધીશો જાણે કે બિલકુલ અજાણ હોય તેમ આંખ આડા કાન કરીને મીઠી નીંદર માણી રહ્યા હોવાનું દેખાઈ રહ્યું છે . ‘સમાચારો પ્રસારિત થતા લુણાવાડા એસટી ડેપોના સત્તાધીશો દ્વારા એવા પણ જવાબ આપવામાં આવતા હોય છે કે ‘અમારી જાણમાં છે કે તમારી પાસે અમારા ઉચ્ચ અધિકારીઓના નંબરો છે‘ તો તમે તેમને પણ આ ખાડાઓ બાબતે રજૂઆત કરી શકો છો‘ત્યારે જો મુસાફર જનતા આ ખાડાઓને પુરાવાની જવાબદારી


બસનો આગળનો ભાગ ખાડામાં જમીન લેવલને અડકી ગયેલ જોવા મળેછે

લેતી હોય તો એસટી ડેપોના વહીવટ ની અંદર સત્તાધીશોને શા માટે બેસાડવા પડતા હોય ? તેવો પ્રશ્ન પણ મુસાફર જનતા એસ.ટી ડેપોના સત્તાધીશોને પૂછી રહી છે. વરસાદ ચાલુ હોય ત્યારે આ તોતિંગ ખાડાઓમાં પાણી ભરાઈ જતું હોવાથી વયોવૃદ્ધ કે નાના ભૂલકાઓને આવા જોખમી ખાડાઓનો અંદાજ આવી શકતો નથી જેના કારણે આવા જોખમી ખાડાઓમાં પડી જવાથી પડવા વાગવાનો ભય સતત સતાવી રહ્યો છે જ્યારે બીજી બાજુ આવા જોખમી ખાડાઓમાંથી એસટી બસો પસાર થતી હોવાથી એસટી બસોને પણ નુકસાન થવાની દહેશત સેવાઈ રહેવા પામી રહી છે. ગોધરા ડિવિઝન કચેરીના ડિવિઝનલ કંટ્રોલર શ્રી પણ ઘણી વખત લુણાવાડા એસટી સ્ટેન્ડની મુલાકાત લેતા હોય છે ત્યારે શું તેમને આ લુણાવાડા એસટી સ્ટેન્ડની મધ્યમાં પડેલા જોખમી ખાડાઓ દ્રષ્ટીગોચર નહીં થતા હોય ? કે પછી આ ગંભીર લેખાતી બાબતે આ આ ઉચ્ચ સત્તાધિકારીઓ પણ આંખ આડા કાન કરી રહ્યા છે કે શું ? કે પછી આ જોખમી ખાડાઓથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેની રાહ જોઈને બેઠા છે કે શું ? તેવી અનેક ચર્ચાઓ મુસાફર જનતામાંથી સાંભળવા મળી રહી છે. લુણાવાડા એસટી ડેપોમાં મુસાફર જનતા આવી સમસ્યાઓની રજૂઆત કરવા જાય તો પણ કોની પાસે જાય ? મુસાફર જનતાની સમસ્યાઓને સાંભળીને તેનો યોગ્ય નિકાલ કરવા માટે લુણાવાડા એસટી ડેપોના સત્તાધીશો લગભગ નિષ્ફળ જવા પામી રહ્યા છે જેના કારણે મુસાફર જનતાને પણ ભારે હાલાકી બેઠવી પડી રહેલી જણાય છે ત્યારે યુદ્ધના ધોરણે લુણાવાડા એસટી ડેપોમાં પડેલા આ જોખમી અને મસમોટા તોતિંગ ખાડાઓની મરામત વ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવે તેવી મુસાફર જનતાની ઉગ્ર માગણી જોવા મળી રહી છે... ‘ ઘોડા છૂટી ગયા બાદ તબેલાને તાળા મારવા ‘જેવો ઘાટ સર્જાય તો તેનો કોઈ અર્થ રહેવા પામશે નહીં.

## વડોદરા આરટીઓ ટ્રેક પર સ્લોટની જટિલ સમસ્યા, ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવામાં અરજદારો પરેશાન



વડોદરા | ગુજરાતના જાણીતા ઔદ્યોગિક નગર ગણાતા વડોદરા શહેરના દરજીપુરા ખાતે આવેલા વાહન વ્યવહાર કચેરીમાં આધુનિક ટેકનોલોજી આધારિત પ્રક્રિયા શરૂ થયા બાદ ડ્રાઈવિંગ ટેસ્ટની સમગ્ર વ્યવસ્થામાં પારદર્શિતા તો ચોક્કસપણે આવી છે, પરંતુ તેની સાથેસાથે નવા અને જૂના અરજદારો વચ્ચે ઓનલાઈન સ્લોટ મેળવવા માટે ભારે ખેંચતાણ અને મુશ્કેલીઓ સર્જાઈ હોવાની ગંભીર બાબતો સામે આવી છે, જેના કારણે લાયસન્સ મેળવવા માગતા નાગરિકોમાં વહીવટી તંત્ર સામે રોષ અને ચિંતા જોવા મળી રહ્યા છે. આ ગંભીર સમસ્યાની વિગતો અનુસાર, દરજીપુરા ખાતે કાર્યરત થયેલા આધુનિક ટેસ્ટ ટ્રેક પર ફોર વ્હીલર વાહનોના પરીક્ષણ દરમિયાન નાપાસ થવાનું પ્રમાણ અપેક્ષા કરતા ઘણું વધારે જોવા મળ્યું છે, જેના કારણે રીપીટ ટેસ્ટ આપનારા અરજદારોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. કચેરી દ્વારા દૈનિક ધોરણે નિશ્ચિત મર્યાદિત સ્લોટ ખોલવામાં આવે છે, પરંતુ અગાઉના ટેસ્ટમાં નાપાસ થયેલા ઉમેદવારો ફરીથી પરીક્ષા આપવા માટે લાઈનમા ઊભા રહેતા હોવાથી નવા અરજદારો માટે એપોઈન્ટમેન્ટ બુક કરાવવી અત્યંત મુશ્કેલ બની ગઈ છે.

### અટલાદરા પોલીસે શઠ શખ્સને ઝડપી પાડ્યો

# પરિણીતાસાથેછેતરપિંડી કરનાર ઝડપાયો

(એજન્સી) વડોદરા I તા. 19

ગુજરાતના સાંસ્કૃતિક નગર તરીકે નામના મેળવનાર વડોદરા શહેરના અટલાદરા પોલીસ મથકની હદમાં એક અત્યંત સંવેદનશીલ અને ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે, જ્યાં અટલાદરા પોલીસ સ્ટેશનની સતર્ક ટીમ દ્વારા ટેક્નોલોજીના સચોટ ઉપયોગ અને બાતમીદારોના આધારે સુરત એરપોર્ટ પરથી એક એવા ભેજાબાજ શખ્સને દબોચી લેવામાં આવ્યો છે જેણે ધાર્મિક નગરી ઉજ્જૈન ખાતે એક અસહાય પરિણીતાનો ભોળો સ્વભાવ જોઈને તેને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી અને લગ્નનું મિથ વચન આપીને શારીરિક શોષણ આચરવા ઉપરાંત તેની પાસેથી લાખો રૂપિયાની કિંમતના દાગીના અને રોકડ રકમ પડાવી લીધી હતી.

આ ગંભીર ગુનાની પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાના અટલાદરા વિસ્તારમાં રહેતી અને અગાઉના પારિવારિકજીવનમાં ડિવોર્સ મેળવી ચૂકેલી એક પીડિત પરિણીતા પોતાના મિત્રો સાથે ધાર્મિક દર્શનાર્થે ઉજ્જૈન ગઈ હતી, જ્યાં તેની મુલાકાત રાજકોટના ગોંડલ તાલુકાના માં સોમનાથ સોસાયટી વિસ્તારમાં રહેતા ગૌરાંગ નિલેશભાઈ જોષી નામના શખ્સ સાથે થઈ હતી. આ મુલાકાત ધીમે ધીમે ગાઢ પરિચયમાં પરિણમી હતી અને આરોપીએ મહિલાના પ્રથમ લગ્ન તૂટ્યા હોવાની નબળાઈનો લાભ લઈને તેની સાથે મીઠી મીઠી વાતો કરી શારીરિક સંબંધો બાંધ્યા હતા.

### ખાર્દુંગલા ચેલેન્જ રેસમાં વડોદરાનો ડંકો વાગ્યો, લદ્દાખની અતિ કઠિન દોડમાં છ ખેલાડીઓ સફળ

# વડોદરાના છ દોડવીરોએ લદ્દાખ રેસ જીતી લીધી

(એજન્સી) વડોદરા I તા. 19

ભારતની સૌથી પડકારજનક અને અતિ કઠિન ગણાતી લદ્દાખની ખાર્દુંગલા ચેલેન્જ રેસમાં વડોદરા શહેરના છ તેજસ્વી દોડવીરોએ પોતાની અદભુત મનોબળ અને શારીરિક ક્ષમતાના બળે સફતાપૂર્વક અંતર કાપીને ઈતિહાસ રચ્યો છે, જ્યાં આ અઘરી સ્પર્ધામાં ભાગ લઈને ખેલાડીઓએ ચૌદ કલાકની અંદર બત્તેર કિલોમીટરનું લાંબુ અંતર કાપીને દેશભરમાં વડોદરાનું નામ રોશન કર્યું છે અને આ સિદ્ધિથી સમગ્ર રાજ્યમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે.




આ રોમાંચક રેસની વિગતો અનુસાર, લદ્દાખના ખાર્દુંગ ગામથી આ ભગીરથ દોડની શરૂઆત થાય છે, જે દરિયાની સપાટીથી અંદાજે તેર હજાર ફૂટની ઊંચાઈએ આવેલું છે અને આ અનોખા રૂટની ઊંચાઈ મહત્તમ સત્તર હજાર પાંચસો ફૂટ સુધી પહોંચીને લેહ તરફ ઉતરાણ કરે છે. સામાન્ય લોકો માટે જ્યાં પાતળી હવા અને ઓક્સિજનની અછતના કારણે માત્ર ફરવા જતી વખતે પણ સિલિન્ડરનો સહારો લેવો પડે છે, ત્યાં આ મહાસંગ્રામમાં દેશભરમાંથી માત્ર ત્રણસો જ એથ્લેટ્સને ભાગ લેવાની તક મળે છે, અને આ વર્ષે અગિયારમી સપ્ટેમ્બરે યોજાયેલી આ સ્પર્ધામાં માત્ર અડધા જ સ્પર્ધકો તેને પૂરી કરી શક્યા હતા, જેમાં વડોદરાના તમામ છ એથ્લેટ્સ વિજયી બનીને બહાર આવ્યા છે.

આ કઠોર પ્રતિયોગિતામાં વડોદરાના તેજસ્વી ખેલાડીઓએ કમાલનું પ્રદર્શન કર્યું છે, જેમાં રાજેન્દ્ર પાજીએ પંચાવનથી વધુ વયની કેટેગરીમાં દસ કલાક અને વીસ મિનિટનો સમય લઈને ફર્સ્ટ રનર અપનો ગૌરવવંતો ખિતાબ પોતાના નામે કર્યો છે. આ ઉપરાંત અન્ય ખેલાડીઓમાં અજય કુમાર સિંહે નવ કલાક અને અઠ્ઠાવીસ મિનિટમાં, પ્રજ્ઞેશ પટેલે અ4 કલાક અને સત્તર મિનિટમાં, રવિન્દ્ર સાહુએ બાર કલાક અને ઓગણચાસ મિનિટમાં, તથા પૂજા ગાયકવાડ અને સની દાદેએ તેર કલાક અને તિસ્તાલીસ મિનિટનો સમય લઈને આ અતિ આકરી રેસ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી અને પોતાની દ્રઢ ઈચ્છાશક્તિનો પરિચય આપ્યો હતો. દેશના આ યુવા ખેલાડીઓએ સાબિત કરી દીધું છે કે જો મનમાં પાક્કો ઈરાદો હોય તો ગમે તેવી ઊંચાઈ અને મુશ્કેલ પરિસ્થિતિઓને પણ પાર કરી શકાય છે. આ તમામ દોડવીરોની આ ઐતિહાસિક સફળતાથી સ્થાનિક રમતપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવાની તૈયારીઓ ચાલી રહી છે. આ પ્રકારની સિદ્ધિઓ આવનારી યુવા પેઢીને રમતગમત પ્રત્યે વધુ આકર્ષિત કરશે અને દેશના અન્ય ખેલાડીઓ માટે પણ પ્રેરણારૂપ સાબિત થશે, જેથી ભવિષ્યમાં પણ આપણા શહેરમાંથી આવા અનેક તેજસ્વી સિતારાઓ વૈશ્વિક મંચ પર ચમકતા રહેશે.

### વડોદરામાં ગેસ લિકેજ થવાથી મોટી જાનહાનિ થઈ

# GSFC કંપની દુર્ઘટનામાં કર્મચારીનું મોત થયું

(એજન્સી) વડોદરા I તા. 19

ગુજરાત ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ કંપનીના યુરિયા પ્લાન્ટની અંદર આવેલી વિશાળ ટેન્કમાં જીવલેણ કાર્બન ડાયોક્સાઈડ ગેસનું ગંભીર લિકેજ થવાના કારણે સર્જાયેલી દુર્ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલા એક યુવા કર્મચારીનું સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું છે, જેના કારણે મૃતકના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે અને સ્થાનિક પોલીસ દ્વારા આ મામલે કાયદેસરની સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

આ ગંભીર બનાવની વિગતો અનુસાર, ગત સાતમી તારીખના રોજ વડોદરા સ્થિત આ જાણીતી કંપનીના યુરિયા પ્લાન્ટમાં આવેલી ટેન્ક અને પાઈપલાઈનમાં મેન્ટેનન્સ અને રિપેરિંગની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન ગેસ લિકેજ થવાના કારણે સર્જાયેલી જોખમી સ્થિતિને નિયંત્રિત કરવા માટે કોયલી ગામના લીમડીવાળા ફળિયામાં રહેતા અઠ્ઠાવીસ વર્ષીય યુવા કર્મચારી કેયૂર બિપીનભાઈ પરમાર ટેન્કની અંદર ઉતર્યા હતા. પરંતુ, અંદર પ્રવેશી રહેલા ઝેરી ગેસની તીવ્ર અસરના કારણે તેઓ તરત જ બેભાન થઈ ગયા હતા. તેમને બચાવવા માટે તાત્કાલિક ધોરણે અંદર ઉતરેલા સુપરવાઈઝર ઘનશ્યામભાઈ ચીમનભાઈ ગોહિલનું ઘટનાસ્થળે જ દુખદ અવસાન થયું હતું, જ્યારે ગંભીર હાલતમાં રહેલા કેયૂર પરમારને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

મીડિયા અહેવાલ મુજબ, છેલ્લા દસ દિવસ કરતાં વધુ સમયથી હોસ્પિટલના સ્પેશિયલ વોર્ડમાં જિંદગી અને મોત વચ્ચે જંગ લડી રહેલા યુવા કર્મચારી કેયૂર પરમારની તબિયતમાં કોઈ સુધારો ન થતાં સારવાર દરમિયાન ગઈકાલે સાંજે તેમનું પણ કરૂણ નિધન થયું છે.

### મિત્ર દંપતીએ સોનાના બિસ્કિટ અને રોકડ પડાવ્યા

# બિશ્વાસઘાતી મિત્ર દંપતીએ આચરી લાખોની છેતરપિંડી

(એજન્સી) વડોદરા I તા. 19

ગુજરાતના જાણીતા સાંસ્કૃતિક નગર ગણાતા વડોદરા શહેરના બીલ કેનાલ રોડ વિસ્તારમાં રહેતી એક મહિલા સાથે તેના જ જૂના પરિચિત મિત્ર દંપતી દ્વારા વિશ્વાસઘાત આચરીને આશરે સાત લાખ રૂપિયાની મત્તા હડપ કરી લેવાની અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં પીડિત મહિલાએ પોતાના ઘરમાં આશરો આપનાર મિત્ર અને તેની પત્ની સામે અટલાદરા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર રીતે ગુનો નોંધાવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે અને કાયદાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

આ ગંભીર છેતરપિંડીના બનાવની વિગતો અનુસાર, વડોદરાના બીલ કેનાલ રોડ પર આવેલા ‘ધ પ્લેનેટ-1’ એપાર્ટમેન્ટમાં પોતાના પાંચ વર્ષના પુત્ર સાથે અલગ રહેતી અને દંતેશ્વરની એક એન્જિનિયરિંગ કંપનીમાં એચ.આર. એડમિન તરીકે નોકરી કરતી પૂનમબેન શાહ સાથે આ બનાવ બન્યો છે. ફરિયાદી મહિલાના જીવનમાં પારિવારિક




અણબનાવ અને મુશ્કેલીઓ ચાલી રહી હતી તે દરમિયાન તેમના પંદર વર્ષ જૂના પરિચિત અતુલકુમાર પાટીલ અને તેની પત્ની સપના પાટીલ પણ પારિવારિક કારણોસર મુશ્કેલીમાં હોવાથી મહિલાએ માનવતા દાખવીને તેમને પોતાના ઘરે આશરો આપ્યો હતો, જેથી નોકરી પર જતી વખતે નાના પુત્રની સંભાળ પણ સારી રીતે રાખી શકાય. પરંતુ આ દંપતીએ મિત્રતાના સંબંધોને ધોઈ નાખીને મહિલા સાથે ભયંકર વિશ્વાસઘાત આચર્યો હતો અને સોલાર પેનલના ધંધાના બહાને તથા ઘરના દાગીના સાચવવાના સ્વરૂપમાં મોટો દગો કર્યો હતો.

### મારવાડી યુનિવર્સિટીમાં આંધ્રની વિદ્યાર્થિનીનો આપઘાત

# રાજકોટ યુનિવર્સિટીમાં વિદ્યાર્થિનીએ કર્યો આપઘાત

(એજન્સી) રાજકોટ I તા. 19

ગુજરાતના શિક્ષણ જગતને હચમચાવી નાખતી એક અત્યંત કરૂણ ઘટના સામે આવી છે, જેમાં રાજકોટ શહેરની જાણીતી મારવાડી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી આંધ્રપ્રદેશની એક ઓગણીસ વર્ષીય યુવતીએ યુનિવર્સિટીના દસમા માળેથી નીચે ઝંપલાવીને પોતાની જીવનલીલા સંકેલી લીધી છે અને આ અણધારી દુર્ઘટનાથી સમગ્ર સંકુલમાં શોકનું મોજુ ફરી વળ્યું છે તેમજ પોલીસ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

મૂળ આંધ્રપ્રદેશની વતની અને અહીં મારવાડી યુનિવર્સિટીમાં કમ્પ્યુટર એન્જિનિયરિંગ અંતર્ગત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત અભ્યાસક્રમમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતી અલ્લા વ્યંકટેશ સૌબર્નિકા નામની આ યુવતીએ સવારના બરાબર દસ વાગ્યાના સુમારે યુનિવર્સિટીની ઈમારતના દસમા માળેથી નીચે છલાંગ લગાવી હતી, જેના કારણે તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું કરૂણ મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ થતાં જ સ્થાનિક કુવાડવા પોલીસ મથકનો કાફલો ત્વરિત ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો હતો, જ્યારે મૃતકના પરિવારજનોને આ દુઃખદ સમાચાર તુરંત જ ટેલિફોનિક માધ્યમથી પહોંચાડવામાં આવ્યા હતા. યુવતીએ આટલું આત્મઘાતી અને આત્યંતિક પગલું શા માટે ભર્યું તે અંગેનું ચોક્કસ કારણ હજુ સુધી અકબંધ છે અને પોલીસ દ્વારા તેના રૂમમેટસ, મિત્રો તેમજ સહાધ્યાયીઓની પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે જેથી માનસિક તણાવ કે અન્ય કોઈ અંગત કારણોની સત્યતા બહાર આવી શકે. યુનિવર્સિટી જેવા શૈક્ષણિક પરિસરમાં બનેલી આ ઘટનાથી વિદ્યાર્થીઓમાં પણ ભારે ગભરાટ અને દુઃખની લાગણી ફેલાઈ ગઈ છે, અને પ્રશાસન પણ આ મામલે આંતરિક સ્તરે તપાસ કરી રહ્યું છે કે યુવતી છેલ્લા કેટલાક દિવસોથી કેવા પ્રકારની માનસિક સ્થિતિમાંથી પસાર થઈ રહી હતી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારા મિત્રો તથા પરિવારના સભ્યો સાથે એક સાંજનું આયોજન કરો.

**વૃષભ : બ. વ. ઉ.**

એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી .

**મિથુન : ક. છ. ઘ.**

નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. તમારૂ ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે.

**કર્ક : ડ. હ.**

સ્વાસ્થ્ય સારૂ રહેશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવી પડશે તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ.

**સિંહ : મ. ટ.**

સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ.

**કન્યા : પ. ઠ. ણ.**

કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે। તમારા સંતાનો માટે યોજનાઓ ઘડવા માટે અદભુત દિવસ.

**તુલા : ર. ત.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટેન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટેન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે.

**મકર : ખ. જ.**

તમારૂ સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

સાંજે થોડીક હળવાશ માણો. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારી સમયસરની મદદ કોઈકનું જીવન બચાવશે. આ સમાચાર તમારા પરિવારના સભ્યોને ગર્વ કરાવશે તથા તેમને પ્રેરણા આપશે.

પ્રથમવાર શાળા કોલેજોમાં નાટક નો માહોલ સર્જાશે

# નર્મદા જિલ્લાની શાળા-કોલેજોમાં નાટ્ય સ્પર્ધા યોજાશે

રાજપીપલા : રાજ્યમાં કલાને પ્રોત્સાહન મળે તથા કલા પ્રેમી બાળ કલાકારોને તેઓની કલા રજુ કરવાની તક મળી રહે તથા કલાકારને ભવિષ્યમાં આગવી ઓળખ મળી રહે તે હેતુથી ગુજરાતના તમામ સંસદીય મત વિસ્તારોમાં "કલા મહોત્સવ"નું આયોજન કરવામાં આવનાર છે.

પ્રાપ્ત માહિતી મુજબ ટીવી અને થિયેટર ને કારણે હવે રંગમંચ પ્રવૃત્તિ નિષ્ક્રિય થઈ રહી છે ત્યારે આગામી દિવસો માં જિલ્લા ની શાળા કોલેજો માં નાટ્ય સ્પર્ધા યોજાશે જેમાં સંસદીય ક્ષેત્રમાં સામેલ તમામ કોલેજોમાં નાટકની સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે. તેમજ વિધાનસભા ક્ષેત્રમાં તમામ માધ્ય./ઉચ્ચ. માધ્ય. શાળાઓમાં નાટકની સ્પર્ધાઓનુ આયોજન હાથ ધરાશે આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગુજરાત રાજ્યની માધ્ય. તથા ઉચ્ચ. માધ્ય. શાળાઓ તથા કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા નાટક રજુ કરીને સમાજમાં વ્યાપક સામાજીક જાગૃત્તિ ફેલાવવી તેમજ બાળકોમાં નાટ્યકલા, સંવાદ કૌશલ્ય અને અભિવ્યક્તિ ક્ષમતાનો વિકાસ કરવો.

નર્મદા જિલ્લામાં પણ તમામ કોલેજો તથા માધ્ય. તેમજ ઉચ્ચ. માધ્ય. શાળાઓમાં આગામી તારીખ : ૧૭/૦૯/૨૦૨૬ થી ૦૨/૧૦/૨૦૨૬ દરમ્યાન આ નાટકના પાત્રોમાં જે તે કોલેજ તેમજ જે તે માધ્ય./ઉચ્ચ.માધ્ય. શાળાઓના વિદ્યાર્થીઓ જ હોવા જોઈએ. તેમજ નાટક શાળા તથા કોલેજના કેમ્પસમાં એવા સમયે યોજવું જેમાં વાલીઓ તથા સ્થાનીક લોકો વધુને વધુ તેને નિહાળી શકે તથા સંપૂર્ણ નાટકનુ સ્પષ્ટ HD વિડીયો રેકોર્ડીંગ કરવુ. ઓડીયો તથા વિડીયો ક્વોલીટી ઉત્તમ હોવી આવશ્યક છે.

કોલેજના વિદ્યાર્થીઓ નર્મદા જિલ્લાના સંસદીય ક્ષેત્રમાં ભાગ લેશે તથા માધ્ય./ઉચ્ચ. માધ્ય. શાળાઓના વિદ્યાર્થીઓ વિધાનસભા ક્ષેત્ર માંથી આ કૃતિમાં ભાગ લેશે. સામેલ લીંક પર રજીસ્ટ્રેશન કરી પોતાની કૃતિને Google Drive પર અપલોડ કરશે તેમજ Google Drive તે રજીસ્ટ્રેશન લીંક પર અપલોડ કરવાની રહેશે. Google Drive લિંકમાં "Anyone with link can view" માં રાખવી જેથી નિર્ણાયક દ્વારા મુલ્યાંકન થઈ શકે. Google Form સબમીશન https://forms.gle/HhCdguPcnLdoqkUe8 લિંક પર કરવું. જેમાં આપેલી તમામ વિગતો ફરજિયાત ભરવી તેમજ Google Drive પણ આ ફોર્મમાં અપલોડ કરવાની રહેશે. નિર્ણાયકશ્રી દ્વારા મુલ્યાંકન કરી પ્રત્યેક વિધાનસભા ક્ષેત્ર આધારીત આઠ પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે. જેમાં પ્રથમ ક્રમાંક મેળવનાર શાળાને રૂ.૫૧૦૦૦/-, દ્વિતિય ક્રમાંકને રૂ. ૩૧૦૦૦/- તથા તૃત્તિય ક્રમાંકને રૂ. ૨૧૦૦૦/-નુ પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે. તેમજ અન્ય ૪ થી ૮માં ક્રમ પર આવેલી શાળાઓને રૂ.૧૧૦૦૦/-નુ પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે. તો આ કલા મહોત્સવની નાટકની સ્પર્ધામાં પ્રત્યેક શાળાઓ ભાગ લે તેમજ ઉપર જણાવેલ લીંકમાં સમગ્ર વિગત અપલોડ કરી રજીસ્ટ્રેશન કરશે. નાટકની સ્ક્રિપ્ટ આ સાથે લીંકમાં સામેલ છે તે મુજબ જ ૨૫ થી ૩૦ મિનિટનુ નાટક તમામ શાળાઓએ કરવાનું રહેશે. વધુ માહિતી માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, નો સંપર્ક કરવાનો રહેશે.

## સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધારાસભ્ય દ્વારા મધ્યાહન ભોજન યોજનાનો શુભારંભ




| દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકા સ્થિત સરકારી માધ્યમિક શાળા ભે ખાતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે મધ્યાહન ભોજન યોજનાનો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ સ્થાનિક ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોરની ઉપસ્થિતિમાં યોજાયો હતો.કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યશ્રીએ વિદ્યાર્થીઓને પોતાના હસ્તે પૌષ્ટિક અને ગરમ ભોજન પીરસીને યોજના ખુલ્લી મૂકી હતી. આ પ્રસંગે ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને સંબોધતા ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે, "સરકારના આ મહત્વકાંક્ષી નિર્ણયથી ગ્રામીણ અને આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને પોષણ સ્તરમાં સુધારો થશે, જેથી તેઓ એકાગ્રતાથી શિક્ષણ મેળવી શકશે."આ શુભારંભ પ્રસંગે શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ, સ્થાનિક અગ્રણીઓ, તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દાયકાનો રેકોર્ડબ્રેક

## જામજોધપુરના ધોરીયા નેસમાં દારૂના જંગી જથ્થા પર પોલીસનો દરોડો : રૂ.44.40 લાખનો મુદ્દામાલ કબજે

જામજોધપુર : જામજોધપુર તાલુકાના ધોરીયા નેસ સીમ વિસ્તારમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના જંગી જથ્થા સાથે કુલ રૂ.44.40 લાખનો મુદ્દામાલ જામજોધપુર પોલીસે કબજે કરી ગણનાપાત્ર પ્રોહિબિશન કેસ શોધી કાઢ્યો છે. દરોડા દરમિયાન દારૂનો જથ્થો ઉતારી કટીંગ કરી અન્ય સ્થળે વેચાણ માટે સગેવગે કરવાની તૈયારી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીની સૂચના તથા લાલપુર વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક પ્રતીભા આઈપીએસના માર્ગદર્શન હેઠળ જામજોધપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એન.શેખની આગેવાની હેઠળ પોલીસ સ્ટાફ



પ્રોહિબિશન અને જુગારની પ્રવૃત્તિ અંગે પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે ધોરીયા નેસ ખાતે રહેતા નાથાભાઈ લાલાભાઈ મોરી, રાજુભાઈ ઉર્ફે બાઠીયો મોરી તથા તેમના મળતીયાઓએ વિદેશી દારૂ ભરેલો ટ્રક મંગાવ્યો છે અને ટ્રકમાંથી દારૂ ઉતારી કટીંગ કરી અન્યત્ર વેચાણ માટે મોકલવાની તૈયારી કરી રહ્યા છે.

માનવ સેવા એ જ માધવ સેવા

## સામત્રાની સંસ્થા દ્વારા દિવ્યાંગોને સાતમ-આઠમ પર્વ નિમિત્તે રાશનકિટનું વિતરણ

| મહેશ એલ.સોની નખત્રાણા

સાતમ-આઠમના પવિત્ર પર્વની ઉજવણીના ભાગરૂપે કચ્છ અંધ-અપંગ ઉત્કર્ષ મંડળ, સામત્રાના ઉપક્રમે અને દાતાશ્રીઓના સહયોગથી કચ્છભરના અંધ-અપંગ દિવ્યાંગ ભાઈ-બહેનોને રાશનકિટ વિતરણનો માનવતાવાદી કાર્યક્રમ સામત્રા ગામના ગણેશ મંદિર મધ્યે યોજવામાં આવ્યો હતો.આ સેવાયજ્ઞનું આયોજન સંસ્થાના પ્રમુખ શ્રી કાનજીભાઈ મહેશ્વરી તથા કવીયત્રી શ્રીમતી રમીલાબેન મહેશ્વરી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જરૂરિયાતમંદ દિવ્યાંગોને અનાજ-કરિયાણાની કિટનું વિતરણ કરી સાચા અર્થમાં તહેવારની ઉજવણી



કરવામાં આવી હતી.આ માનવ સેવાના કાર્યમાં સામત્રાના માજી સરપંચ શ્રી જાદવજીભાઈ વરસાણી, નાગિયારીના સરપંચ શ્રી જુસબભાઈ બાખુ, શ્રી જયેશભાઈ સોની, શ્રી મુરજીભાઈ મહેશ્વરી (એડવોકેટ), શ્રી લાલજીભાઈ માંગલિયા સહિતના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

તમામ બાળકોના રિપોર્ટ નોર્મલ

## નર્મદાના મોસ્કુટની આશ્રમશાળામાં 11 બાળકો અચાનક ધૂણવા લાગતાં અફરાતફરી!, રાજપીપળા હોસ્પિટલ ખસેડાયા



દેડિયાપાડા : નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકામાં આવેલી મોસ્કુટ ગામની આશ્રમશાળામાં 11 જેટલા બાળકો અચાનક ધૂણવા લાગતાં શાળા સંકુલમાં અફરાતફરી સર્જાઈ હતી. બનાવને પગલે શિક્ષકો અને સંચાલકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે તમામ બાળકોને દેડિયાપાડા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ તબીબી તપાસ અર્થે રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. ઘટનાના પ્રારંભિક તબક્કે ફૂડ પોઈઝનિંગની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી, પરંતુ તબીબી તપાસમાં ઝાડા, ઉલટી કે પેટના દુ:ખાવા જેવાં કોઈ લક્ષણો મળ્યાં ન હતાં.આ અંગે જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. જનક મઢકે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, 'બાળકોના તમામ તબીબી પરીક્ષણો સામાન્ય (નોર્મલ) આવ્યા છે. બાળકોની પીડિયાટ્રિશિયન અને મનોચિકિત્સક દ્વારા પણ તપાસ કરવામાં આવી છે. તબીબી ભાષામાં આ સ્થિતિને કન્વર્ઝન ઈવેન્ટ (Conversion Event) અથવા માસ હિસ્ટીરિયા કહેવામાં આવે છે. આ કોઈ શારીરિક કે માનસિક બીમારી નથી, તેમજ કોઈ અંધશ્રદ્ધા કે ભૂત-પ્રેતનો મામલો નથી. નાની વયના બાળકો પોતાની ભાવનાઓ વ્યક્ત કરવા માટે અથવા આસપાસના વાતાવરણમાં મોટા લોકોને જોઈને તેનું કોપી કરતાં હોય છે.'

આશ્રમશાળાના મુખ્ય શિક્ષકના જણાવ્યા મુજબ, ઘટના બનતાં જ વાલીઓને જાણ કરવામાં આવી હતી અને હાલ તમામ બાળકો સુરક્ષિત છે. બીજી તરફ, સ્થાનિક આગેવાનો અને સરપંચ દ્વારા સંસ્થામાં આંતરિક વિખવાદના આક્ષેપો કરવામાં આવ્યા છે. હાલમાં પોલીસ અને સંબંધિત વિભાગ સમગ્ર ઘટનાના સાચા કારણો જાણવા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

સામત્રામાં શ્રદ્ધા, ભક્તિ અને ઉલ્લાસનો ત્રિવેણી સંગમ

## સિદ્ધિવિનાયક ગ્રુપના ૨૫ માં વર્ષે રજત જયંતિ ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી

| મહેશ એલ. સોની નખત્રાણા

સામત્રા ગામની ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાને ઉજાગર કરતા શ્રી સામત્રા સિદ્ધિવિનાયક ગ્રુપ દ્વારા આયોજિત ત્રિ-દિવસીય શ્રી ગણેશ મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રુપે આ વર્ષે રજત જયંતી વર્ષમાં મંગળ પ્રવેશ કરી ૨૫ મો રજત જયંતિ મહોત્સવ ગૌરવભેર ઉજવ્યો હતો. જેમાં સમગ્ર ગામ ભક્તિમય બન્યું હતું.કાર્યક્રમની વિગત આપતા ગામના સામાજીક આગેવાન શ્રી જયેશ ભાઈ સોની એ જણાવ્યું હતું કે પ્રથમ દિવસે ગણેશ ચતુર્થીના પાવન પર્વે ગામના પૌરાણિક અને પ્રાચીન એવા શ્રી નીલકંઠ મહાદેવ મંદિરના પાવન પ્રાંગણમાં વિધિવત શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે શ્રી ગણેશજીનું પૂજન અને સ્થાપન



કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દ્વિતીય દિવસે રાત્રિના સમયે ભવ્યાતિભવ્ય મહાઆરતીનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ દાદાના દર્શનનો લાભ લીધો હતો.તારીખ ૧૬/૦૯/૨૦૨૬, બુધવારના રોજ ગ્રુપની પરંપરા મુજબ ભવ્ય શોભાયાત્રા સાથે "શ્રી ગણપતિ વિસર્જન" નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગામના સૌ યુવાનો, માતાઓ, બહેનો અને બાળકો સહિત અન્ય ભાવિકજનો ઉત્સાહભેર શોભાયાત્રામાં જોડાયા હતા. સુશોભિત રથમાં બિરાજમાન ભગવાન શ્રી ગણપતિ દાદાને વાજતે-ગાજતે ગામના મહેશ્વરી સમાજ વિસ્તારમાં આવેલ શ્રી ગણપતિ દાદાના મંદિરે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં વિધિવત પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગામના ઐતિહાસિક ઉમરાસર તળાવ ખાતે માતાઓ, દીકરીઓ અને બહેનોના હસ્તે પૂજન કરી ભાવસભર વાતાવરણમાં બાપ્પાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.આ સમગ્ર ધાર્મિક ઉત્સવનું શાસ્ત્રોક્ત પૂજન શ્રી રાજેશભાઈ ઉપાધ્યાય દ્વારા કરાવવામાં આવ્યું હતું.

## લાલપુરમાં જૂના મનદુઃખમાં છ શખ્સોએ બે ભાઈઓ પર પાઈપથી હુમલો

લાલપુર : લાલપુરમાં પત્નીને મેસેજ કરવાના જૂના મનદુ:ખના કારણે બોલાચાલી બાદ છ શખ્સોએ એકસંપ થઈ બે ભાઈઓ પર લોખંડના પાઈપ તથા ઢીકાપાટુનો માર મારી હુમલો કર્યાની ફરિયાદ લાલપુર પોલીસ મથકમાં નોંધાઈ છે. હુમલામાં એક ભાઈને જમણા હાથમાં ફ્રેક્ચર સહિતની ઈજાઓ થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. લાલપુરના મચ્છુનગર વિસ્તારમાં રહેતા અને ખેતીકામ કરતા નીતિનકુમાર રાણાભાઈ ભેડિયાવદરાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તા. 17 સપ્ટેમ્બરના રોજ સાંજે પોણા સાત વાગ્યાના અરસામાં તેઓ લાલપુર સામાકાંઠે વડવાળા પાનની દુકાને બેઠા હતા. ત્યારે ગોદાવરી ગામના દેવાયત પુંજાભાઈ રાવલિયા તથા વેજાણંદ ઉર્ફે પીરો ચંદુ રાવલિયા ત્યાં આવ્યા હતા.ફરિયાદમાં જણાવ્યા મુજબ દેવાયત રાવલિયા અગાઉ ફરિયાદીની પત્નીને મેસેજ કરતો હોવાથી ફરિયાદીએ તેને મેસેજ નહીં કરવા જણાવ્યું હતું અને આ બાબતે અગાઉ બંને વચ્ચે ઝઘડો થયો હતો.

તાલુકા શાળા દાહોદ ખાતે ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીના હસ્તે

## માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા માટે મધ્યાહન ભોજન યોજનાનો શુભારંભ

| દિપક રાવલ | દાહોદ લીમખેડા

દાહોદ, તાલુકા શાળા દાહોદ ખાતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે મધ્યાહન ભોજન યોજનાનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દાહોદના ધારાસભ્ય શ્રી કનૈયાલાલ કિશોરીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યશ્રીએ વિદ્યાર્થીઓને પૌષ્ટિક આહાર મળી રહે તે હેતુથી યોજનાનો પ્રારંભ કરાવીને




વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે દાહોદના પ્રાંત અધિકારીશ્રી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.કાર્યક્રમના અંતે શાળા પરિવાર અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત ભોજન પીરસવામાં આવ્યું હતું.

જલારામ મંદિરે ભક્તિનો દિવ્ય દીપ પ્રગટ્યો

## ૧૪૯ મી ગુરુવારની આરતીમાં લીંબાણી પરિવાર બન્યો દાતા, 'આશીર્વાદનો દીવડો'થી ગુંજી ઉઠ્યું મંદિર પરિસર



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

શ્રી નખત્રાણા લોહાણા મહાજન સંચાલિત શ્રી દરિયાસ્થાન શ્રી જલારામ મંદિરે 149મી ગુરુવારની આરતી ભક્તિભાવ અને શ્રદ્ધાભેર યોજાઈ હતી. આ ગુરુવારની આરતીના દાતા તરીકે નખત્રાણાના પ્રદીપભાઈ શંકરભાઈ લીંબાણી પરિવાર દ્વારા આરતી ઉતારવામાં આવી હતી.દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 76મા જન્મદિવસ નિમિત્તે યોજાઈ રહેલા સેવા સંકલ્પ કાર્યક્રમ અંતર્ગત મંદિર ખાતે 'આશીર્વાદનો દીવડો' પ્રગટાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભજન-સત્સંગ બાદ પૂજ્ય જલારામ બાપાની આરતી કરવામાં આવી હતી.આરતીના પાવન પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. પૂજારી રમેશભાઈ જોશી દ્વારા વિધિવત્ પૂજનવિધિ કરાવવામાં આવી હતી. આરતી પૂર્ણ થયા બાદ દાતા લીંબાણી પરિવાર દ્વારા ઉપસ્થિત ભક્તજનોને પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભજન-સત્સંગ, દીપ પ્રાગટ્ય અને આરતીના માહોલથી સમગ્ર મંદિર પરિસર જલારામ બાપાની ભક્તિમાં રંગાઈ ગયું હતું.

જેદ્દાહ-હૈદરાબાદ ઈન્ડિગોની ફ્લાઈટ ધમકીને પગલે મુંબઈ ડાયવર્ટ કરાઈ

## નવજીવન આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ ખાતે'હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવી

| દિપક રાવલ | દાહોદ લીમખેડા તા.19

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, દાહોદ ખાતે હિન્દી વિભાગ દ્વારા '14મી સપ્ટેમ્બર, હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આચાર્યશ્રી ડૉ.બી.આર. બોદર દ્વારા તજજ્ઞ વક્તાશ્રીનું શાબ્દિક સ્વાગત કરી પ્રસંગોચિત્ત ઉદબોધનમાં હિન્દી રાજભાષા અને રાષ્ટ્રભાષા વચ્ચેનું અંતર અને હિન્દી ભાષાની વ્યાવહારિક અને વ્યાવસાયિક સ્તરે ઉપયોગિતા સ્પષ્ટ કરી હતી. ત્યારબાદ ઉજવણીના વક્તાશ્રી, હિન્દી વિભાગ, આર્ટસ કૉલેજ, લીમખેડાના પ્રોફેસર ડૉ.જ્ઞાનસિંહ ચંદેલે હિન્દી ભાષાના ઉદ્દભવ, વિકાસમાં સર્જકોનું યોગદાન સ્પષ્ટ કર્યું હતું. જેમાં હિન્દીના મહત્વના નાટ્યકાર મોહન રાકેશના નાટકોનો પરિચય અને 'આધે અધૂરે' નાટકની પ્રાસંગિકતા પર પ્રકાશ પાડ્યો હતો તેમજ હિન્દી માત્ર સંપર્ક ભાષા જ નહીં પણ સંસ્કૃતિ, સંસ્કાર માટેની ભાષા છે. તેનું દરેક ભારતીય નાગરિકને ગર્વ હોવું જોઈએ. પંક્તિઓ, સંવાદોના ઉદાહરણો દ્વારા રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું.

આ પ્રસંગે કૉલેજના વાઈસ પ્રિન્સીપાલશ્રી ડૉ.હરેશ પંચાલ, સંસ્કૃત વિભાગના વિભાગાધ્યક્ષ પ્રોફેસર જી.જી. સંગાડા, ગુજરાતી વિભાગના વિભાગાધ્યક્ષ ડૉ.ધવલ જોષી, ડૉ.કમલેશ ગાયકવાડ, પ્રા.હેતલ પરમાર ઉપસ્થિત રહી કાર્યક્રમની



શોભા વધારી હતી.આ કાર્યક્રમનું સંચાલન હિન્દી વિષયના વિદ્યાર્થી જયંતીભાઈ ડામોર અને આભારવિધિ ડૉ.જીતેન્દ્ર જે.વણઝારાએ કરી હતી. 'હિન્દી દિવસ સમારોહ'નું સુચારુ આયોજન ડૉ.એ.બી. અગ્નિહોત્રી, ડૉ.અનિલ ખાવડુ, ડૉ. જે.જે. વણઝારાએ કર્યું હતું. આ ઉજવણીમાં કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સેવા સંકલ્પ અભિયાન

## સરકારી માધ્યમિક શાળા પતંગડી ખાતે ધારાસભ્યશ્રી શૈલેષભાઈ ભાભોર દ્વારા મધ્યાહન ભોજન યોજનાનો શુભારંભ




| દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાની પતંગડી પ્રાથમિક શાળા ખાતે મધ્યાહન ભોજન યોજનાનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ લીમખેડા વિસ્તારના ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ ભાભોરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ ભાભોરે બાળકોને પૌષ્ટિક આહારનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર બાળકોના આરોગ્ય અને શિક્ષણ પ્રત્યે કટિબદ્ધ છે. મધ્યાહન ભોજન યોજના દ્વારા બાળકોને શાળામાં જ તાજો અને પૌષ્ટિક ખોરાક મળી રહેશે, જેનાથી તેમના સ્વાસ્થ્યમાં સુધારો થશે અને શાળામાં હાજરીનું પ્રમાણ વધશે.આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓ, શિક્ષણ વિભાગના અધિકારીઓ, શાળાના શિક્ષકો, ગ્રામજનો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાસવર્ડ ગેસિંગ અને ડેટા ચોરીની પદ્ધતિ

# ગૂગલ જેમિનીએ 3 કંપનીઓ હેક કરતાં દુનિયાભરમાં હડકંપ, માનવીઓના કાબૂ બહાર AI!

(એજન્સી) નવી દિલ્હી | તા.19

ગૂગલનું જેમિની AI, માનવ નિયંત્રણ વગર, ૩ વાસ્તવિક કંપનીઓને હૅક કરી ચૂક્યું હોવાનો ચોંકાવનારો દાવો સામે આવ્યો છે. મે મહિનામાં 'ઈરરેગ્યુલર'ના પરીક્ષણ દરમિયાન, માનવીય ભૂલને કારણે ખુલ્લી ઈન્ટરનેટ કનેક્ટિવિટીનો લાભ લઈને, જેમિનીએ વાસ્તવિક કંપનીઓના કમ્પ્યુટર્સમાં અનઓથોરાઈઝ્ડ એન્ટ્રી મેળવી લીધી. તેણે પાસવર્ડ્સ ગેસ કરીને અને ક્રેડેન્શિયલ શોધીને ડેટા ચોરવાનો પ્રયાસ કર્યો. ગૂગલે આને "બગ બાઉન્ટી" જેવું ગણાવ્યું, પણ નિષ્ણાતો આને ગંભીર સુરક્ષા ખામી માને છે. ગૂગલનું અત્યાધુનિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મોડેલ 'જેમિની' (Gemini) માનવ નિયંત્રણમાંથી બહાર નીકળીને વાસ્તવિક દુનિયાની ૩ મોટી કંપનીઓને હૅક કરી ચૂક્યું હોવાનો ચોંકાવનારો દાવો સામે આવ્યો છે. 'ધ વૉલ સ્ટ્રીટ જર્નલ'ના અહેવાલ મુજબ, આ ઘટના આ વર્ષે મે મહિનામાં સાયબર સુરક્ષા ફર્મ 'ઈરરેગ્યુલર' દ્વારા આયોજિત એક નિયમિત પરીક્ષણ દરમિયાન બની હતી.આ સમગ્ર માહોલ 'કેપ્ચર-દ-ફ્લેગ' સાયબર ટેસ્ટ દરમિયાન ખોટી ઓળખ અને ઓપન ઈન્ટરનેટ કનેક્ટિવિટીના કારણે શરૂ થયો હતો. ટેસ્ટ દરમિયાન જેમિનીને એક કાલ્પનિક કંપનીમાંથી ડેટા ચોરવાનું નિર્દેશન અપાયું હતું, જેનું નામ ભૂલથી એક




વાસ્તવિક કંપની સાથે મળતું આવતું હતું. પરીક્ષણનું વાતાવરણ સુરક્ષિત અને બંધ રાખવાનું હતું, પરંતુ માનવીય ભૂલના કારણે તેની ઈન્ટરનેટ કનેક્ટિવિટી ખુલ્લી રહી ગઈ હતી. મોડેલે ઈન્ટરનેટ પર ટાર્ગેટ કંપનીના નામથી જોડાયેલા વેબ સર્ચ કર્યા, ઓનલાઈન પડેલા ક્રેડેન્શિયલ શોધી કાઢ્યા અને ૩ વાસ્તવિક કંપનીઓના કમ્પ્યુટર્સમાં અનઓથોરાઈઝ્ડ એન્ટ્રી મેળવી લીધી.

પરીક્ષણના અલગ-અલગ દોર દરમિયાન જેમિની AI એ પોતાની સાયબર ક્ષમતાઓનો ઉપયોગ કર્યો હતો. એક મામલામાં મોડેલે સુરક્ષિત નેટવર્કમાં ઘૂસવા માટે સતત અલગ-અલગ પાસવર્ડ્સ ગેસ કર્યા હતા.

જ્યાં સુધી કે તેણે સુરક્ષા ઘેરો તોડી નાખ્યો. અન્ય ટેસ્ટમાં આ સિસ્ટમે પબ્લિક ડેટા રિપોઝિટરીમાંથી સિક્યોર્ડ એક્સેસ ક્રેડેન્શિયલ શોધી કાઢ્યા હતા અને તેની મદદથી બહારના કમ્પ્યુટર્સમાં ઘૂસણખોરી કરી હતી.ગૂગલે આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે મોડેલે જ્યારે અહેસાસ કર્યો કે તે કોઈ સિમ્યુલેટેડ ટાર્ગેટને બદલે વાસ્તવિક કોર્પોરેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પ્રવેશી ગયું છે, ત્યારે તેણે તરત જ પોતાના હુમલા અને ઓપરેશન્સ રોકી દીધા હતા. કંપનીએ આને સામાન્ય 'બગ બાઉન્ટી' પ્રોગ્રામ જેવું ગણાવ્યું હતું. જોકે, સાયબર સુરક્ષા જગતના અનેક વિશેષજ્ઞોનું માનવું છે કે કોઈ ઓટોનોમસ AI એજન્ટનું માનવીય નિયંત્રણ વગર વાસ્તવિક નેટવર્કને હૅક કરવું એ સુરક્ષા પ્રોટોકોલ માટે અત્યંત ગંભીર અને ખતરનાક નિષ્ફળતા છે.

## FSSAIની Nestlé India સામે મોટી કાર્યવાહી, ત્રણ કેસ દાખલ

(એજન્સી) નવી દિલ્હી | તા.19

બાળકો માટે ઉપયોગમાં લેવાતા ફોર્મ્યુલા ફૂડને લઈને ભારતીય ખાદ્ય સુરક્ષા અને ધોરણ પ્રાધિકરણ (FSSAI)એ Nestl India સામે કાર્યવાહી કરી છે. FSSAIએ કંપની સામે ત્રણ અલગ-અલગ એડજ્યુડિકેશન કેસ દાખલ કર્યા છે. તપાસમાં પ્રોડક્ટના પ્રમોશન અને એક ફોર્મ્યુલા ફૂડના પોષણ સંબંધિત ધોરણોમાં કથિત ગેરરીતિ સામે આવી છે.FSSAIએ આ દાવાઓ અંગે Nestl India પાસેથી સ્પષ્ટતા માંગી છે. તપાસ દરમિયાન બંને પ્રોડક્ટના પ્રમોશનને 2020ના નિયમ 4(2)ની જોગવાઈ વિરુદ્ધ હોવાનું જાણવા મળ્યું. આ નિયમ હેઠળ શિશુ આહારનું વેચાણ વધારવા માટે કરવામાં આવતા કેટલાક પ્રમોશન અને દાવા પર પ્રતિબંધ છે. આ ઉપરાંત Infant Milk Substitutes Act, 1992ની કલમ 3 હેઠળ પણ આવા પ્રોડક્ટના જાહેરાત અને પ્રમોશન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.FSSAIના જણાવ્યા અનુસાર, Nestl Indiaના બે પ્રોડક્ટના પ્રમોશનમાં એવા દાવા જોવા મળ્યા, જેને નિયમોનું ઉલ્લંઘન માનવામાં આવ્યું છે. પ્રોટીન સરળતાથી પચી જાય છે એવો દાવો કરવામાં આવ્યો હતો.આ અલગ-અલગ મામલાઓના આધારે FSSAIએ Nestl India સામે ત્રણ અલગ-અલગ એડજ્યુડિકેશન કેસ દાખલ કર્યા છે. આ કેસોમાં પ્રોડક્ટના પ્રમોશન સાથે જોડાયેલા નિયમો અને ફોર્મ્યુલા ફૂડમાં પોષણ સંબંધિત ધોરણોનો મુદ્દો સામેલ છે.

## News Brief

### મહિન્દ્રા લાસ્ટ માઈલ મોબિલિટી ધ અર્થશોટ પ્રાઈઝ 2026 માટે ફાઈનલિસ્ટ બની



મુંબઈ | મહિન્દ્રા લાસ્ટ માઈલ મોબિલિટી લિમિટેડ (એમએલએમએમએલ)ને ધ અર્થશોટ પ્રાઈઝ 2026 માટે વિશ્વભરમાં પસંદ કરાયેલા 15 ફાઈનલિસ્ટમાં એકમાત્ર ભારતીય ઓટોમોટિવ કંપની તરીકે સ્થાન મળ્યું છે. માનનીય રાજવી પ્રિન્સ વિલિયમ દ્વારા 2020માં સ્થાપિત ધ અર્થશોટ પ્રાઈઝ વિશ્વના સૌથી ગંભીર પર્યાવરણીય પડકારોના ઉકેલ માટે કામ કરતી પહેલની ઓળખ કરે છે અને તેમને ટેકો આપે છે. એમએલએમએમએલને ઈલેક્ટ્રિક લાસ્ટ-માઈલ પરિવહન ક્ષેત્રે તેના કામ બદલ 'ક્લીન અવર એર' કેટેગરી હેઠળ પસંદ કરવામાં આવી છે. પાંચ અર્થશોટમાંથી દરેક માટે ત્રણ ફાઈનલિસ્ટ પસંદ કરવામાં આવ્યા છે. 17 નવેમ્બરે યોજાનારા એવોર્ડ્સમાં દરેક કેટેગરીના એક વિજેતાને 10 લાખ પાઉન્ડની ઈનામ રકમ આપવામાં આવશે. મહિન્દ્રા માટે ઈલેક્ટ્રિક લાસ્ટ-માઈલ મોબિલિટી તરફનું પરિવર્તન માત્ર ઉત્સર્જન ઘટાડવા પૂરતું નથી, પરંતુ લોકોની આજીવિકા સાથે પણ એટલું જ જોડાયેલું છે. થ્રી-વ્હીલર્સ અને નાના કોમર્શિયલ વાહનો ભારતભરના ડ્રાઈવરો, દુકાનદારો, ડિલિવરી પાર્ટનર્સ અને નાના વ્યવસાયો માટે આવક ઊભી કરનારા તરીકે કામ કરે છે. ઓપરેટિંગ કોસ્ટ ઘટાડીને અને વધુ સારી આવકની શક્યતાઓ ઊભી કરીને ઈલેક્ટ્રિક મોબિલિટીએ નાના પાયાના સ્વરોજગાર અને વ્યવસાયોને મજબૂત બનાવ્યા છે. સાથે જ વાહનમાંથી સીધા થતા ઉત્સર્જનમાં ઘટાડો થયો છે અને શહેરોની હવાની ગુણવત્તામાં સુધારો થયો છે. એમએલએમએમએલે 4 લાખથી વધુ ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ કર્યું છે. આ વાહનોએ મળીને 9 અબજ કિલોમીટરથી વધુનું અંતર કાપ્યું છે અને અંદાજે 1.85 લાખ મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનને ટાળવામાં મદદ કરી છે. એમએલએમએમએલે આ પરિવર્તન દરમિયાન ગ્રાહકોને મદદરૂપ થવા માટે વિવિધ સહાય પહેલ પણ શરૂ કરી છે. તેમાં UDAY NXT કાર્યક્રમનો સમાવેશ થાય છે, જેમાં ડ્રાઈવરો માટે એક્સીડેન્ટલ ઈન્શ્યોરન્સ અને નાણાંકીય સલાહ જેવી સુવિધાઓ આપવામાં આવે છે. આ પહેલ દ્વારા કંપનીનું ધ્યાન માત્ર વાહન પૂરતું સીમિત ન રહેતાં માલિક-ડ્રાઈવરો અને તેમના પરિવારોની સુખાકારી તથા મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવાની ક્ષમતા સુધી વિસ્તર્યું છે.મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ઓટો એન્ડ ફાર્મ સેક્ટરના સીઈઓ રાજેશ જીજુરિકરે જણાવ્યું હતું કે, "લાસ્ટ-માઈલ મોબિલિટી મોટા પાયે પર્યાવરણીય અને સામાજિક અસર ઊભી કરી શકે છે.

### ફેડના દરમાં વધારાથી RBI પર દબાણ, ઓક્ટોબરમાં રેપો રેટ વધવાની સંભાવના

અમદાવાદ : વૈશ્વિક કેન્દ્રીય બેંકો દ્વારા વ્યાજ દરમાં વધારાને કારણે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને ઓક્ટોબરમાં તેની આગામી નાણાકીય નીતિ સમીક્ષામાં પગલાં લેવાની જરૂર પડશે. ઓગસ્ટ સમીક્ષા બેઠકની મિનિટોમાં, સ્થાનિક દર-નિર્ધારણ સમિતિના સભ્યોએ ફુગાવાને ધ્યાનમાં રાખીને દરોને સમાયોજિત કરવાની જરૂરિયાત સૂચવી હતી.યુએસ ફેડરલ રિઝર્વે ૨૦૨૩ પછી પહેલી વાર વ્યાજ દરમાં વધારો કર્યો, જ્યારે યુરોપિયન સેન્ટ્રલ બેંકે ગયા અઠવાડિયે બીજી વાર દરમાં વધારો કર્યો. બેંક ઓફ જાપાને પણ વ્યાજ દર દરમાં વધારો કર્યો છે.ફેડના પગલા બાદ, યુએસ અને ભારતમાં સમાન સિક્યોરિટીઝ વચ્ચેનું અંતર ઘટ્યું છે. વાણિજ્યિક બેંકો એ આકર્ષક દરો અને ઉપજ ઓફર કરી હતી. ૩૧ ઓગસ્ટ સુધીમાં, જ્યારે યોજના બંધ થઈ ત્યારે બેંકોએ આવી થાપણોમાં ૧૨૭.૨ બિલિયન ડોલર એકત્ર કર્યા હતાં. બાહ્ય વાણિજ્યિક ઉધાર (ECBs) અને વિદેશી વિદેશી ચલણ ઉધાર (OFCBs) સહિત કુલ પ્રવાહ ૧૩૬.૪ બિલિયન ડોલર હતો. ECB અને OFCB સ્વેપ સ્કીમ ૩૧ ડિસેમ્બર સુધી ખુલ્લી છે.FCNR રૂટ દ્વારા મૂડી પ્રવાહ અપેક્ષા કરતા વધારે રહ્યો છે. અપેક્ષા કરતા વધારે ડોલર પ્રવાહનો અર્થ લિક્વિડિટી સરપ્લસમાં વધારો થયો છે. ૧૫ સપ્ટેમ્બર સુધીમાં, લિક્વિડિટી સરપ્લસ રૂ ૯.૮૫ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે, અને કોલ મની રેટ માટેનું ઓપરેશનલ લક્ષ્ય પોલિસી રેટ કોરિડોરના નીચલા છેડાની નજીક રહે છે. શરૂઆતમાં, સેન્ટ્રલ બેંકે વેરિયેબલ રેટ રિવર્સ રેપો (VRRR) હરાજી દ્વારા આ વધારાની તરલતા પાછી ખેંચવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં લાંબા ગાળાની હરાજીનો પણ સમાવેશ થતો હતો, પરંતુ સમજાયું કે આ કામ કરી રહ્યું નથી કારણ કે બેંકો લાંબા ગાળા માટે ભંડોળ એકત્ર કરવામાં અચકાતી હતી. ગ્રાહકો માટે ચોવીસ કલાક ડિજિટલ ટ્રાન્ઝેક્શન સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી, બેંકો માટે ૩૦ દિવસ જેવા લાંબા ગાળા માટે તેમની રોકડ જરૂરિયાતોનો અંદાજ કાઢવો મુશ્કેલ બની જાય છે.

## નવી SUV બચાવશે તમારો પેટ્રોલનો ખર્ચ, એક ચાર્જમાં 200 KM, પછી પેટ્રોલનો સહારો!

(એજન્સી) નવી દિલ્હી | તા.19

નવી લોંગ-રેન્જ PHEV SUVમાં 200 કિલોમીટર સુધીની ઈલેક્ટ્રિક રેન્જ મળવાની છે. મોટી બેટરી અને પાવરફુલ ઈલેક્ટ્રિક મોટર સાથે શહેરમાં પેટ્રોલ વિના મુસાફરી કરી શકાશે. લાંબી મુસાફરીમાં પેટ્રોલ એન્જિનનો વિકલ્પ રહેશે.વોલ્વોએ તેની લોકપ્રિય લક્ઝરી SUV XC60 અને XC90 ના નવા લોંગ-રેન્જ પ્લગ-ઈન હાઈબ્રિડ (PHEV) વર્ઝન રજૂ કર્યા છે. આ બંને મોડલની સૌથી મોટી ખાસિયત તેમની વધેલી ઈલેક્ટ્રિક રેન્જ છે. નવી XC60 એકવાર ફૂલ ચાર્જ થવા પર માત્ર ઈલેક્ટ્રિક પાવર પર લગભગ 200 કિલોમીટર સુધી ચાલી શકે છે, જ્યારે XC90 ઈલેક્ટ્રિક મોડમાં લગભગ 160 કિલોમીટર સુધી ચાલવાની ક્ષમતા ધરાવે છે. આ આંકડા WLTP ટેસ્ટ પર આધારિત છે. નવી



Volvo XC60 અને XC90 PHEV માં ઈલેક્ટ્રિક રેન્જ વધારવા માટે મોટી બેટરી અને વધુ પાવરફુલ ઈલેક્ટ્રિક મોટરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. XC60 માં 41.2 kWh ની બેટરી આપવામાં આવી છે, જેનાથી તેની ઈલેક્ટ્રિક-ઓન્લી રેન્જ નોંધપાત્ર રીતે વધી છે. કંપનીના જણાવ્યા અનુસાર, XC60 ની ઈલેક્ટ્રિક રેન્જમાં લગભગ 121 કિલોમીટર અને XC90 ની રેન્જમાં લગભગ 96 કિલોમીટરનો વધારો થયો છે. તેનો સૌથી મોટો ફાયદો એ થશે કે રોજિંદા ઓફિસે આવવા-જવા કે શહેરની અંદરના નાના પ્રવાસો પેટ્રોલ એન્જિન ચાલુ કર્યા વિના જ પૂરા કરી શકાશે.

## મહિન્દ્રાએ XUV 3XO REVX લાઇન-અપને વિસ્તારી

મુંબઈ : મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે આજે રૂ. 9.39 લાખની પ્રારંભિક કિંમતે XUV 3XO REVX EDGE રજૂ કરવાની જાહેરાત કરી છે. આ સાથે પ્રીમિયમ ફીચર્સ ગ્રાહકો માટે વધુ સરળતાથી ઉપલબ્ધ બન્યા છે અને ગ્રાહકોને મળતા મૂલ્યના સ્તરમાં પણ વધારો થયો છે. આ ઉપરાંત, કંપનીએ પેટ્રોલ ઓટોમેટિક ટ્રાન્સમિશન સાથે XUV 3XO REVX M(O) પણ રજૂ કરી છે.2024માં લોન્ચ થયા બાદથી XUV 3XOએ નવી પેઢીના એસયુવી ખરીદદારોની અપેક્ષાઓને પાર કરી છે. પોતાની આગવી ડિઝાઈન, પ્રીમિયમ ઈન્ટિરિયર, આરામદાયક ડ્રાઈવિંગ અનુભવ, અત્યાધુનિક ટેક્નોલોજી, રોમાંચક પરફોર્મન્સ અને ઉત્તમ સુરક્ષાને કારણે તે આ કેટેગરીમાં નોંધપાત્ર પરિવર્તન લાવનારી એસયુવી બની છે. XUV 3XOએ 2.5 વર્ષથી ઓછા સમયમાં 2.5 લાખથી વધુ વેચાણનો મહત્વપૂર્ણ આંકડો પાર કર્યો છે. આ સાથે તે આ સિદ્ધિ હાંસલ કરનારી મહિન્દ્રાની સૌથી ઝડપી એસયુવી બની છે.ગયા વર્ષે રજૂ કરવામાં આવેલી REVX સિરીઝને આગળ વધારતાં નવા વેરિઅન્ટ્સમાં આગવી સ્ટાઈલ સાથે પ્રીમિયમ ફીચર્સ આપવામાં આવ્યા છે. હવે તેમાં વિવિધ પાવરટ્રેન વિકલ્પો પણ ઉપલબ્ધ છે, જેથી વધુ ગ્રાહકોની જરૂરિયાતોને પૂરી કરી શકાય. XUV 3XO REVX EDGE બે એન્જિન વિકલ્પોમાં ઉપલબ્ધ રહેશે - એટી અને એમટી ટ્રાન્સમિશન સાથે 1.2 લિટર mStallion TCMPFi અને એએમટી તથા એમટી ટ્રાન્સમિશન સાથે 1.5 લિટર ટર્બો ડીઝલ CRDe.XUV 3XO REVX EDGE (એક્સ-શોરૂમ કિંમત: રૂ. 9.39 લાખ): ડ્યુઅલ-ટોન રૂફ, બોડી-કલર્ડ ગ્રિલ અને બ્લેક વ્હીલ કવર REVX EDGEને આગવી સ્ટાઈલ આપે છે. કારના ઈન્ટિરિયરમાં બ્લેક લેધરેટ સીટ્સ, એન્ડ્રોઈડ ઓટો અને એપલ કારપ્લે સાથેની 26.03 સેમી એચડી ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ, ચાર સ્પીકર્સ અને સ્ટિયરિંગ પર આપવામાં આવેલા ઓડિયો કંટ્રોલ્સ કેબિનનો અનુભવ વધુ આરામદાયક બનાવે છે. ક્રૂઝ કંટ્રોલ, રિયર-વ્યૂ કેમેરા, હાઈટ-એડજસ્ટેબલ ડ્રાઈવિંગ સીટ, પાછળના ભાગમાં એસી વેન્ટ્સ અને કપ હોલ્ડર્સ સાથેનું રિયર આર્મરેસ્ટ ડ્રાઈવર અને મુસાફરો બંને માટે રોજિંદા ઉપયોગની સુવિધામાં વધારો કરે છે.XUV 3XO REVX EDGE (O) (એક્સ-શોરૂમ કિંમત: રૂ. 9.89 લાખ): REVX EDGEના તમામ ફીચર્સ ઉપરાંત, REVX EDGE (O)માં પેનોરેમિક સનરૂફ, રૂફ રેલ્સ, ઈલેક્ટ્રિકલી ફોલ્ડ કરી શકાય તેવા બહારના રિયર-વ્યૂ મિરર્સ, પેસિવ કીલેસ એન્ટ્રી, પુશ-બટન સ્ટાર્ટ, ઓટોમેટિક હેડલેમ્પ્સ અને ઓટોમેટિક વાઈપર્સ આપવામાં આવ્યા છે.REVX EDGE અને REVX EDGE (O) બંનેમાં 35 સ્ટાન્ડર્ડ સેફ્ટી ફીચર્સ આપવામાં આવ્યા છે. તેમાં 6 એરબેગ્સ, ઈલેક્ટ્રોનિક સ્ટેબિલિટી કંટ્રોલ (ESC), ISOFIX ચાઈલ્ડ-સીટ માઉન્ટ્સ, રિવર્સ પાર્કિંગ સેન્સર્સ, થ્રી-પોઈન્ટ સીટ બેલ્ટ્સ અને તમામ મુસાફરો માટે સીટ-બેલ્ટ રિમાઈન્ડર્સનો સમાવેશ થાય છે. XUV 3XO REVX M(O)નું પેટ્રોલ એટી વર્ઝન (એક્સ-શોરૂમ કિંમત: રૂ. 9.99 લાખ): આ ઉપરાંત, મહિન્દ્રાએ પેટ્રોલ REVX M(O) માં ઓટોમેટિક ટ્રાન્સમિશનનો વિકલ્પ પણ રજૂ કર્યો છે. આ સાથે રૂ. 10 લાખથી ઓછી કિંમતમાં REVX શ્રેણીમાં ઓટોમેટિક ટ્રાન્સમિશનની પસંદગી વધુ વિસ્તૃત થઈ છે.

### તહેવારો પહેલા ખાંડના ભાવ ઘટશે?

## સરકારે જથ્થાબંધ ગ્રાહકોને આપી મોટી રાહત, સ્ટોક મર્યાદા વધારી

(એજન્સી) નવી દિલ્હી | તા.19

કેન્દ્ર સરકારે તહેવારો પૂર્વે ખાંડનો સ્ટોક રાખવાની મર્યાદા વધારી છે. હવે 10 ટનથી વધુ ખાંડ વાપરતા ઔદ્યોગિક એકમો 30 દિવસની જરૂરિયાત જેટલો સ્ટોક રાખી શકશે, જે અગાઉ 15 દિવસનો હતો. આ રાહત TRQ/AAS હેઠળ આયાતી ખાંડને લાગુ પડશે. સરકારે ભાવ ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચાડવા પણ વેપારીઓને સૂચના આપી છે.આગામી તહેવારો દરમિયાન ખાંડની વધતી માગને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે જથ્થાબંધ વપરાશકારો માટે સ્ટોક રાખવાની મર્યાદા વધારી દીધી છે. ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગે આપેલી માહિતી મુજબ, હવે આવા મોટા ગ્રાહકો પોતાની 30 દિવસની જરૂરિયાત જેટલો ખાંડનો સ્ટોક રાખી શકશે, જે મર્યાદા અત્યાર સુધી માત્ર 15 દિવસની હતી.આ નવો નિયમ દર મહિને 10 ટનથી વધુ ખાંડનો વપરાશ કરતા મોટા ઔદ્યોગિક એકમો પર લાગુ થશે. જોકે 15 દિવસથી



વધુનો સ્ટોક રાખવા માટે એક શરત નક્કી કરવામાં આવી છે. આ વધારાનો સ્ટોક માત્ર ટૅરિફ રેટ ક્વોટા (TRQ) અથવા ઍડ્વાન્સ ઑથોરાઈઝેશન સ્કીમ(AAS) હેઠળ આયાત કરાયેલી ખાંડનો જ હોવો જોઈએ. ખુલ્લા બજારમાંથી ખરીદેલી ખાંડ માટે સ્ટોક મર્યાદા અગાઉની જેમ 15 દિવસની જ રહેશે.સરકારે સ્ટોક પર નજર રાખવા માટે નવી વ્યવસ્થા ગોઠવી છે. મોટા વપરાશકારોએ દર શુક્રવારે ખાદ્ય મંત્રાલયના સત્તાવાર પોર્ટલ પર પોતાની પાસે રહેલા ખાંડના સ્ટોકની વિગતો જાહેર કરવી પડશે.

## વેપારીઓ માટે નવો નિયમ, ગ્રાહક પાસેથી ચાર્જ લીધો તો QR કોડ થશે બ્લોક

(એજન્સી) નવી દિલ્હી | તા.19

2,000થી વધુના UPI પેમેન્ટ પર મર્ચન્ટને ચાર્જ આપવો પડશે. ગ્રાહક પાસેથી MDR વસૂલવા પર QR કોડ બ્લોક કરવાની પણ વ્યવસ્થા થઈ શકે છે.2,000થી વધુના UPI પેમેન્ટ પર મર્ચન્ટ એટલે કે વેપારીને ચાર્જ આપવો પડશે. જોકે વેપારી આ ચાર્જ ગ્રાહકો પાસેથી ન વસૂલી શકે તે માટે સરકાર એક નવી વ્યવસ્થા તૈયાર કરવા પર કામ કરી રહી છે. જેથી ભવિષ્યમાં કોઈ વેપારી ગ્રાહક પાસેથી ચાર્જ લેવાનો પ્રયાસ કરે તો તેના પર રોક લગાવી શકાય.નવી વ્યવસ્થામાં નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ સામે કાર્યવાહી કરવાનો વિકલ્પ પણ રાખવામાં આવી શકે છે. જો કોઈ વેપારી ગ્રાહક પાસેથી જબરદસ્તી MDR ચાર્જ વસૂલતો જોવા મળશે તો તેનું UPI અને QR કોડ બ્લોક થઈ શકે છે. આ પછી વેપારી માટે UPI દ્વારા પેમેન્ટ સ્વીકારવું શક્ય નહીં રહે.આ ઉપરાંત ગ્રાહકોની ફરિયાદોના ઉકેલ માટે એક અલગ ફરિયાદ નિવારણ વ્યવસ્થા બનાવવાની પણ વિચારણા થઈ રહી છે. આ વ્યવસ્થા દ્વારા જો કોઈ વેપારી MDRના




નામે ગ્રાહક પાસેથી વધારાનો ચાર્જ વસૂલે તો ગ્રાહક સરળતાથી પોતાની ફરિયાદ નોંધાવી શકશે. સરકારની પ્રસ્તાવિત વ્યવસ્થાનો હેતુ UPI પેમેન્ટ દરમિયાન ગ્રાહકો પાસેથી કોઈપણ પ્રકારનો અયોગ્ય ચાર્જ વસૂલવામાં આવે તો તેના પર રોક લગાવવાનો છે. સાથે જ નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ સામે કડક કાર્યવાહી પણ સુનિશ્ચિત કરવામાં આવી શકે છે.

નોંધનીય છે કે 15 ઓક્ટોબરથી દેશભરમાં UPI પર ચાર્જનો નિયમ લાગુ થશે. NPCIના જણાવ્યા અનુસાર, 2,000થી વધુના UPI પેમેન્ટ પર મર્ચન્ટ પાસેથી 0.4 ટકાના દરે ચાર્જ લેવામાં આવશે. આ ચાર્જ પર 18 ટકા GST પણ લાગશે. આવી સ્થિતિમાં 2,000ના પેમેન્ટ પર મર્ચન્ટને લગભગ 9.44 ચાર્જ ચૂકવવો પડશે.

## IPOના 'જનરલ કોર્પોરેટ પરપઝ ફંડ'ના સંભવિત દુરૂપયોગ પર નિયમનકારની નજર

મુંબઈ : મુંબઈમાં રિટેલ રોકાણકારોને IPOમાં ગ્રે માર્કેટ પ્રીમિયમને બદલે ઈસ્યુના હેતુઓ જાણવા જણાવાયું છે. નિષ્ણાતોના મતે, જનરલ કોર્પોરેટ પરપઝ (GCP) ફંડનો ઉપયોગ ક્યાંક અવાસ્તવિક વેલ્યુએશન દર્શાવવા, ફેક ગ્રે માર્કેટ પ્રીમિયમ બોલાવવા કે પ્રોપેગેન્ડા જેવી પ્રવૃત્તિમાં તો નથી થઈ રહ્યો તે જોવું અત્યંત જરૂરી છે. SEBI પણ આ અંગે ચિંતિત છે.રિટેલ રોકાણકારોએ ગ્રે માર્કેટ પ્રીમિયમ પર ભરોસો કરવાને બદલે ઈસ્યુના હેતુઓ જાણવા જરૂરીજીસીપીનો ઉપયોગ ફેક ગ્રે માર્કેટ પ્રીમિયમ બોલાવવા, છપાવવા કે પછી પ્રોપેગેન્ડા કરાવવા જેવી પ્રવૃતિમાં તો નથી થઈ રહ્યો એ જોવું પણ એટલું જ જરૂરી બની ગયું છે. દેશના પ્રાઈમરી માર્કેટમાં અત્યારે સંખ્યાબંધ કંપનીઓ તેમની વિવિધ યોજનાઓ માટે અને પ્રમોટરો, વર્તમાન શેરધારકો પોતાનું નીચી પડતરનું શેરહોલ્ડિંગ પૈકી અમુક હોલ્ડિંગ પબ્લિકને વેચીને રોકડી કરવા ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) લાવી રહી છે અને ઘણી કંપનીઓ હજુ હરોળમાં છે, ત્યારે કંપની માટે આઈપીઓ માત્ર મૂડી ઊભી કરવાનો માર્ગ નથી, પરંતુ પબ્લિક રોકાણકારોના વિશ્વાસની કસોટી પણ છે. આઈપીઓના ઓફર ડોક્યુમેન્ટમાં કંપનીએ ઊભી કરેલી મૂડીનો ઉપયોગ ક્યા હેતુ માટે કરવામાં આવશે તેની સ્પષ્ટતા કરવી જરૂરી હોય છે. જો કે, આ સમગ્ર માળખામાં જનરલ કોર્પોરેટ પરપઝ (જીસીપી) નામની એક એવી કેટેગરી છે, જેના ઉપયોગ અંગે છેલ્લા કેટલાક વર્ષોમાં




નિયમનકારોની ચિંતા વધી છે. સંભવિત દુરૂપયોગ કે રિટેલ રોકાણકારો ગેરમાર્ગે દોરાઈ શકે એવી ગેરકાયદે પ્રવૃતિઓ પાછળ ફંડિંગ થવાની શંકાએ પણ નિયામક તંત્રો ચિંતિત બન્યા છે.

જીસીપીનો મૂળ હેતુ કંપનીને એવા સામાન્ય અથવા અણધાર્યા ખર્ચ માટે નાણાકીય લવચીકતા આપવાનો છે, જેના માટે આઈપીઓ સમયે ચોક્કસ રકમ ફાળવવી શક્ય ન હોય. તેમાં વર્કિંગ કેપિટલની જરૂરિયાત, સપ્લાય ચેઈન ખર્ચ, માર્કેટિંગ અથવા અન્ય સામાન્ય કોર્પોરેટ જરૂરિયાતોનો સમાવેશ થઈ શકે છે. પરંતુ મુદ્દો ત્યારે ઊભો થાય છે, જ્યારે આઈપીઓની મોટી રકમ જીસીપી હેઠળ રાખવામાં આવે અને તેના ચોક્કસ ઉપયોગ અંગે રોકાણકારોને પૂરતી માહિતી ન આપવામાં આવે. આવી સ્થિતિમાં રોકાણકારો માટે એ સમજવું મુશ્કેલ બને છે કે, તેમણે કંપનીને આપેલા નાણાનો વાસ્તવિક ઉપયોગ ક્યાં થવાનો છે.

### આવકાર અને સન્માન | પુત્ર હોવર્ડ સંભાળશે ચેરમેન પદની નવી જવાબદારી

## રૂ.96 લાખ કરોડનું સામ્રાજ્ય ઊભું કરનારા વૉરેન બફેની 96 વર્ષની વયે નિવૃત્તિ, કોણ છે વારસદાર

(એજન્સી) નવી દિલ્હી | તા.19

વિશ્વના દિગ્ગજ રોકાણકાર વૉરેન બફેએ 1 ટ્રિલિયન ડૉલરની બર્કશાયર હેથવેના ચેરમેન પદેથી રાજીનામું આપ્યું છે. 96 વર્ષીય બફે 1965થી કંપનીનું નેતૃત્વ કરતા હતા. હવે તેમના પુત્ર હોવર્ડ બફે નવા ચેરમેન બનશે, જ્યારે વૉરેન બફે બોર્ડમાં ડિરેક્ટર તરીકે ચાલુ રહેશે. આ નિર્ણયની સત્તાવાર જાહેરાત શેરધારકોને પત્ર લખીને કરવામાં આવી. વિશ્વના સૌથી દિગ્ગજ રોકાણકાર વૉરેન બફેએ પોતાની 1 ટ્રિલિયન ડૉલરની વેલ્યુ ધરાવતી કંપની બર્કશાયર હેથવેના ચેરમેન પદેથી રાજીનામું આપી રહ્યા છે. વર્ષ 1965થી આ કંપનીનું નેતૃત્વ કરી રહેલા 96 વર્ષીય બફેએ 18 સપ્ટેમ્બરે શેરધારકોને પત્ર લખીને આ મોટા નિર્ણયની સત્તાવાર જાહેરાત કરી છે. કંપની દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, તેઓ તાત્કાલિક અસરથી ચેરમેન એમેરિટસ બની જશે, પરંતુ બોર્ડમાં ડિરેક્ટર તરીકે કાર્યરત રહેશે.કંપનીના ઉત્તરાધિકાર આયોજન (Succession Plan) હેઠળ વૉરેન બફેની જગ્યાએ હવે તેમના પુત્ર હોવર્ડ બફે (Howard Buffett) નવા ચેરમેન તરીકે જવાબદારી સંભાળશે. આ સાથે જ સુસાન ડેકર (Susan Decker) કંપનીમાં લીડ ઈન્ડિપેન્ડન્ટ ડિરેક્ટર તરીકે પોતાની સેવાઓ આપવાનું ચાલુ રાખશે.બર્કશાયરના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર ગ્રેગ એબેલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, 'અમેરિકન બિઝનેસના ઈતિહાસમાં વૉરેનનું પ્રદાન અજોડ છે.



તેમણે સ્થાપેલા મૂલ્યો અને વર્ક કલ્ચર હંમેશાં કંપનીના કેન્દ્રમાં રહેશે. હોવર્ડ કંપની માટે શિસ્ત અને ઊંડી સમજ લઈને આવશે, જ્યારે સૂ પોતાની સતત લીડરશીપ દ્વારા બોર્ડને મજબૂત બનાવશે.'કંપનીના જણાવ્યા અનુસાર, 'ચેરમેન એમેરિટસ તરીકે નિયુક્ત થયા પછી પણ તેઓ બોર્ડ ઑફ ડિરેક્ટર્સના સભ્ય તરીકે જળવાઈ રહેશે અને કંપનીના મહત્ત્વના નિર્ણયોમાં પોતાના બહોળા અનુભવ અને દૃષ્ટિકોણથી માર્ગદર્શન પૂરું પાડતા રહેશે.' ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે તેમણે કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર(CEO) પદેથી પણ હટી જવાની જાહેરાત કરી હતી.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ - 09

# યુપીઆઈ વ્યવહારો પર એમડીઆર ચાર્જ અંગે કેન્દ્ર સરકારનો નિર્ણય

નવી દિલ્હી: ભારતમાં છેલ્લા એક દાયકામાં યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI) એ ડિજિટલ વ્યવહારોના લોકપ્રિય અને વિશ્વસનીય માધ્યમ તરીકે પોતાની ઓળખ બનાવી છે. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલા વટહુકમ મુજબ વેપારીઓને રૂપિયા ૨,૦૦૦ થી વધુના યુપીઆઈ વ્યવહારો પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) ચાર્જ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે, જેને લઈને વિવિધ વર્ગોમાં ચર્ચા શરૂ થઈ છે. જાહેરાત મુજબ રૂપિયા ૨,૦૦૦ સુધીના યુપીઆઈ અને રૂપે ડેબિટ કાર્ડ વ્યવહારો સંપૂર્ણપણે મફત રાખવામાં આવ્યા છે, જેથી સામાન્ય ગ્રાહકો પર સીધો બોજ ન પડે. દેશમાં ૯૬ ટકા જેટલા વ્યવહારો આ મર્યાદામાં આવે છે. જો કે, બેંકો અને પેમેન્ટ પ્રોવાઈડર્સને નેટવર્ક જાળવવા અને સાયબર સુરક્ષા માટે વાર્ષિક મોટો ખર્ચ થતો હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. મીડિયા અહેવાલ અને વિશ્લેષણ મુજબ, એક લાખ રૂપિયાથી ઓછું માસિક ટર્નઓવર ધરાવતા નાના વેપારીઓને આ ચાર્જમાંથી મુક્તિ આપવામાં આવી છે, જ્યારે ચોક્કસ ક્ષેત્રો અને મોટા વ્યવહારો માટે અલગ નિયમો નક્કી કરાયા છે. જો કે, વેપારીઓ પર લાગુ થતો આ બોજ અંતે ભાવ વધારા દ્વારા ગ્રાહકો પર આવી શકે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગામી ૧૫ ઓક્ટોબરથી નવા દરો અમલમાં આવવાના છે ત્યારે નિયમનકારી સમિતિએ આ અંગે વધુ પારદર્શિતા રાખવી જરૂરી છે. નાના વેપારીઓ માટે ટર્નઓવરની મર્યાદા અને પાલનના બોજ અંગે સ્પષ્ટતા ન હોવાથી તંત્ર દ્વારા આગામી સમયમાં આ અંગે યોગ્ય પગલાં લેવામાં આવે તેવી અપેક્ષા છે.

## મોટી વમોટી, ભારાવાઢ અને આસીરાવાઢની પ્રાથમિક શાળાઓને KCRC અંધજન મંડળ અને સુજલોન ફાઉન્ડેશનની સેવાભાવી ભેટ



જગદીશ પી દવે દેશળપર (ગુંતલી)

મોટી વમોટી, ભારાવાઢ અને આસીરાવાઢ ગામની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને આધુનિક તથા ટેક્નોલોજી આધારિત શિક્ષણ મળી રહે તે હેતુથી KCRC અંધજન મંડળ અને સુજલોન ફાઉન્ડેશન દ્વારા કોમ્પ્યુટર સહાય આપવામાં આવી હતી.આ કામગીરી અંતર્ગત KCRCના કો-ઓર્ડિનેટર ગઢવી પચાણભાઈ દ્વારા શાળાઓની રૂબરૂ મુલાકાત લઈને કોમ્પ્યુટર સહાય પહોંચાડવામાં આવી હતી. આ પ્રસંગે સુજલોનના દિલીપ પટેલ સાહેબ પણ ઉપસ્થિત રહ્યા હતા. શાળાઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી આ સેવાભાવી પહેલને શાળા પરિવાર, વિદ્યાર્થીઓ તથા ગ્રામજનો દ્વારા આવકારવામાં આવી હતી.કોમ્પ્યુટર સહાયથી ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર શિક્ષણ મેળવવાની સાથે વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરવાની નવી તક મળશે. આજના ડિજિટલ યુગમાં આવી સુવિધાઓ વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્ય વિકાસ માટે મહત્વપૂર્ણ બની રહે છે.આ પ્રસંગે શાળા પરિવારના સભ્યો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. KCRC અંધજન મંડળ અને સુજલોન ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલી આ સેવાભાવી પહેલ બદલ ગ્રામજનો દ્વારા આભાર વ્યક્ત કરી કામગીરીને બિરદાવવામાં આવી હતી.ગ્રામ્ય શાળાઓમાં ડિજિટલ સુવિધા પહોંચાડતી આ પહેલ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય તરફનું એક મહત્વપૂર્ણ પગલું બની રહી છે.

# રાજુલાના બારપટોળીમાં નીલગાયના હુમલાથી ખેડૂત ગંભીર રીતે ઈજાગ્રસ્ત



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા તાલુકાના નવી બારપટોળી ગામના 30 વર્ષીય ગરીબ ખેડૂત ખાતેદાર મનુભાઈ પરસોત્તમભાઈ સીસારા 20 દિવસથી મોત સામે લડી રહ્યા છે. કારણ માત્ર એટલું કે તેઓ પોતાના ખેતરમાં નીલગાય હાંકવા ગયા હતા.સવારે 7 વાગ્યે ખેતરમાં એકલા હતા ત્યારે નીલગાયે સીધી દોટ મૂકી મનુભાઈને પછાડી દીધા. શિંગડા માથામાં મારતા માથું ફાટી ગયું, મોઢું હેમરેજ થયું, લોહીલુહાણ હાલતમાં ફરી પગ અને હાથમાં હુમલો કરતા પગના બે ટુકડા થઈ ગયા. આજે પગમાં લોખંડના પાઈપ અને પ્લેટો નાખેલી છે, માથામાંથી લોહીના ગઠ્ઠા કાઢવા પડ્યા છે. ખેડૂત આજે હાલી-ચાલી શકે તેમ પણ નથી, કાયમી અપંગ જેવી હાલત છે.20 દિવસથી પરિવાર લોહીના આંસુએ રડે છે.મનુભાઈ પાસે માંડ 2 વીઘા જમીન છે. આયુષ્માન કાર્ડ રીન્યુ ન થયું હોવાના બહાને હોસ્પિટલમાં કાર્ડ ચાલ્યું નહીં. સગા-વહાલા પાસે હાથ લાંબો કરી, વ્યાજે પૈસા લઈને ભાવનગરની ડી.જે.શાહ હોસ્પિટલમાં લાખો રૂપિયાનો ખર્ચ કરી સારવાર ચાલુ છે. ભાઈ છેલ્લા ત્રણ દિવસથી વન ખાતા અને નેતાઓની ઓફિસના ધક્કા ખાય છે.વન વિભાગના RFO શ્રી ડી.કે. મકવાણા કહે છે - 'ફાઈલ કરી છે, ઉપર મોકલી છે પણ સહાય મળવી કઠિન છે, કારણ કે નીલગાય શેડ્યુલ-1 માં આવતી નથી.' 'અમારો સવાલ સરકારને છે શું ખેડૂતનો જીવ સિંહ કરતા સસ્તો છે?જો સિંહથી માણસ મરે તો 10 લાખ મળે, તો નીલગાયના હુમલાથી માથું ફાટી જાય, પગ ભાંગી જાય, મગજનું હેમરેજ થાય તો કેમ એક રૂપિયો પણ નહીં?' રાજુલા-જાફરાબાદ પંથકમાં દરરોજ સાપ કરડવા, હડકાયા કૂતરા કરડવા, નીલગાયના હુમલાના કેસો આવે છે. 50% લોકો મરી જાય છે. શું આ જીવો જીવ નથી?તાલુકા પંચાયત પ્રમુખની ફંડ માંગણી આ અંગે તાલુકા પંચાયત પ્રમુખ હિંમતભાઈ આર. હડીયાએ મુખ્યમંત્રીશ્રી, વન મંત્રીશ્રી અને ધારાસભ્યને લેખિત રજૂઆત કરી ફંડ માંગણી કરી છે કે, મનુભાઈ સીસારાને તાત્કાલિક સ્પેશિયલ કેસ ગણી મુખ્યમંત્રી રાહત ફંડ / જિલ્લા આકસ્મિક ફંડમાંથી માનવતા ધોરણે ઓછામાં ઓછી 5 લાખની સહાય તાત્કાલિક ચૂકવવામાં આવે. વન્યજીવ સુરક્ષા અધિનિયમ 1972 ના શેડ્યુલ-1 માં ફક્ત સિંહ જ નહીં, પણ નીલગાય, ઝેરી સાપ, હડકાયા કૂતરા, શિયાળ, ભૂંડ જેવા માનવઘાતક પ્રાણીઓનો તાત્કાલિક સમાવેશ કરવામાં આવે. બારપટોળી, કોટડી, કાગવદર, સરોવડા વિસ્તારમાં 15-20 નીલગાયના ટોળા ખુલ્લેઆમ ફરે છે, તેને પકડવા માટેનું અભિયાન અને રાત્રી પેટ્રોલિંગ તાત્કાલિક શરૂ કરવામાં આવે.જો આ ગરીબ ખેડૂતને 5 દિવસમાં સહાય નહીં મળે તો બારપટોળી ગામ સરકારની જવાબદારી ગણશે , જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે.સમગ્ર બારપટોળી ગામજનો અને ખેડૂત આગેવાનોની લાગણી છે કે સરકાર ફોટા અને તસવીરો જોઈને પણ જો સહાય નહીં આપે તો ગરીબ ખેડૂતે જવું ક્યાં?

# જિલ્લા કલેક્ટરસુશ્રી સુરભિ ગૌતમના અધ્યક્ષ સ્થાને યોજાઈ સંકલન બેઠક



દિપક રાવલ | દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટરસુશ્રી સુરભિ ગૌતમના અધ્યક્ષ સ્થાને સંકલન બેઠક સહિત વિવિધ વિભાગોની બેઠક યોજવામાં આવી હતી.આ બેઠક દરમ્યાન પી. એમ. પોષણ યોજના હેઠળ નોંધાયેલ, તેમજ હાજર લાભાર્થી બાળકોની વિગતો રજૂ કરવામાં આવી હતી. સાથે મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજના, જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તથા જિલ્લા તકેદારી સમિતિ, જિલ્લા ઘાસ વિતરણ સમિતિ તેમજ ઈલેક્શનને લગતી માહિતી સંબંધિત અધિકારીશ્રીઓ દ્વારા રજૂ કરવામાં આવી હતી.એ સાથે મેરા યુવા ભારત હેઠળ માય ભારત પોર્ટલ અંગે જાણકારી રજૂ કરવામાં આવી હતી. તેમજ જિલ્લા બાળ શ્રમિક ટાસ્ક ફોર્સ, જિલ્લા ઈ સેવા સોસાયટી, એ. ટી. વી. ટી. ના કામો અંગે પણ કલેક્ટરશ્રી દ્વારા માર્ગદર્શન સહિત સૂચના આપવામાં આવી હતી.આ બેઠક દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરેન બારોટ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ગમાબેન મોહનિયા, ગરબાડા ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોર, નિવાસી અધિક કલેક્ટરશ્રી જે. એમ. રાવલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી પલ્લવી બારૈયા, નાયબ પોલીસ અધિક્ષકશ્રી ભંડારી સહિત પ્રાંત અધિકારીશ્રીઓ તેમજ અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા-જાફરાબાદમાં કપાસની ક્લોઝ સ્પેસિંગ કીટ વિતરણ યોજના નિષ્ફળ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો માટે જાહેર કરાયેલી મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી અંતર્ગત ક્લોઝ સ્પેસિંગ કીટ વિતરણ યોજના રાજુલા અને જાફરાબાદ પંથકમાં સંપૂર્ણ રીતે નિષ્ફળ નીવડી છે. ૧૨૦ ગામમાંથી મોટાભાગના ગામોમાં ખેડૂતોએ ૧૦૦ થી ૧૫૦ રૂપિયા ખર્ચી ઓનલાઈન ફોર્મ ભર્યા હતા, પરંતુ ખેતીવાડી વિભાગ દ્વારા ૩ ફૂટ x ૧ ફૂટના ગાળાની અવ્યવહારુ શરત લગાવી તમામ ફોર્મ કેન્સલ કરી દેવામાં આવ્યા છે.સરકારે કપાસનું વાવેતર પૂર્ણ થઈ ગયા બાદ, વરસાદ પડ્યા પછી આ જાહેરાત કરી તો શું કામની? રાજુલા જાફરાબાદમાં ખેડૂતો પરંપરાગત રીતે ૪ થી ૫ ફૂટના ગાળે કપાસ વાવે છે. સરકારે ૩ ફૂટના ગાળાની શરત એવા સમયે મૂકી જ્યારે પાક ઉભો છે. પરિણામે આખા તાલુકાના ૧૨૦ ગામ વચ્ચે માત્ર બે ફોર્મ મંજૂર થયા અને બાકીના સેંકડો ફોર્મ રદ થયા. ખેડૂતો જ્યારે પૂછવા જાય છે ત્યારે અધિકારીઓ દ્વારા એવો જવાબ આપવામાં આવે છે કે 'બે ગામ વચ્ચે માંડ એક ફોર્મ મંજૂર થયું છે.'આજે અભણ ખેડૂતો હજી પણ પોતાનું ફોર્મ મંજૂર થયું છે કે નહીં તે પૂછવા તાલુકા મથકે ધક્કા ખાય છે. તો સવાલ એ થાય છે કે આ યોજના પાછળ સરકારનો પ્રચાર, પોર્ટલ, સ્ટાફ પાછળ કેટલો લાખોનો ખર્ચ થયો? આ ખર્ચનું શું? સર્વે પહેલા ગામ સેવકો ભરો, ખોટી જાહેરાતો કરીને ખેડૂતોને ગુમરાહ નહીં કરો. વાવેતર પહેલા બિયારણ જોઈએ, વાવેતર પછી કાગળ નહીં. બીજી તરફ આજે સ્થિતિ એવી છે કે ૧૦ ગામ વચ્ચે એક જ ગામ સેવક છે. પહેલા ગામમાં ૭/૧૨ કાઢવાની



કામગીરી તલાટી-મંત્રી પાસે હતી, હવે મંત્રીને સાવ ભારો ઓછો થઈ ગયો છે કારણ કે દસ્તાવેજો હવે સીધા વિસ્તરણ કચેરીમાં થાય છે, એન્ટ્રી પણ ઓનલાઈન થાય છે. એટલે મંત્રી-તલાટીને કામનો ભારો ઓછો થઈ ગયો હોવા છતાં પણ માંડ બે જ ગામની કામગીરી થાય છે. તો વિચાર કરો, જ્યારે ગામ સેવકને ક્રોપ કટિંગ એક્સપરિમેન્ટ કરવા જવું પડે છે, સબસીડીના સાધનોની સ્થળ તપાસ કરવી પડે છે, પાક વીમા, ઈ-કેવાયસી, સર્વે, અને આખો દિવસ કચેરીની કામગીરી હોય છે ત્યારે ૧૦ ગામ વચ્ચે એક ગામ સેવક કેવી રીતે પહોંચે? એક માણસ પર આટલું ભારણ નાખવાથી ન તો ખેડૂતનું કામ થાય છે ન તો યોજનાનું. સરકારે તાત્કાલિક ધોરણે ગામ સેવકોની ખાલી જગ્યાઓ ભરવી જોઈએ અને દરેક ૨ થી ૩ ગામે એક ગામ સેવકની નિમણૂક કરવી જોઈએ. તાલુકાના ૧૨૦ ગામ વચ્ચે માત્ર બે ફોર્મ મંજૂર થયા છે છતાં ભાજપ વાળા કહેશે કે અમારી સરકાર ખેડૂતલક્ષી છે. ડબલ ઉત્પાદનની વાતો કરતી આ યોજના સંપૂર્ણ નિષ્ફળ છે. તે ખેડૂતોને જ પૂછો કે આ યોજના કેટલા ટકા વ્યાજબી છે? ખેડૂત રાજી થાય તેવી યોજના લાવો, ટકોરાબંધ નહીં.આ બાબતે ખેડૂત અગ્રણી ટીકુભાઈ વરુ દ્વારા કૃષિ મંત્રાલયને પત્ર દ્વારા વ્યવસ્થિત રજૂઆત કરવામાં આવી છે.ટીકુભાઈ વરુનું નિવેદન સરકાર ખેડૂતો માટે સારી યોજના લાવે છે તેનું અમે સ્વાગત કરીએ છીએ, પણ યોજના ખેડૂતો રાજી થાય તેવી હોવી જોઈએ. ૧૦ ગામે એક ગામ સેવક હોય તો યોજના કાગળ પર જ રહેવાની. અમારી માંગ છે કે આ શરત રદ કરી તમામ ફોર્મ મંજૂર કરો, ગામ સેવકોની તાત્કાલિક ભરતી કરો અને ખેડૂતોના ઓનલાઈન ફી ના પૈસા પરત કરો. ખેડૂતને કીટ નથી જોઈતી, ખેડૂતને ન્યાય જોઈએ છે.

# 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વંચિત બાળકોનો સન્માન સમારોહ અને 'બેક ટુ સ્કૂલ' કાર્યક્રમ

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી, આહવા-ડાંગના સંયુક્ત ઉપક્રમે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત શિક્ષણથી વંચિત બાળકોને ફરીથી શિક્ષણની મુખ્યધારામાં જોડવાના હેતુથી 'વંચિત બાળકોનો સન્માન સમારોહ' તથા 'બેક ટુ સ્કૂલ' કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શિક્ષણથી વંચિત રહેલા બાળકોને ઓળખી તેમને પુનઃ શાળા શિક્ષણ સાથે જોડવા તથા તેમના શિક્ષણના અધિકારને સુનિશ્ચિત કરવાનો રહ્યો હતો. આ પ્રસંગે બાળકોને પ્રોત્સાહિત કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતુ.આ કાર્યક્રમમાં વાસુર્ણા તેજસ્વીની ધામનાં પ.પૂ.હેતલ દીદી,ડાંગ જિલ્લા શિક્ષણાધિકારી જીગ્નેશકુમાર ત્રિવેદી,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વી.ડી. દેશમુખ, આહવા ગ્રામ પંચાયતના સરપંચ હરિરામભાઈ સાવંત, નકુલ જાદવ, EI રોહનભાઈ ટંડેલ, કાલિદાસ આહિર સહિત



વિવિધ શાળાઓના આચાર્યો, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમ દરમિયાન વંચિત બાળકોનું સન્માન કરી તેમને શાળામાં નિયમિત શિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ આ પહેલ બાળકોને શિક્ષણની મુખ્યધારા સાથે જોડવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.દરેક બાળક શાળામાં અને દરેક બાળક શિક્ષિત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાયેલ આ કાર્યક્રમને ઉપસ્થિત મહાનુભાવો, શિક્ષકો અને વાલીઓ દ્વારા આવકારવામાં આવ્યો હતો.

# નખત્રાણાની જનતાને 'સેવા સંકલ્પ'ની ભેટ : એસ.ટી. ડેપોને મળી બે નવી બસો

### ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ શ્રીફળ વધેરી લીલી ઝંડી આપી નવી બસોને પ્રસ્થાન કરાવ્યું



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે આયોજિત સેવા સંકલ્પ અભિયાન તથા જનસેવાના 25 વર્ષ પૂર્ણ થવાના ગૌરવપૂર્ણ અવસરે નખત્રાણા ખાતે જનસેવાના સંકલ્પ સાથે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા નખત્રાણા એસ.ટી. ડેપોને બે નવી બસોની ભેટ આપવામાં આવી છે. નખત્રાણા તાલુકાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના મુસાફરોની સુવિધામાં વધારો થાય તે હેતુથી બે નવી એસ.ટી. બસોનું ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાના વરદ હસ્તે શ્રીફળ વધેરી તથા લીલી ઝંડી આપી વિધિવત પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.આ પ્રસંગે તાલુકા ભાજપ સંગઠનના મહામંત્રી હરિસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, "નખત્રાણા તાલુકાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના લોકો માટે એસ.ટી. સેવા ખૂબ જ મહત્વપૂર્ણ છે. બે નવી બસોના ઉમેરાથી મુસાફરોને વધુ સુવિધા મળશે તેમજ વિદ્યાર્થીઓ, નોકરીયાતો અને ગ્રામ્ય વિસ્તારના લોકોને આવાગમનમાં સરળતા રહેશે."કાર્યક્રમમાં ભાજપ સંગઠનના અગ્રણીઓ, હોદ્દેદારો, કાર્યકર્તાઓ તેમજ એસ.ટી. ડેપોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નવી બસોના પ્રસ્થાન સાથે નખત્રાણા તાલુકાના મુસાફરોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

# વિકસિત ભારત-૨૦૪૭' અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું ભવ્ય આયોજન: જિલ્લાની ૧૫૦૦ શાળાઓ સહભાગી બની

માહિતી બ્યુરો, પાલનપુર| વિકસિત ભારત-૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા તેમજ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, રાષ્ટ્રીય ભાવના, અભિવ્યક્તિ કૌશલ્ય અને ભવિષ્યના ભારત અંગે વિચારશક્તિ વિકસે તેવા ઉમદા હેતુસર બનાસકાંઠા જિલ્લામાં ચિત્ર સ્પર્ધા તથા વક્તૃત્વ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર સ્પર્ધાનું આયોજન જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયું હતું, જેમાં બનાસકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓની શાળાઓમાંથી વિદ્યાર્થીઓએ વિશાળ સંખ્યામાં અને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ આયોજન અંતર્ગત યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં જિલ્લાની કુલ ૧,૫૦૦ શાળાઓના ૧,૧૬,૦૭૦



વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાની કલાત્મક પ્રતિભા અને 'વિકસિત ભારત-૨૦૪૭' અંગેની કલ્પનાને ચિત્રોના માધ્યમથી સુંદર રીતે રજૂ કરી હતી. આ સાથે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ૫,૦૩૦ સહભાગીઓ તેમજ શિક્ષકો, સંકલન પ્રતિનિધિઓ, કાર્યકરો અને ગ્રામજનો સહિત કુલ ૩૨,૬૯૮ લોકોની સહભાગીદારી નોંધાઈ હતી. તેવી જ રીતે, વક્તૃત્વ સ્પર્ધામાં કુલ ૧,૩૩૯ શાળાઓના ૪૧,૪૩૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાના વિચારો, મંતવ્યો અને વિકસિત ભારતના નિર્માણ અંગેનો દૃષ્ટિકોણ પ્રભાવશાળી શૈલીમાં રજૂ કર્યો હતો. આ પ્રવૃત્તિમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ૪,૭૭૫ સહભાગીઓ તથા શિક્ષકો, સંકલન પ્રતિનિધિઓ, કાર્યકરો અને ગ્રામજનો સહિત કુલ ૨૯,૮૭૬ લોકો જોડાયા હતા. વિદ્યાર્થીઓની આટલી વિશાળ સંખ્યામાં ભાગીદારીને કારણે સમગ્ર જિલ્લાની શાળાઓમાં એક અત્યંત ઉત્સાહપૂર્ણ અને પ્રેરણાદાયી વાતાવરણ સર્જાયું હતું. ચિત્ર તથા વક્તૃત્વ સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ, અભિવ્યક્તિ કૌશલ્ય, રાષ્ટ્રીય ચેતના તેમજ 'વિકસિત ભારત-૨૦૪૭'ના નિર્માણમાં પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે જાગૃતિ કેળવવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉત્સાહપૂર્વક ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, સંકલનકર્તાઓ, કાર્યકરો તથા વાલીઓ પ્રત્યે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને સમગ્ર જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિન નિમિત્તે બહાઉદ્દીન સરકારી વિનયન કૉલેજ ખાતે 'આશીર્વાદ કા દિયા' કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે સેવા અને સમર્પણના ૨૫ વર્ષના સંદર્ભમાં યોજાઈ રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત બહાઉદ્દીન સરકારી વિનયન કૉલેજ, જૂનાગઢ ખાતે તા.૧૭ સપ્ટેમ્બરના રોજ 'આશીર્વાદ કા દિયા' કાર્યક્રમ યોજાયો હતો. 'જ્ઞાન, સંસ્કૃતિ અને રાષ્ટ્ર નિર્માણના દીવડા'ની ભાવના સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં કૉલેજના મુખ્ય મધ્યસ્થ ખંડમાં રંગોળી દ્વારા ભારતનો વિશાળ નકશો તૈયાર કરવામાં આવ્યો હતો. ભારતના નકશાની આસપાસ તથા સમગ્ર કૉલેજ પરિસરમાં કુલ ૫૦૧ દીવડાઓ પ્રગટાવવામાં આવ્યા હતા. દીવડાઓની દિવ્ય જ્યોતિથી સમગ્ર પરિસર રાષ્ટ્રભક્તિ, સંસ્કાર અને ઉત્સાહની ભાવનાથી ઝળહળી ઉઠ્યું હતું. આ પ્રસંગે અતિથિગણનું ભારતીય સંસ્કૃતિ મુજબ ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંયુક્ત દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા પ્રેરણાદાયી દેશભક્તિ ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. મહાનુભાવો દ્વારા જ્ઞાન, સંસ્કૃતિ અને રાષ્ટ્રનિર્માણના મહત્વ અંગે પ્રેરણાદાયી ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ભારતમાતાના નકશાની આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. 'આશીર્વાદ કા દિયા' કાર્યક્રમ વિદ્યાર્થીઓમાં જ્ઞાન, સંસ્કાર, સંસ્કૃતિ અને રાષ્ટ્રભક્તિના મૂલ્યોને ઉજાગર કરતું યાદગાર સંભારણું બની રહ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી પ્રદીપભાઈ ખીમાણી, ટાઉન પ્લાનિંગ ઓફિસર શ્રી પરીનભાઈ ગાંધી તથા અધ્યક્ષસ્થાને કૉલેજના આચાર્યશ્રી ડૉ.જે.આર.વાંઝા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત એન.એસ.એસ.ના સ્વયંસેવકો, એન.સી.સી.ના કેડેટ્સ, સ્પોર્ટ્સ વિભાગના ખેલાડીઓ, કૉલેજ તથા હોસ્ટેલના વિદ્યાર્થીઓ મળી કુલ ૪૧૧ વિદ્યાર્થીઓ તેમજ કૉલેજનો શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડાના આમલી ફળિયામાં સોલંકી યુવક મંડળ દ્વારા સ્થાપના કરાયેલ ગણપતિજીની સુંદર મૂર્તિના દર્શન માટે ભક્તોનો ધસારો જોવા મળ્યો હતો.



પાંચમા દિવસે પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શને ઉમટ્યા હતા. મંડળ દ્વારા એક આકર્ષક અને સુંદર ગણપતિ મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. આ મૂર્તિના દર્શન માટે દરરોજ મોટી સંખ્યામાં ભક્તો આવી રહ્યા છે.સોલંકી યુવક મંડળે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાતી સ્પર્ધા માટે ફોર્મ પણ ભર્યું છે. ગણેશ ભક્તોએ સૌનું કલ્યાણ થાય તેવી પ્રાર્થના કરી હતી.

# માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા લોન્ચ કરાયેલ શ્રી સોમનાથ પ્રસાદના ઈકો-ફ્રેન્ડલી અને રિયુઝેબલ પેકેજિંગ

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા પર્યાવરણના રક્ષણ અને શ્રદ્ધાળુઓ ની સુવિધાને ધ્યાનમાં રાખીને એક સરાહનીય અને નવીન પહેલ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના સંયુક્ત સહયોગ થી સોમનાથ મહાદેવના પ્રસાદ માટે વિશેષ ઈકો-ફ્રેન્ડલી અને રિયુઝેબલ પેકિંગ તૈયાર કરવામાં આવ્યા છે, જેનું અનાવરણ માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે તા.17/09/2026 ના રોજ ટ્રસ્ટના માન. અધ્યક્ષ અને દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિનના અવસરે કરવામાં આવ્યું હતું. આ વિશેષ પેકેજીસ ટૂંક સમયમાં શ્રદ્ધાળુઓ માટે ઉપલબ્ધ થવા જઈ રહ્યા છે. જાણો વિશેષતા:૧. પેકેજિંગ ડિઝાઈન અને માળખું:આ નવા પેકેજિંગમાં પર્યાવરણલક્ષી સામગ્રી અને આકર્ષક ડિઝાઈનનો સમન્વય કરવામાં આવ્યો છે. મુખ્યત્વે બે પ્રકારના બોક્સ તૈયાર કરવામાં આવ્યા છે.કાર્ડબોર્ડ બોક્સ: ઉચ્ચ ગુણવત્તાવાળા કાર્ડબોર્ડમાંથી આકર્ષક હેક્ઝાગોનલ આકારનું બોક્સ બનાવવામાં આવ્યું છે, જે મજબૂત અને પર્યાવરણને અનુકૂળ છે.મેટલ બોક્સ: પ્રીમિયમ લુક અને લાંબા સમયની ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે સર્ક્યુલર આકારમાં મેટલ બોક્સની રચના કરવામાં



આવી છે.૨. પ્રસાદની સુરક્ષા અને શેલ્ફ લાઈફ : પ્રસાદની શુદ્ધતા અને તાજગી જાળવી રાખવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે:ઈન્ડિવિડ્યુઅલ પેકિંગ: બોક્સની અંદર આવતા મગસના લાડુને ખુલ્લા રાખવાના બદલે દરેક લાડુનું વ્યક્તિગત (ઈન્ડિવિડ્યુઅલ) પેકિંગ કરવામાં આવશે. શેલ્ફ લાઈફમાં વધારો: હવા અને ભેજથી સુરક્ષિત રહેવાને કારણે મગસના લાડુ લાંબા સમય સુધી તાજા રહેશે અને પ્રસાદ બગડવાની શક્યતાઓ નહિવત્ થઈ જશે. ૩. પ્રોજેક્ટના મુખ્ય ફાયદાઓ અને ઉદ્દેશ્યો આ નવીન પેકેજિંગથી શ્રદ્ધાળુઓ અને પર્યાવરણ બંનેને અનેક લાભ થશે:પર્યાવરણનું જતન: પેકેજિંગને એવી રીતે ડિઝાઈન અને પ્રોડ્યુસ કરવામાં આવ્યું છે કે તેનું સરળતાથી રિસાયકલિંગ થઈ શકે અને પ્લાસ્ટિક કે અન્ય પ્રદૂષણ ફેલાવતા કચરામાં ઘટાડો થાય. પુનઃ ઉપયોગ: શ્રદ્ધાળુઓ પ્રસાદ ગ્રહણ કર્યા બાદ આ આકર્ષક બોક્સનો ફેંકી દેવાના બદલે ઘરમાં અન્ય નાની વસ્તુઓ રાખવા માટે કે ભગવાનની પ્રસાદીના સ્મૃતિ ચિહ્ન તરીકે પુનઃ ઉપયોગ કરી શકશે. સંસ્થાકીય સહયોગ: NID ની ઉત્તમ ડિઝાઈન અને GPCB ના પર્યાવરણલક્ષી ધારાધોરણોનો અદ્ભુત સમન્વય આ પ્રોજેક્ટમાં જોવા મળે છે. શ્રી સોમનાથ ટ્રસ્ટની આ પહેલ માત્ર ધાર્મિક આસ્થાને જ નહીં, પરંતુ સામાજિક અને પર્યાવરણીય જવાબદારી ને પણ ઉજાગર કરે છે. આ ઈકો-ફ્રેન્ડલી પ્રસાદ પેકેજિંગ એક અનુકરણીય અને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડશે.

### ૧૭ સપ્ટેમ્બર થી તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત

## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિન નિમિત્તે ITI જૂનાગઢ ખાતે 'આશીર્વાદ કા દિયા' કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે તા. ૧૭ સપ્ટેમ્બર થી તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા આઈ.ટી.આઈ જૂનાગઢ ખાતે તા.૧૭ સપ્ટેમ્બરના રોજ 'આશીર્વાદ કા દિયા' કાર્યક્રમ યોજાયો હતો.આચાર્યશ્રી ભગીરથસિંહ જાળીયા તથા આચાર્યશ્રી પ્રિયેશ વાળાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં સંસ્થાના અધિકારીઓ, કર્મચારીઓ તથા તાલીમાર્થીઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌની હાજરીમાં દીપ પ્રાગટ્ય કરી પ્રધાનમંત્રીશ્રીના જન્મદિન નિમિત્તે આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન'ની ઉજવણી કરવામાં આવી હતી.દીપ પ્રાગટ્યના આ કાર્યક્રમ દ્વારા સેવા અને સમર્પણની ભાવનાને ઉજાગર કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ સમાજના વિકાસમાં પોતાની ભૂમિકા નિભાવવાની તથા સમાજ પ્રત્યેની જવાબદારી પ્રત્યે જાગૃત રહેવાની ભાવના સાથે અભિયાનમાં સહભાગી બનવાનો સંદેશ આપ્યો હતો. 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાતા વિવિધ કાર્યક્રમો દ્વારા સેવા, સહકાર અને સામાજિક જવાબદારીના મૂલ્યોને પ્રોત્સાહન આપવાનો હેતુ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## વિકસિત ભારત વિષયક કાર્યક્રમમાં બામણગઢની વિદ્યાર્થીની હેમાંશી મકવાણાનું 'વિકસિત ભારતની સંભાવનાઓ અને પડકારો' વિષય પર પ્રેઝન્ટેશન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ પ્રેમાનંદ વિદ્યામંદિર ખાતે 'વિકસિત ભારત' અંતર્ગત 'Indian Energy Basket - Prospects and Challenges' શીર્ષક હેઠળ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સરકારી માધ્યમિક શાળા, બામણગઢની વિદ્યાર્થીની હેમાંશી ગોરધનભાઈ મકવાણા એ ઉત્સાહપૂર્વક ભાગ લઈ 'વિકસિત ભારતની સંભાવનાઓ અને પડકારો' વિષય પર અસરકારક પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. વિદ્યાર્થીની હેમાંશી મકવાણાએ વિષયની સમજ તથા અસરકારક રજૂઆતની શૈલીથી ઉપસ્થિત સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. તેમના પ્રેઝન્ટેશન અને પ્રતિભાને બિરદાવતાં શ્રી બ્રહ્માનંદ સાયન્સ સેન્ટર, જૂનાગઢ દ્વારા તેમને સન્માનિત કરવામાં આવી. આ પ્રસંગે સરકારી માધ્યમિક શાળા, બામણગઢના આચાર્યશ્રી તથા શિક્ષકગણ દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## જુનાગઢ જિલ્લામાં કેશોદ સહિત ૯ સ્થળોએ રક્તદાન કેમ્પ યોજાયા

નરેન્દ્ર દવે જૂનાગઢ | જુનાગઢ જિલ્લાના કેશોદ સહિત ૯ સ્થળોએ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જિલ્લા આરોગ્ય કેન્દ્રના સંકલનથી મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્યશ્રી દેવાભાઈ માલમ સહિતના મહાનુભાવો એ ઉપસ્થિત રહી રક્તદાતા ઓને પ્રોત્સાહિત કર્યા હતા. જૂનાગઢ જિલ્લામાં 'સેવા મેરા યોગદાન' અભિયાન અંતર્ગત આયોજન કરવામાં આવ્યું હતા .જિલ્લા પંચાયત જૂનાગઢની આરોગ્ય શાખા દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં રક્તદાન કેમ્પ અને અંગદાન પ્રતિજ્ઞા અભિયાન નું આયોજન કરવામાં આવ્યું હતું .જિલ્લામાં કુલ ૯ રક્તદાન કેમ્પ યોજાયા હતા .જેમાં ૩૬૪ રક્તદાતાઓ દ્વારા ઉત્સાહપૂર્વક ૩૬૪ યુનિટ રક્તદાન કરવામાં આવ્યું અને અંગદાન પ્રતિજ્ઞા ૨૮૨ દાતાઓ દ્વારા ભવિષ્યમાં અંગદાન કરવા માટેની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે 'મધમાખી પાલન : એક સફળ વ્યવસાય' તાલીમ યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ કૃષિ યુનિ.ના કિટકશાસ્ત્ર વિભાગ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી તથા નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, જૂનાગઢ ના સંયુક્ત ઉપક્રમે સૌરાષ્ટ્રના ખેડૂતો અને યુવાનો માટે 'મધમાખી પાલન : એક સફળ વ્યવસાય' વિષય પર તા. ૧૬ અને ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન બે દિવસીય તાલીમ યોજાઈ હતી. આ કાર્યક્રમના પ્રારંભે જુકૃયુ ના કુલપતિશ્રીએ મધમાખી પાલનનું કૃષિ ક્ષેત્રમાં મહત્વ તથા પાક ઉત્પાદનમાં પરાગનયનની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું હતું. ખેતી સાથે મધમાખી પાલનને પૂરક વ્યવસાય તરીકે અપનાવવાથી વધારાની આવકની તક ઊભી થઈ શકે તેમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી સંશોધન નિયામકશ્રી, કુલસચિવશ્રી તથા મદદનીશ બાગાયત નિયામકશ્રી દ્વારા પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કુલ ૬૮ ખેડૂતો અને યુવાનોએ ભાગ લીધેલી તાલીમમાં મધમાખી ઉછેરની વૈજ્ઞાનિક પદ્ધતિઓ, વસાહતની સંભાળ, મધ અને અન્ય ઉત્પાદનોનું ઉત્પાદન, રાણી મધમાખીનું મહત્વ, રોગ-જીવાત વ્યવસ્થાપન તથા મધમાખીની પેટીઓની જાળવણી અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## આઈ.સી.ડી.એસ. કચેરી ભેસાણ દ્વારા 'પોષણ ઉત્સવ-૨૦૨૬' અંતર્ગત વાનગી સ્પર્ધા યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ | આઈ.સી.ડી.એસ. કચેરી, ભેસાણ દ્વારા ઘટક કક્ષાના 'પોષણ ઉત્સવ-૨૦૨૬' અંતર્ગત તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ શ્રી ગંગેશ્વર મહાદેવ મંદિર, ભેસાણ ખાતે વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું,આ સ્પર્ધામાં આંગણવાડી કાર્યકર બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મિલેટ્સ તથા ટેક હોમ રાશનમાંથી વિવિધ પૌષ્ટિક વાનગીઓ તૈયાર કરી હતી. સ્પર્ધામાં બાજરી, જુવાર અને રાગી જેવા મિલેટ્સ એટલે કે 'શ્રી અન્ન' તેમજ ટેક હોમ રાશન હેઠળ મળતા માતૃ શક્તિ, પૂર્ણા શક્તિ અને બાલ શક્તિના પેકેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બાળકો, કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓને જરૂરી પ્રોટીન તથા પોષકતત્વો મળી રહે તેવા પૌષ્ટિક આહારને પ્રોત્સાહન આપવાના હેતુથી વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા લાભાર્થીઓ તથા વાલીઓને મિલેટ્સ અને ટેક હોમ રાશનના પોષણમૂલ્ય તથા તેના યોગ્ય ઉપયોગ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. દૈનિક આહારમાં બાજરી, જુવાર અને રાગી જેવા સ્થાનિક ધાન્યનો સમાવેશ કરી પૌષ્ટિક અને સંતુલિત આહાર મેળવવા અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. વાનગી સ્પર્ધામાં શ્રેષ્ઠ વાનગી તૈયાર કરનાર આંગણવાડી કાર્યકર બહેનોને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ આપવામાં આવ્યો હતો તેમજ પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રીના પ્રતિનિધિ, તાલુકા આરોગ્ય કચેરીનો સ્ટાફ, આઈ.સી.ડી.એસ. કચેરીનો સ્ટાફ, આંગણવાડી કાર્યકર બહેનો તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતે ઈ.ચા. સી.ડી.પી.ઓ., ભેસાણ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

રિપોર્ટર .કમલેશ પટેલ | સંખેડા

સંખેડાના પ્રખ્યાત કાછિયાવાડ યુવક ગણેશ મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણપતિજીની સ્થાપના કરવામાં આવી છે. આ વર્ષે મંડળે હિમાલયની થીમ પર ગણેશજીને બિરાજમાન કર્યા છે, જે લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.મંડળ દ્વારા ગુફામાં બિરાજમાન ગણપતિજીના દર્શનનો લાભ હરિભક્તો અને નાના બાળકો લઈ રહ્યા છે. આ થીમ દર વર્ષે અલગ-અલગ હોય છે



અને હંમેશા આકર્ષણ જમાવે છે.રાત્રિના સમયે લાઈટિંગ ડેકોરેશન સાથે અહીંનો નજારો જોવા જેવો હોય છે. દાદાના દર્શન માટે મોટી સંખ્યામાં મહિલાઓ, બાળકો અને ભક્તોની ભીડ ઉમટી રહી છે.મંડળની આ ક્રિએટિવિટી અને નવી થીમ દર વર્ષે લોકોમાં ચર્ચાનો વિષય બને છે.

# સરકેશ્વર બીચ પર સ્વચ્છ સાગર અભિયાન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદના સરકેશ્વર બીચ પર આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સફાઈ અભિયાન કરવામાં આવ્યું. ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ સ્ટેશન પીપાવાવ દ્વારા આ અભિયાન યોજવામાં આવ્યું હતું. આમાં કોસ્ટ ગાર્ડ સહિત વિવિધ સંસ્થાઓના સ્વયંસેવકો જોડાયા હતા.આ અભિયાનમાં મરીન પોલીસ, સ્ટેટ પોલીસ, સિન્ટેક્સ અને અલ્ટ્રાટેક જેવી સંસ્થાઓના સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. સ્વચ્છ દરિયાકાંઠો, સ્વચ્છ સમુદ્ર અને ટકાઉ ભવિષ્યનો સંદેશ આપવા માટે આ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.સાગર' અભિયાન સફળતાપૂર્વક યોજાયું હતું. ભારત સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના માર્ગદર્શન હેઠળ ભારતભરમાં આ વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશમાં વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ અને સ્થાનિકોએ ઉત્સાહભેર જોડાઈને સમગ્ર બીચ ની સફાઈ અભિયાન દરમિયાન સરકેશ્વર બીચ પરથી આશરે ૮૦૦ કિલો કચરો એકત્ર કરવામાં આવ્યો. દરિયાઈ પર્યાવરણને સ્વચ્છ અને સુરક્ષિત રાખવાનો આનો મુખ્ય હેતુ હતો. લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા માટે પણ આ અભિયાન કરાયું હતું. જાફરાબાદ સ્કૂલના ૪૦ વિદ્યાર્થીઓ




અને આદિત્ય બિરલા સ્કૂલના ૫૫ વિદ્યાર્થીઓ પણ આમાં જોડાયા હતા. વિસ્તારમાંથી મોટી માત્રામાં પ્લાસ્ટિક અને કાચનો કચરો એકત્ર કરીને દરિયાઈ પર્યાવરણ અને જીવોના રક્ષણ નો સંદેશ આપવામાં આવ્યો આવેલ દરિયાકિનારાનો સ્વચ્છ રહેવાથી પ્લાસ્ટિક ના પ્રદુષણથી દરિયાઈ જીવસૃષ્ટિ ને થતું નુકસાન અટકાવી શકાય છે. આ અભિયાનનો મુખ્ય હેતુ દરિયાકિનારાને સ્વચ્છ રાખીને પર્યાવરણ પ્રત્યે લોકોમાં વ્યાપક જનજાગૃતિ લાવવાનો છે. બીચ પરથી વિખરાયેલો પ્લાસ્ટિક, કાચ અને અન્ય કચરો વીણીને તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ICGS પીપાવાવના કમાન્ડન્ટ સુભાષ કપૂર, કમાન્ડિંગ ઓફિસર, આસિસ્ટન્ટ કમાન્ડન્ટ સાગર આર. અને એક્ઝિક્યુટિવ ઓફિસર ICGS પીપાવાવ હાજર રહ્યા હતા. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. ગોહિલ, સિન્ટેક્સના CEO શ્રી એન્ટની લિયો અને કર્નલ સંદીપ સિંહ સહિતના આગેવાનો અને NCC કેડેટ્સ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા અભિયાનનો મુખ્ય હેતુ દરિયાઈ પર્યાવરણ અને જીવસૃષ્ટિ ને પ્લાસ્ટિક ના પ્રદુષણથી બચાવવી, કિનારાની સુંદરતા જાળવવા અને સ્થાનિક લોકો તેમજ પ્રવાસીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવી સામૂહિક જવાબદારી નો સંદેશો આપવાનો હતો.

## વંથલી તાલુકામાં 'સેવાસેતુ'ના બીજા તબક્કાનો પ્રારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

રાજ્ય સરકારના સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત વંથલી તાલુકા માં 'સેવાસેતુ'ના બીજા તબક્કાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.૨૧/૦૯/૨૦૨૬ થી તા.૦૯/૧૦/૨૦૨૬ દરમિયાન તાલુકાના વિવિધ ગામોને આવરી લેતા પાંચ ક્લસ્ટરમાં સેવાસેતુ કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમો થકી વંથલી તાલુકાના ગામોના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓનો લાભ તેમના નજીકના સ્થળે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. 'સેવાસેતુ' કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે અને વિવિધ સરકારી સેવાઓનો લાભ સરળતાથી તથા નજીકના સ્થળે મળી રહે તેવો છે. કાર્યક્રમ દરમિયાન નાગરિકો માટે જરૂરી દસ્તાવેજો તૈયાર કરાવવા, વિવિધ સરકારી યોજનાઓનો લાભ મેળવવા માટે અરજી કરવા તેમજ પ્રાથમિક સ્તરે પ્રશ્નો ના નિરાકરણ માટે સંબંધિત વિભાગોના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહેશે. વંથલી તાલુકામાં પ્રથમ તબક્કા બાદ હવે બીજા તબક્કામાં ૨૧ સપ્ટેમ્બરે નાંદરખી, ૨૩ સપ્ટેમ્બરે બંટિયા, ૨૮ સપ્ટેમ્બરે ધુડવદર, ૫ ઓક્ટોબરે લુશાળા અને ૯ ઓક્ટોબરે વસપડા ક્લસ્ટર ખાતે સેવાસેતુ કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમોમાં આવરી લેવામાં આવેલા ગામોના નાગરિકોને રાજ્ય અને કેન્દ્ર સરકારને વિવિધ વ્યક્તિલક્ષી યોજનાઓનો સ્થળ પર જ લાભ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રા' અંતર્ગત મહીસાગર જિલ્લાની શાળાઓમાં ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન

જગદીશ ત્રિવેદી | મહીસાગર

સમગ્ર દેશ સહિત ગુજરાત રાજ્યમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સંકલ્પ અનુસાર 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' લોકભાગીદારી સાથે આગળ વધી રહી છે, ત્યારે મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે જિલ્લાની વિવિધ શાળાઓમાં ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. નવી પેઢીમાં રાષ્ટ્રભાવના જાગૃત થાય અને વિદ્યાર્થીઓ દેશના વિકાસમાં પોતાના વિચારો વ્યક્ત કરી શકે તેવા આશયથી આ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.ચિત્ર સ્પર્ધામાં રંગો થકી સર્જાયું ભવિષ્યનું ભારત જિલ્લાની શાળાઓમાં આયોજિત ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ 'મારું સપનું - વિકસિત ભારત', 'સ્વચ્છ ભારત', 'ડિજિટલ ક્રાંતિ' અને 'આત્મનિર્ભર ભારત' જેવા વિષયો પર કેનવાસ પર સુંદર કલાકૃતિઓ કંડારી હતી. વિદ્યાર્થીઓએ પોતાની સર્જનશીલતા દ્વારા દેશના વિવિધ



ક્ષેત્રોમાં થઈ રહેલા પરિવર્તનને જીવંત કર્યું હતું.વક્તૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓની જોશીલી સ્પર્ધા વક્તૃત્વ સ્પર્ધા દરમિયાન વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના વિઝન પર પોતાના ઓજસ્વી વિચારો રજૂ કર્યા હતા. યુવા વક્તાઓએ સરકારી યોજનાઓનો છેવાડાના માનવી સુધી લાભ, મહિલા સશક્તિકરણ, આધુનિક ટેક્નોલોજી અને પર્યાવરણ સંરક્ષણ જેવા મહત્વના મુદ્દાઓ પર ભાર મૂકી સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.આ પ્રસંગે ઉપસ્થિત શિક્ષકો અને મહાનુભાવોએ વિદ્યાર્થીઓના કૌશલ્યને બિરદાવી જણાવ્યું હતું કે, આજના વિદ્યાર્થીઓ આવતીકાલના ભારતનું ભવિષ્ય છે. તેમનામાં રહેલી સર્જનાત્મકતા અને ઉત્સાહ જ દેશને ૨૦૪૭ સુધીમાં વૈશ્વિક સ્તરે અગ્રેસર બનાવશે.સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્યો, શિક્ષકગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢ મ્યુઝિયમ દ્વારા રવિવારે ચિત્ર સ્પર્ધા યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ સંગ્રહાલય દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત અઢાર વર્ષથી ઉપરના માટે તા.૨૦મી સપ્ટેમ્બર રવિવારે સવારે ૧૧ થી ૨ વાગ્યા દરમિયાન તાજ મંઝિલ, સરદાર બાગ સ્થિત સંગ્રહાલય ભવનમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા માં ભાગ લેનારે જૂનાગઢના સ્થાનિક સ્થાપત્ય અથવા સંગ્રહાલય દ્વારા વ્યક્ત કરાતી વિવિધતામાં એકતા વિષયને ધ્યાનમાં રાખીને ચિત્ર બનાવવાનું રહેશે. સ્પર્ધામાં ભાગ લેવા મો.નં. ૮૩૨૦૦ ૮૨૭૪૨ ઉપર સંપર્ક કરવા સંગ્રહાલય ક્યૂરેટર ડો શેફાલિકા અવસ્થીએ એક યાદીમાં જણાવ્યું છે.

## કેશોદ તાલુકાના મઘરવાડા ગામે રક્તદાન કેમ્પનું આયોજન કરાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ કાર્યકાળના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જૂનાગઢ આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર જિલ્લામાં વિવિધ ગામોમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે કેશોદ તાલુકાના અગતરાય પીએચસી સેન્ટરના મઘરવાડા સબ સેન્ટર ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં મઘરવાડા ગામના ગામ લોકોએ ઉત્સાહભેર ભાગ લઈ સેવા સંકલ્પ અભિયાનમાં સહભાગીતા દર્શાવી હતી.

# કેશોદમાં સામાજિક વનીકરણ દ્વારા ૭૭મા વન મહોત્સવની ઉજવણી

નરેન્દ્ર દવે જૂનાગઢ

સામાજિક વનીકરણ વિભાગ, ગીર સોમનાથની કેશોદ રેન્જ દ્વારા કેશોદની શ્રી કે.એ.વણપરીયા કન્યા વિનય મંદિર ખાતે તાલુકા કક્ષાના ૭૭મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. 'એક પેડ માં કે નામ 3.0'ના સંદેશ સાથે યોજાયેલા કાર્યક્રમમાં પર્યાવરણ સંરક્ષણ અને વધુમાં વધુ વૃક્ષારોપણ કરવા અંગે જાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના અને દીપ



પ્રાગટ્યથી થયો હતો. કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ, નગરપાલિકા પ્રમુખ પ્રતીક્ષાબેન દેવળીયા, ભારતવિકાસ પરિષદના સ્થાપક પ્રમુખ ડો.સ્નેહલ તન્ના, કેશોદ તાલુકા ભાજપ પ્રમુખ પ્રકાશ રામાણી, સામાજિક વનીકરણ રેન્જ કેશોદના આર.એફ.ઓ. ઈન્ચાર્જ વેગડા, વનપાલ રાઠોડ સહિતના મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો.શાળાના સ્ટાફ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું તુલસીના છોડ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સ્વાગત ગીત તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. મહાનુભાવોએ વન સંરક્ષણ અને વૃક્ષારોપણના મહત્વ અંગે ઉદ્બોધન કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ, વૃક્ષારોપણ અને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ઉપરાંત 'વૃક્ષરથ પ્રજ્ઞા' કાર્યક્રમ પણ યોજાયો હતો. વન મહોત્સવના માધ્યમથી વૃક્ષોનું જતન, પર્યાવરણ નું સંરક્ષણ અને 'એક પેડ માં કે નામ 3.0' અભિયાનને જનભાગીદારીથી વેગ આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# જૂનાગઢ જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરી ના અધ્યક્ષસ્થાને જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ | જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષસ્થાને જૂનાગઢ જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી લીનાબેન કાવાણી તેમજ ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડિયા, શ્રી અરવિંદભાઈ લાડાણી, શ્રી દેવાભાઈ માલમ અને શ્રી ગોપાલભાઈ ઈટાલીયાની ઉપસ્થિતિમાં આ બેઠકમાં પ્રજાકીય પ્રશ્નો ના સકારાત્મક નિવારણ અર્થે વિગતવાર ચર્ચા અને પરામર્શ કરવામાં આવ્યો હતો. બેઠકમાં જૂનાગઢ જિલ્લાના વિવિધ વિસ્તારોને લગતા પ્રજાલક્ષી પ્રશ્નો તેમજ વિકાસલક્ષી કામગીરી અંગે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા- કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ જનપ્રતિનિધિ ઓ તરફથી રજૂ થયેલા પ્રશ્નોને ઉકેલવા માટે સંબંધિત વિભાગો વચ્ચે જરૂરી સંકલન જાળવી પ્રજાલક્ષી પ્રશ્નોનું સમયબદ્ધ અને અસરકારક નિરાકરણ લાવવા અધિકારીઓને સૂચનાઓ આપી હતી.આ બેઠકમાં જમીન સંબંધિત વિવિધ પ્રશ્નો જેમાં જમીનની માપણી, હદ નિર્ધારણ, જમીનના દસ્તાવેજો, પ્રોપર્ટી કાર્ડ સહિત ના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત જાહેર માર્ગો પર દબાણ, નેશનલ હાઈવે, ગ્રામ પંચાયતોનું નિર્માણ તેમજ પીવાના પાણી સહિતના પ્રજાકીય પ્રશ્નો રજૂ કર્યા હતા. આ સંદર્ભમાં સંલગ્ન અધિકારીશ્રીઓએ પ્રશ્નોના નિવારણ અર્થે પ્રત્યુત્તર પાઠવ્યા હતા અને તેના યોગ્ય ઉકેલ માટે પરામર્શ કર્યો હતો.આબેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંતસિંહ રાઠૌર, નાયબ વન સંરક્ષકશ્રી અક્ષય જોષી અને શ્રી પ્રશાંત તોમર, નિવાસી અધિક કલેક્ટર સુશ્રી બી.એસ. બારડ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી પી.એ.જાડેજા સહિત જિલ્લા સંકલન સમિતિના સભ્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરી ના અધ્યક્ષસ્થાને જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષસ્થાને જૂનાગઢ જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી લીનાબેન કાવાણી તેમજ ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડિયા, શ્રી અરવિંદભાઈ લાડાણી, શ્રી દેવાભાઈ માલમ અને શ્રી ગોપાલભાઈ ઈટાલીયાની ઉપસ્થિતિમાં આ બેઠકમાં પ્રજાકીય પ્રશ્નો ના સકારાત્મક નિવારણ અર્થે વિગતવાર ચર્ચા અને પરામર્શ કરવામાં આવ્યો હતો.બેઠકમાં જૂનાગઢ જિલ્લાના વિવિધ વિસ્તારોને લગતા પ્રજાલક્ષી પ્રશ્નો તેમજ વિકાસલક્ષી કામગીરી અંગે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા- કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ જનપ્રતિનિધિ ઓ તરફથી રજૂ થયેલા પ્રશ્નોને ઉકેલવા માટે સંબંધિત વિભાગો વચ્ચે જરૂરી સંકલન જાળવી પ્રજાલક્ષી પ્રશ્નોનું સમયબદ્ધ અને અસરકારક નિરાકરણ લાવવા અધિકારીઓને સૂચનાઓ આપી હતી.આ બેઠકમાં જમીન સંબંધિત વિવિધ પ્રશ્નો જેમાં જમીનની માપણી, હદ નિર્ધારણ, જમીનના દસ્તાવેજો, પ્રોપર્ટી કાર્ડ સહિત ના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત જાહેર માર્ગો પર દબાણ, નેશનલ હાઈવે, ગ્રામ પંચાયતોનું નિર્માણ તેમજ પીવાના પાણી સહિતના પ્રજાકીય પ્રશ્નો રજૂ કર્યા હતા. આ સંદર્ભમાં સંલગ્ન અધિકારીશ્રીઓએ પ્રશ્નોના નિવારણ અર્થે પ્રત્યુત્તર પાઠવ્યા હતા અને તેના યોગ્ય ઉકેલ માટે પરામર્શ કર્યો હતો. આબેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંતસિંહ રાઠૌર, નાયબ વન સંરક્ષકશ્રી અક્ષય જોષી અને શ્રી પ્રશાંત તોમર, નિવાસી અધિક કલેક્ટર સુશ્રી બી.એસ. બારડ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી પી.એ.જાડેજા સહિત જિલ્લા સંકલન સમિતિના સભ્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બારમેડા સર્જિકલ હોસ્પિટલ ખાતે ગણેશ ઉત્સવની શાનદાર ઉજવણી

નરેન્દ્ર દવે જૂનાગઢ

દર વર્ષની પરંપરા જાળવી રાખતાં આ વર્ષે પણ ડૉ.શૈલેશ બારમેડા પરિવાર દ્વારા હીરાપન્ના કોમ્પ્લેક્સ, જૂનાગઢમાં આવેલી બારમેડા સર્જિકલ હોસ્પિટલ ખાતે ગણેશ



ઉત્સવનું ભવ્ય અને ભક્તિમય આયોજન કરવામાં આવ્યું હતું. ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસે અત્યંત કલાત્મક રીતે સ્વહસ્તે તૈયાર કરવામાં આવેલા સુંદર મંડપમાં માટીમાંથી બનાવવામાં આવેલી ઈકો-ફ્રેન્ડલી ગણેશજી ની મૂર્તિનું વિધિવત્ સ્થાપન કરવામાં આવ્યું હતું. ઉત્સવના ત્રણેય દિવસ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ઉપસ્થિત રહી ભક્તિમય વાતાવરણમાં શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના, આરતી, પ્રસાદ, ગરબા અને શ્રી ગણેશજીનાં દર્શનનો લાભ લીધો હતો. સમગ્ર હોસ્પિટલ પરિસર ગણપતિ બાપ્પાના જયઘોષથી ગુંજી ઊઠ્યું હતું. ઉત્સવના ત્રીજા દિવસે મહાઆરતી બાદ સૌએ ઉત્સાહભેર રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. ત્યારબાદ સૌના પ્રિય ગણેશજીને વિસર્જન સાથે ભાવભરી વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે ભક્તોની આંખોમાં હર્ષ અને વિયોગની લાગણી સાથે ભાવુક દૃશ્યો સર્જાયાં હતાં. આ સમગ્ર ઉત્સવ દરમિયાન ભક્તિ, શ્રદ્ધા, આનંદ અને સામૂહિક એકતાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. અંતમાં, "ગણપતિ બાપ્પા મોરિયા, આવતા વર્ષે વહેલા આવજો!"ના ગગનભેદી જયઘોષ સાથે સૌએ ભગવાન શ્રી ગણેશજીના આશીર્વાદ સદાય સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્યની વૃદ્ધિ કરતા રહે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી. ભક્તિભાવપૂર્વક યોજાયેલ આ ગણેશ ઉત્સવમાં શ્રી મારુ કંસારા યુવા પ્રગતિ મંડળના સભ્ય પરિવારો, અન્ય જ્ઞાતિજનો, હીરાપન્ના કોમ્પ્લેક્ષના સભ્યો, અન્ય શહેરીજનો સાથે મિત્રો એ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે ડૉ શૈલેશ બારમેડા અને તુષારભાઈ છત્રારા ના પરિવારજનો, હોસ્પિટલના સ્ટાફ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## મેંદરડા તાલુકાના પીએમશ્રી સીમ પ્રાથમિક શાળાના શિક્ષકનું ક્રિડા સાધના એવોર્ડથી સન્માન કરાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ



અંબાજી મુકામે ગુજરાત રાજ્ય અને રાષ્ટ્રીય એવોર્ડ ટીચર્સ ફેડરેશન દ્વારા ગુજરાત રાજ્યના અંદાજિત 950 જેટલા રાજ્ય અને રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરનાર શ્રેષ્ઠ શિક્ષકોમાંથી મેંદરડા તાલુકાના મિતુલભાઈ જિલડીયાને રમત-ગમત કેટેગરીમાં ક્રીડા સાધના એવોર્ડ માટે પસંદ કરી એમનું ક્રીડા સાધના એવોર્ડ-2026થી સન્માન કરવામાં આવ્યુ. મિતુલભાઈ જિલડીયાની આ પસંદગી નેશનલ કક્ષાએ સિવિલ સર્વિસીસ ગેમ્સમાં એથલેટીક્સ અને બાસ્કેટબોલમાં કરાયેલ પ્રદાન, જિલ્લા પંચાયતની ક્રિકેટ ટીમમાં છેલ્લા દસ વર્ષથી કરેલ યોગદાન, સાહિતની કામગીરીને ધ્યાનમાં લઈને કરવામાં આવ્યું છે.

# દાહોદના ભાડભા ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીનો આદિવાસી યુવાનો સાથે સંવાદ

દિપક રાવલ | દાહોદ લીમખેડા

આયુષ્માન ભારત: એક યુવાએ જણાવ્યું કે તેમના દાદાજીનું હૃદયના ઓપરેશન વિના મૂલ્યે આ કાર્ડથી થઈ ગયું. જ્યારે એક વડીલે ઊભા થઈને કહ્યું કે તેમના ધર્મપત્નિનું પથરીનું ઓપરેશન મલ્ટી સ્પેશ્યલીટી હોસ્પિટલમાં કરાવ્યું અને તે માટે આયુષ્માન કાર્ડ થકી ૭૦,૦૦૦ રૂપિયાની સારવાર વિનામૂલ્યે થઈ ગઈ. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે ગુજરાતમાં હવે ૧૦ લાખ રૂપિયા સુધીની મફત સારવાર આ યોજના હેઠળ ઉપલબ્ધ છે.શિક્ષણ સહાય: એક વિદ્યાર્થીએ જણાવ્યું કે B.Sc. નર્સિંગના અભ્યાસ માટે ઈ-નિર્માણ કાર્ડ દ્વારા ૫૦,૦૦૦ રૂપિયાની સંપૂર્ણ શિક્ષણ સહાય સીધી મળી છે, તેમજ BAMS કરી રહેલી બહેનને ફ્રી-શિપ કાર્ડનો પૂરો લાભ મળી રહ્યો છે.પી.એમ. આવાસ યોજના: એક સ્થાનિક યુવાને જણાવ્યું કે દાદાના સમયના કાચા મકાનમાંથી મુક્તિ મેળવી તેમના પરિવારને ૩.૫ લાખ રૂપિયાની સહાયથી પાકું મકાન મળ્યું છે. પી.એમ. કિસાન સન્માન નિધિ અને પશુ સેવા: ખેડૂતોને વાર્ષિક ૬,૦૦૦ રૂપિયાની સહાય સીધી ખાતામાં જમા થવા તથા ૧૯૬૨ હેલ્પલાઇન થકી અબોલ પશુઓની તાત્કાલિક સારવારની સેવાની પણ યુવાનોએ પ્રશંસા કરી હતીં.નિક ૨૫ મિનિટ સમાજ સેવા માટે આપવા આહ્વાન. સંવાદના અંતે નાયબ મુખ્યમંત્રીશ્રીએ તમામ યુવાનોને પોતાના સપના સાકાર કરવા મહેનત કરવાની સાથે સાથે આગામી એક મહિના સુધી રોજની ૨૫ મિનિટ સામાજિક સેવા માટે ફાળવવા અનુરોધ કર્યો હતો. તેમણે ગામની સ્વચ્છતા, સરકારી શાળાઓમાં બાળકોને ભણાવવા, રક્તદાન, વૃદ્ધોની સેવા અને જરૂરિયાતમંદોને સરકારી યોજનાઓ સાથે જોડવા માટે યુવાશક્તિને સક્રિય બનવા ભાવપૂર્વક આહ્વાન કર્યું હતું.

## મહીસાગર જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ




જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લા સેવા સદન ખાતે સભાખંડમાં જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિ ભાગ-૧ અને ભાગ-૨ ની અગત્યની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લાના વિકાસના કામો, વહીવટી કામગીરીની સમીક્ષા અને લોકપ્રશ્નોના સુચારુ નિરાકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જનપ્રતિનિધિઓ દ્વારા પ્રજાના હિતને લગતા વિવિધ મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પુવાર તથા બાલાસિનોરના ધારાસભ્ય શ્રી માનસિંહ ચૌહાણ તેમજ લુણાવાડા ના ધારાસભ્ય શ્રી ગુલાબસિંહ ચૌહાણ દ્વારા લોકકલ્યાણ અને પ્રજાહિતલક્ષી અનેક પ્રશ્નો બેઠકમાં મૂકવામાં આવ્યા હતા. આ રજૂ કરાયેલા પ્રશ્નોના સંદર્ભમાં સંબંધિત વિભાગના અમલીકરણ અધિકારીઓ દ્વારા સકારાત્મક પ્રતિભાવ સાથે સંતોષકારક જવાબો પૂરા પાડવામાં આવ્યા હતા અને પ્રશ્નોના સત્વરે નિરાકરણ માટેની દિશા નક્કી કરવામાં આવી હતી. તાજેતરમાં ચાલતા 'સેવા સંકલ્પ અભિયાન'ની રૂપરેખા અને આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. દરેક સરકારી વિભાગો વચ્ચે યોગ્ય તાલમેલ જળવાઈ રહે અને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી વિના વિલંબે પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે તમામ સંબંધિત અધિકારીઓને જરૂરી દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા, જિલ્લાના પ્રશ્નોના સત્વરે ઉકેલ અને વહીવટી સંકલન માટે યોજાયેલી આ મહત્વપૂર્ણ બેઠકમાં સંતરામપુરના ધારાસભ્ય શ્રી કુબેરભાઈ ડિંડોર, અધિક નિવાસી કલેક્ટર શ્રી સી.વી.લટા સહિત સંકલન સમિતિના તમામ સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદમાં શિક્ષણથી વંચિત બાળકોનું સન્માન

દિપક રાવલ | દાહોદ લીમખેડા

શિક્ષણ વિભાગ - ગુજરાત સરકાર દ્વારા પ્રેરિત અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દાહોદ તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દાહોદના સંયુક્ત ઉપક્રમે 'વિકસિત ભારત ૨૦૪૭ : સેવા સંકલ્પ ૨૦૨૬' અંતર્ગત શિક્ષણથી વંચિત રહેલ બાળકો ને પ્રોત્સાહિત કરવા માટે ' સન્માન કાર્યક્રમ (પ્રાથમિક અને માધ્યમિક)' બી.આર.સી. ભવન દાહોદ ખાતે ભવ્ય રીતે યોજાયો. આ કાર્યક્રમ દાહોદના ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરીની અધ્યક્ષતામાં યોજાયો હતો. કાર્યક્રમમાં દાહોદ નગરપાલિકા પ્રમખશ્રી, દાહોદ તાલુકા પંચાયત પ્રમુખશ્રી,



જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, શિક્ષણ નિરીક્ષકશ્રી,જિલ્લા એસ.ટી.પી.કૉ.ઑ તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ તાલુકાના બી.આર.સી.કૉ.ઑ. શ્રીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના વરદ હસ્તે શિક્ષણથી વંચિત રહી ગયેલા અને શિક્ષણ ના મુખ્ય પ્રવાહમાં પુનઃ જોડાયેલા પ્રાથમિક અને માધ્યમિક શાળાના બાળકોને બેગ આપી સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી કનૈયાલાલ કિશોરીએ બાળકોને પ્રોત્સાહિત કરતા શિક્ષણનુ મહત્વ સમજાવ્યું અને રાજ્યના તમામ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે અને કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે તેમ જણાવવામાં આવ્યું હતું.આ સન્માન સમારોહમાં એસ.એસ.એ. (Samagra Shiksha Abhiyan) સ્ટાફ, વિવિધ પદાધિકારીઓ, શિક્ષકો તથા મોટી સંખ્યામાં બાળકો હાજર રહ્યા હતા. તમામના સામુહિક સહયોગથી આ કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહપૂર્વક અને સફળતાપૂર્વક સંપન્ન થયો.

## વિકસિત ભારત ૨૦૪૭' અંતર્ગત વાવ-થરાદ જિલ્લામાં યોજાઈ ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધા: ૧.૨૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા

માહિતી બ્યુરો, થરાદ | સેવા હી સંકલ્પ તથા 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા તેમજ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, રાષ્ટ્રીય ભાવના, અભિવ્યક્તિ કૌશલ્ય અને ભવિષ્યના ભારત અંગેની વિચારશક્તિ વિકસે તે હેતુસર વાવ-થરાદ જિલ્લામાં ચિત્ર સ્પર્ધા તથા વક્તૃત્વ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ સમગ્ર સ્પર્ધાનું આયોજન જિલ્લા શિક્ષણાધિકારી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. જિલ્લાની કુલ ૭૮૪ શાળાઓના ધોરણ ૬ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ આ આયોજનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.ચિત્ર સ્પર્ધામાં કુલ ૧,૦૭,૮૯૩ વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાની કલાત્મક પ્રતિભા અને 'વિકસિત ભારત ૨૦૪૭' અંગેની કલ્પનાને રંગોના માધ્યમથી કેનવાસ પર રજૂ કરી હતી. જ્યારે વક્તૃત્વ સ્પર્ધામાં કુલ ૧૩,૫૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાના વિચારો, અભિપ્રાયો અને ભારતના ઉજ્જવળ ભવિષ્ય અંગેનું દૃષ્ટિકોણ રજૂ કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ૪,૭૦૪ SMC કમિટીના સભ્યો તથા ૧૧,૭૬૦ વાલીઓએ ઉપસ્થિત રહીને બાળકોના ચિત્રો નિહાળ્યા હતા તેમજ વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.વિદ્યાર્થીઓની વિશાળ સંખ્યામાં ભાગીદારીને કારણે સમગ્ર જિલ્લાની શાળાઓમાં ભારે ઉત્સાહપૂર્ણ વાતાવરણ સર્જાયું હતું. સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ, વક્તૃત્વ કૌશલ્ય, રાષ્ટ્રીય ચેતના અને વિકસિત ભારતના નિર્માણમાં પોતાની ભૂમિકા અંગે જાગૃતિ કેળવવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે.શાળાકક્ષાની સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આગામી તારીખ ૨૬/૦૯/૨૦૨૬ના રોજ યોજાનાર તાલુકા કક્ષાની સ્પર્ધા માટે આમંત્રિત કરવામાં આવશે, જ્યાં વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા પુનઃ રજૂ કરવાની અને આગળના તબક્કા માટે પસંદગી પામવાની તક મળશે.

# વડોદરામાં 5મા માળેથી કૂદીને ધો.10ની વિદ્યાર્થિનીનો આપઘાત!

વડોદરા | વડોદરાના માંજલપુર સ્થિત સ્કૂલમાં ધોરણ-10માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ મકરપુરા વિસ્તારના પોતાના મકાનની બિલ્ડિંગના પાંચમા માળેથી કૂદીને જીવન ટૂંકાવ્યું છે. વિદ્યાર્થિનીએ સ્કૂલથી આવ્યા બાદ ટેરેસ પર જઈને નીચે પડતું મૂક્યું હતું. ધડાકાભેર અવાજ આવતાની સાથે સ્થાનિકો સહિત પરિવારજનો નીચે દોડી પહોંચ્યા હતા. સમગ્ર મામલે જાણ કરતાં મકરપુરા પોલીસ ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહનો કબજો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, વડોદરાના મકરપુરાની રાધે રેસિડેન્સીમાં રહેતી અને માંજલપુર સ્થિત અંબે સ્કૂલમાં ધોરણ-10માં ભણતી 15 વર્ષીય વિદ્યાર્થિનીએ આપઘાત કરતાં સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. નિત્યક્રમ પ્રમાણે વિદ્યાર્થિની સ્કૂલથી ઘરે આવ્યા બાદ બિલ્ડિંગના પાંચમા માળે પહોંચી હતી અને અચાનક ટેરેસ પરથી નીચે પડતું મૂકી દીધુ હતુ. જેને પગલે વિદ્યાર્થિનીનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતુ. દીકરીએ આત્મહત્યા કરતા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. સમગ્ર મામલે જાણ કરતાં મકરપુરા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને મૃતક વિદ્યાર્થિનીનો મૃતદેહ પીએમ અર્થે સરકારી હોસ્પિટલ મોકલ્યો છે. આપઘાત પાછલનું સાચું કારણ જાણવા પોલીસ દ્વારા વિદ્યાર્થિનીના પરિવારજનો, સ્કૂલના સહપાઠી અને શિક્ષકો સહિતની પૂછપરછ કરી વધુ તપાસ કરવામાં આવશે.

# દ્રૌપદીના જીવનના રંગો



\- રુપાલી દવે

માન્યું કે અર્જુન એ દ્રૌપદી ને મેળવવા દ્રુપદ રાજા ની શર્ત મુજબ માછલી ની આંખ વીંધી હતી પણ પતિ ધર્મ ની ફરજ પાળી શક્યા નહતા. નવ વિવાહિતા સ્ત્રી નું સાસરિયે પગ મૂકતા જ જે ધામધૂમ થી સ્વાગત થવું જોઈતું હતું તેવું થવાના બદલે નિર્જીવ રમકડા ની માફક અર્જુન એ માતા ની આજ્ઞા નું અક્ષરશઃ પાલન કરી ને એના જીવન ના પાંચ સરખા ભાગ કર્યા હતા. ભારતીય સમાજ મહાભારત ના સમય થી લઈને આજેપણ સંકુચિત કુંઠિત વિચાર સરણી ધરાવે છે.આ કારણોસર તો દુર્યોધન દ્વારા અવાર નવાર 'પાંચાલી' શબ્દ દ્વારા દ્રૌપદી અપમાનિત થયા કરતી હતી. પુરુષ ને પાંચ પત્ની સામન્ય પણ સ્ત્રી ને પાંચ પતિ સ્વીકાર્ય નથી.

પાંચ પાંડવો ને માત્ર દ્રૌપદી જ એક પત્ની નહતી પાંચેય પાંડવો ને દ્રૌપદી સહિત કમ સે કમ બે ત્રણ પત્નીઓ તો હતી જ.ખુદ અર્જુન ને ઉલૂપી,ચિત્રાંગદા અને સુભદ્રા નામની પત્નીઓ હતી.ભીમ ને હિડિંબા અને બાલધરા, નકુલ ની પત્ની કરેણ મતી અને સહદેવ ની પત્ની વિજયા નામની દ્રૌપદી સહિત પત્નીઓ હતી. ધર્મ રાજ યુધિષ્ઠિર ને પણ દ્રૌપદી સહિત દેવિકા નામની પત્ની પણ હતી. દ્રૌપદી ને પાંચ પાંડવો થી પાંચ પુત્રો થયા હતા જેનો નિદ્રાધીન અવસ્થામાં જ અશ્વસ્થામા એ વધ કરી નાખ્યો હતો. મહાભારત માં પાંચ પાંડવો ની અન્ય પત્નીઓ નો ખાસ ઉલ્લેખ થયો નથી આખો મહાભારત ગ્રંથ 'પાંચ પાંડવો ની પત્ની દ્રૌપદી' ની આસપાસ જ વણાયેલો છે એટલે જ ભીષ્મ પિતામહ એ ભૂલ થી અખંડ સૌભાગવતી ના આશીર્વાદ દ્રૌપદી ને આપી દીધા હતા. અર્જુન અને સુભદ્રા ના પુત્ર અભિમન્યુ અને ભીમ ના પુત્ર ઘટોત્કચ નો મહાભારત ના યુદ્ધ માં ઉલ્લેખ થયો છે પણ પાંચ પાંડવો ના અન્ય પુત્રો વિશે ખાસ ચર્ચા થઈ નથી.

દ્રૌપદી ના પાત્ર પરથી 'અખંડ સૌભાગવતી' ખુદ ને સાબિત કરવા માટે સ્ત્રીઓને એના આખા જીવન માં કેટકેટલા બલિદાન આપવા પડતા હોય છે એ સમજી શકાય છે. પાંચ યુવાન પુત્રો ને ગુમાવ્યા બાદ માતા દ્રૌપદી ને 'ક્ષત્રિય' સુતા સુતા મૃત્યુ પામે તો જીવ અવગતે જશે નો ભય ઊંડે સુધી સતાવ્યા કરતો હતો. મહાભારત ના યુદ્ધ માં કૌરવ સેના ના સેનાપતિઓ અને વિશાળ સૈન્ય બળ જોતા પત્ની સહજ ભય લાગવો સ્વાભાવિક છે.ભીષ્મ પિતામહ જેવા યોદ્ધા કૌરવો ની સેના માં હતા છતાય એ પાંડવો પ્રત્યે મમત્વ હોવાના લીધે એનું ધનુષ્ય તીર માંથી નિકળતું તો હતું પણ પાંચ પાંડવો ને સ્પર્શ પણ કરતું નહતુ.મહાભારત ના યુદ્ધ ના દિવસો એક પછી એક વીત્યા બાદ પણ પાંચ પાંડવો સુરક્ષિત જોતા દુર્યોધન ની ચિંતા વધી ગઈ. રાત્રે કૌરવો ની છાવણી માં બીજા દિવસ ની વ્યૂહ રચના વખતે દુર્યોધન એ ભીષ્મ પિતામહ ને કહ્યું કે પિતામહ,માફ કરજો ભૂલ થતી હોય તો પણ આપના બાણ પાડવો સુધી પોંહચતા નથી.આ તો સરાસર ભેદભાવ છે આટલા બધા દિવસો બાદ પણ પાંચ પાંડવો ને નાનકડી ખરોચ પણ આવી નથી. ત્યારે ભીષ્મ પિતામહ એ દુર્યોધન ને ખાતરી આપતા કહ્યુ હતું કે કાલ તારી પત્ની ને મારી છાવણી માં મોકલ જે 'અખંડ સૌભાગવતી' ના એને આશીર્વાદ આપીશ.

જેના રથી ભગવાન શ્રી કૃષ્ણ હોય એને કાળ નો બાપ પણ હરાવી શકતો નથી. ભીષ્મ પિતામહ ના આશીર્વાદ માં એવી તાકાત હતી કે જો દુર્યોધન ની પત્ની ને અખંડ સૌભાગવતી ના આશીર્વાદ મળે તો પાંડવો થી કૌરવો ને હરાવવા મુશ્કેલ બની જાય. સવાર સવારે કાળી કામળી ઓઢી ને ભગવાન શ્રી કૃષ્ણ એ દ્રૌપદી ને તૈયાર કરીને ભીષ્મ પિતામહ ની છાવણી તરફ લઈ ગયા.ભીષ્મ પિતામહ ની છાવણી નજીક પોંહચતા જ દ્રૌપદી ને લાંબો ઘૂંઘટ કરવાનું સૂચવી ને ભગવાન શ્રી કૃષ્ણ એ સમજાવ્યું હતું કે અંદર જઈને એક પણ પ્રશ્ન નો પ્રત્યુતર આપવાનો કે એકપણ વાક્ય બોલવાનું નથી. કદાચ બોલ તો મારું નામ તો બિલકુલ બોલતી જ નહી.વહેલી સવાર ની પૂજા વગેરે થી નિવૃત થઈ ને ભીષ્મ પિતામહ પોતાના સિંહાસન પર બેઠા હતા ત્યારે દ્રૌપદી એ આશીર્વાદ લેવા માટે નીચા નમ્યા. દુર્યોધન ની પત્ની સમજી ને ભીષ્મ પિતામહ એ દ્રુપદી ને 'અખંડ સૌભાગવતી' ના આશીર્વાદ આપ્યા.પતિ પારાયણ સ્ત્રી દ્રૌપદી આશીર્વાદ મળતા વાર માં ખુશ ખુશાલ થતા બોલી ઉઠ્યા કે દાદા શ્રી,હવે આપ પાંડવો ને મારી શકશો નહી. ભીષ્મ પિતામહ એ દ્રુપદી ને પૂછ્યું કે કોણ તને મારી છાવણી સુધી લઈ આવ્યું. દ્રૌપદી ને પોતાની ભૂલ તુરંત સમજાઈ ગઈ પણ ખુબ મોડું થઈ ગયું હતું એટલે એણે વિનમ્રતા સાથે કીધું કે દાદા શ્રી,હું મારી સખી સાથે આવી છું. ભીષ્મ પિતામહ એ દ્રૌપદી ને કીધું કે ક્યાં છે તારી સખી બોલાવ તારી સખી ને છાવણી ની અંદર,મારે તારી સખી ને જોવી છે. ભગવાન શ્રી કૃષ્ણ ની આગળ જઈને દ્રૌપદી એ 'એની સખી' શબ્દ નું ઉચ્ચારણ દાદા શ્રી આગળ થયું એ વિશે કીધું.


અર્જુન ની બીજી પત્ની ભગવાન શ્રી કૃષ્ણ ની બહેન સુભદ્રા પણ હતી છતાંય અખંડ સૌભાગવતી ના આશીર્વાદ દ્રૌપદી ને કેમ લેવડાવ્યા? પાંચ પાંડવો ની અન્ય પત્નીઓ વૈભવ વિલાસ અને સુખ સાહેબી માં જીવન વ્યતિત કરતી હતી.દ્રુપદ રાજા ની એક ની એક લાડલી પુત્રી દ્રૌપદી ધારત તો પાંડવો ના અતિ મુશ્કેલ સંઘર્ષમય જીવન માં સાથ આપવા ને બદલે પિતૃગૃહે રહી શકત.

દ્રૌપદી નું આખું જીવન પાંચ પાંડવો અને માતા કુંતી સાથે વ્યતિત થયું છે એ એક શ્રેષ્ઠ પત્ની,સારી પુત્રવધુ અને પતિ પારાયણ સ્ત્રી હતા.સાસુ ના ફરમાન 'પાંચેય સરખા ભાગે વહેંચી લેજો' ને આજીવન મૂંગે મોંઢે સહન કર્યા કર્યું.પાંડવો ની ભૂલ ના લીધે કૌરવો સામે જુગાર માં હાર્યા બાદ દુશાસન દ્વારા થયેલ વસ્ત્ર હરણ,દુર્યોધન ના અતિ નિમ્ન કક્ષા ના કટુ વચનો વગેરે વગેરે સહન કર્યા બાદ પણ દ્રૌપદી એ પાંડવો સાથે ૧૨ વર્ષ નો વનવાસ અને એક વર્ષ નો ગુપ્ત વાસ કર્યો હતો. કૌરવો એ ૧૨ વર્ષ નો વનવાસ અને એક વર્ષ નો ગુપ્ત વાસ પાંડવો માટે નક્કી કર્યો હતો દ્રૌપદી ધારત તો એ આટલા વર્ષ સુધી એના પિયર રહી શકી હોત. શાસ્ત્ર કહે છે કે જે સ્ત્રી એના પતિ ના સુખ દુઃખ માં સાથ આપી ને અનુસરે એ જ 'અખંડ સૌભાગવતી' સ્ત્રી ના આશીર્વાદ ની હકદાર છે.કહેવાય છે કે દ્રૌપદી જેટલું અતિ સુંદર અને લાગણીશીલ સ્ત્રી પાત્ર એ 'મહાભારત ના ગ્રંથ' માં અન્ય નથી.પાંચ પુત્રો ના વધ કરનાર અશ્વસ્થામા ને માત્ર ને માત્ર 'આ પણ એક માતા નો પુત્ર છે એ મરશે તો એની માતા પણ મારા માફક જીવતે જીવ મરી જશે' બોલી ને છોડી દે શે.

ભગવાન શ્રી કૃષ્ણ જાણતા હતા કે પાંડવો ની અન્ય પત્નીઓ 'સુખાશ્રય' માં જીવન વ્યતિત કરી રહી છે.આ કારણોસર ભગવાન શ્રી કૃષ્ણ એ એની પ્રિય સખી પાંચ પાંડવો ની પત્ની દ્રૌપદી નો ચીરી છુપી થી ભીષ્મ પિતામહ ની છાવણી માં પ્રવેશ કરાવ્યો હતો.







# આલિયાએ રાહાનો ચહેરો સંતાડ્યો

## રણબીર કપૂરે વિસર્જન દરમિયાન જય શ્રીરામનો જયઘોષ કર્યો, સુનીતા-ગોવિંદા બાપ્પાના વિસર્જનમાં પહોંચ્યા

**(એજન્સી) મુંબઈ | તા.19**

રણબીર કપૂરે શુક્રવારે પત્ની આલિયા ભટ્ટ અને માતા નીતૂ સાથે ગણેશ વિસર્જન કર્યું. આ દરમિયાન દીકરી રાહા ખોળામાં સૂતી જોવા મળી. આ સમયે રણબીરે પરિવાર સાથે ગણપતિ બાપ્પા મોરેયા અને જય શ્રી રામના જયકારા લગાવ્યા. પ્રોડ્યુસર એકતા કપૂરે પણ મુંબઈ સ્થિત પોતાના ઘરે ગણેશ પૂજાનું આયોજન કર્યું, જેમાં ફિલ્મ અને ટીવી ઈન્ડસ્ટ્રીની અનેક હસ્તીઓ પહોંચી હતી. ગોવિંદા એકતા કપૂરના ઘરે પહોંચ્યો, જ્યારે તેની પત્ની સુનીતા ભત્રીજા કૃષ્ણા અભિષેક અને કશ્મીરા શાહના ઘરે યોજાયેલી ગણેશ આરતીમાં સામેલ થયાં. ટેલિવિઝન ક્વીન અને પ્રોડ્યુસર એકતા કપૂરે પણ પોતાના ઘરે ગણેશ પૂજાનું આયોજન કર્યું હતું, જેમાં ફિલ્મ અને ટીવી ઈન્ડસ્ટ્રીની અનેક મોટી હસ્તીઓ સામેલ થઈ હતી. ગોવિંદા દીકરા યશવર્ધન સાથે આરતીમાં પહોંચ્યો. અંકિતા લોખંડે પતિ વિકી જૈન સાથે પહોંચી, જ્યારે આયુષ્માન ખુરાના, ચંકી પાંડે સહિત અનેક સેલેબ્સ આ સેલિબ્રેશનનો ભાગ બન્યા. ગોવિંદાની પત્ની સુનીતા આહૂજા તેના ભત્રીજા કૃષ્ણા અભિષેક અને કશ્મીરા શાહના ઘરે ગણપતિ સેલિબ્રેશનમાં સામેલ થઈ. આ દરમિયાન સુનીતાએ કપિલ શર્મા સાથે તસવીરો પડાવી. નોંધનીય છે કે, થોડા મહિના પહેલાં સુધી સુનીતાનો કૃષ્ણાના પરિવાર સાથે અણબનાવ ચાલી રહ્યો હતો.

# ભાગેડુ લલિત મોદીની ભૂમિકા ભજવવા માટે રણવીર સિંહ તત્પર

## લંડન જઈને IPLના સ્થાપક સામે ઈચ્છા વ્યક્ત કરી હતી, સાજિદ નડિયાદવાલા બાયોપિકનું નિર્માણ કરશે...

**(એજન્સી) મુંબઈ | તા.19**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના સ્થાપક લલિત મોદીના જીવન પર ફિલ્મ બનવા જઈ રહી છે. 'પિંકવિલા' (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ)ના અહેવાલ મુજબ, આ બાયોપિકને સાજિદ નડિયાદવાલા પોતાના બેનર 'નડિયાદવાલા ગ્રાન્ડસન એન્ટરટેઈનમેન્ટ' હેઠળ પ્રોડ્યુસ કરશે.

ફિલ્મની સ્ક્રિપ્ટ લખવાનું કામ પૂર્વ ટીવી એક્ઝિક્યુટિવ અને પ્રોડ્યુસર સ્નેહા રજની કરી રહ્યાં છે. આ ફિલ્મ લલિત મોદીના શરૂઆતના જીવન, IPLની શરૂઆત, તેમની સફળતા અને બાદમાં જોડાયેલા વિવાદો પર આધારિત હશે.

થોડા સમય પહેલાં રણવીર સિંહે લલિતની ભૂમિકા ભજવવામાં રસ દાખવ્યો હતો. ન્યૂઝ એજન્સી ANIને આપેલા ઈન્ટરવ્યૂમાં લલિત મોદીએ પણ પુષ્ટિ કરી હતી કે રણવીર તેમનું પાત્ર ભજવવા માગે છે. લલિત છેલ્લા લગભગ 16 વર્ષથી લંડનમાં રહે છે.


મેકર્સ આ બાયોપિકમાં લલિત મોદીની માત્ર હેડલાઈન્સ અને વિવાદો પર ધ્યાન આપવાને બદલે તેમના અંગત જીવન અને કારકિર્દીના વિવિધ પાસાઓ દર્શાવવા માગે છે. ફિલ્મનું લેખન અને ડેવલપમેન્ટનું કામ હજુ ચાલુ છે. ANI સાથેની વાતચીતમાં લલિત મોદીએ જણાવ્યું હતું કે, સ્નેહા રજનીના નેતૃત્વ હેઠળની એક ટીમ તેમના ડઝનબંધ ઈન્ટરવ્યૂ લઈ ચૂકી છે.

તેમણે એ પણ ખુલાસો કર્યો હતો કે, થોડાં વર્ષો પહેલાં એક્ટર રણવીર સિંહ તેમને મળવા લંડન પહોંચ્યા હતા અને તેમણે બાયોપિકમાં લલિત મોદીનું પાત્ર ભજવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જોકે, સ્ટાર કાસ્ટ અને ડિરેક્ટરને લઈને હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

લલિત મોદીનું નામ ભારતીય ક્રિકેટ, બિઝનેસ અને મનોરંજનને એકસાથે લાવવા માટે જાણીતું છે. વર્ષ 2008માં તેમણે BCCIના ઉપાધ્યક્ષ તરીકે ફ્રેન્ચાઈઝી આધારિત ટી20 ક્રિકેટ લીગ 'IPL'નો ખ્યાલ રજૂ કર્યો હતો.

તેઓ તેના પ્રથમ ચેરમેન અને કમિશનર બન્યા. જોતજોતામાં IPL દુનિયાની સૌથી મોટી રમતગમત લીગમાં સામેલ થઈ ગઈ. જોકે, 2010માં કોચી ટસ્કર્સ કેરળ ફ્રેન્ચાઈઝીની શેરહોલ્ડિંગને લઈને વિવાદ ઊભો થયો.

લલિત મોદીએ સોશિયલ મીડિયા પર સુનંદા પુષ્કરના 'સ્વેટ ઈક્વિટી' શેરનો ખુલાસો કર્યો હતો, જેના પછી તત્કાલીન કેન્દ્રીય મંત્રી શશિ થરૂરે પોતાના પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું.



### લલિત મોદીએ ભારતમાં IPL કેવી રીતે લાવ્યું

- દિલ્હીના મોટા બિઝનેસમેન પરિવારમાં જન્મેલા લલિત મોદીએ અમેરિકાથી એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યો. ત્યાર બાદ તેઓ ભારત પરત ફર્યા. અહીં તેમણે જોયું કે લોકોમાં ક્રિકેટ પ્રત્યે ભારે દીવાનગી છે. અમેરિકાની રમતોમાંથી પ્રેરણા લઈને લલિતે ભારતમાં IPL શરૂ કરાવવાનો વિચાર કર્યો. હિમાચલ, રાજસ્થાન અને પંજાબ ક્રિકેટ એસોસિએશનના સભ્ય બન્યા બાદ લલિતે BCCI સાથે મળીને IPLના પ્લાન પર કામ શરૂ કર્યું.
- આઈપીએલની શરૂઆત કરતાં લલિત મોદીએ પોતાના પરિવારના ઘણા સભ્યોને આઈપીએલમાં હિસ્સો અપાવ્યો હતો. 2008માં આઈપીએલ શરૂ થતાં જ આ લીગ સુપરહિટ બની ગઈ અને તેના માટે લલિતે ખૂબ પ્રશંસા મેળવી.
- આઈપીએલથી ખેલાડીઓ અને બીસીસીઆઈને પણ ફાયદો થવા લાગ્યો. થોડા સમય બાદ આઈપીએલ અને લલિતના અંગત સ્વાર્થની માહિતી સૌની સામે આવવા લાગી અને તેમને 2010ની આઈપીએલ ફાઈનલ બાદ બીસીસીઆઈના ઉપાધ્યક્ષ પદ પરથી હટાવી દેવામાં આવ્યા.
- અહેવાલો અનુસાર, બીસીસીઆઈએ લલિત મોદી પર 22 આરોપ લગાવ્યા હતા, જેમાં પોતાના પરિવારને કોન્ટ્રાક્ટ આપવા, આઈપીએલના પ્રસારણનો પોતાના ફાયદા માટે ઉપયોગ કરવા, હરાજીમાં ગેરરીતિ કરવા જેવા અનેક આરોપો સામેલ હતા.

### EDની તપાસ, વિદેશ જવું અને 'લલિતગેટ' વિવાદ

વર્ષ 2010માં EDએ 2009માં દક્ષિણ આફ્રિકામાં આયોજિત IPL દરમિયાન વિદેશી ચલણ વ્યવસ્થાપન અધિનિયમ (FEMA)ના ઉલ્લંઘનોની તપાસ શરૂ કરી હતી. ED દ્વારા સમન્સ જારી કરવામાં આવી રહ્યા હતા તે દરમિયાન લલિત મોદી ભારત છોડીને લંડન ચાલ્યા ગયા હતા. ત્યારબાદ તેમના વિરુદ્ધ બ્લુ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી.

વર્ષ 2015માં આ મામલો તે સમયે મોટા રાજકીય વિવાદમાં ફેરવાઈ ગયો, જ્યારે લીક થયેલા દસ્તાવેજોથી જાણવા મળ્યું કે તત્કાલીન વિદેશમંત્રી સુષમા સ્વરાજ અને રાજસ્થાનનાં મુખ્યમંત્રી વસુંધરા રાજેએ પાસપોર્ટ રદ કરવામાં આવ્યો હોવા છતાં લલિત મોદીને યુકેના ટ્રાવેલ ડોક્યુમેન્ટ્સ મેળવવામાં મદદ કરી હતી. આ સમગ્ર ઘટનાક્રમને મીડિયામાં 'લલિતગેટ' નામ આપવામાં આવ્યું હતું.

# કિશોર કુમારની બાયોગ્રાફી પર વિવાદ : 2 વર્ષ પહેલાં મળેલો નેશનલ અવોર્ડ પાછો ખેંચવાની માગ, કોર્ટની માહિતી અને પ્રસારણ મંત્રાલયને નોટિસ

**(એજન્સી) મુંબઈ | તા.19**


કિશોર કુમારની બાયોગ્રાફી 'કિશોર કુમાર: ધ અલ્ટિમેટ બાયોગ્રાફી'ને નેશનલ ફિલ્મ અવોર્ડમાં બેસ્ટ સિનેમા બુક તરીકે પસંદ કરવામાં આવતાં વિવાદ ઊભો થયો છે. પટના હાઈકોર્ટે માહિતી અને પ્રસારણ મંત્રાલય તથા NFDCને પૂછ્યું કે આખરે આ પુસ્તક ભારતીય સિનેમા પર કેવી રીતે છે.

પટનાના હિન્દી લેખક અને સાહિત્યિક વિવેચક અનંત પ્રસાદ સિન્હાએ આ પુસ્તકને અવોર્ડ આપવામાં આવે તેની વિરુદ્ધ અરજી દાખલ કરી છે. તેઓ 'અનંત' નામથી લખે છે. સિન્હાએ અરજીમાં 70મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં 'બેસ્ટ સિનેમા બુક'નો અવોર્ડ રદ કરવાની માગ કરી છે. આ પુરસ્કાર અનિરુદ્ધ ભટ્ટાચાર્ય અને પાર્થિવ ધરના પુસ્તક 'કિશોર કુમાર: ધ અલ્ટિમેટ બાયોગ્રાફી'ને મળ્યો હતો.

મામલો જસ્ટિસ અજિત કુમારની અદાલતમાં સાંભળવામાં આવ્યો. કોર્ટે માહિતી અને પ્રસારણ મંત્રાલય, NFDC, જ્યુરી સભ્યો અને પુસ્તકના બંને લેખકોને નોટિસ જારી કરી છે. પુસ્તક હાર્પરકોલિન્સે પ્રકાશિત કર્યું છે. પુરસ્કારની જાહેરાત 16 ઑગસ્ટ 2024ના રોજ કરવામાં આવી હતી. તે 8 ઑક્ટોબર 2024ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં એનાયત કરવામાં આવ્યો હતો.

યાચિકામાં સિન્હાએ જણાવ્યું કે પુરસ્કારોની દેખરેખ રાખતા મંત્રાલયે પોતાની પાત્રતા શરતોનું પાલન કર્યું નથી. કોર્ટના મૌખિક આદેશમાં જણાવાયું કે યાચિકાકર્તાના વકીલ અનુસાર, 70મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં શ્રેષ્ઠ પુસ્તકના નામાંકન માટેના માર્ગદર્શિકાઓનું ઉલ્લંઘન થયું છે. આ માર્ગદર્શિકાઓ માહિતી અને પ્રસારણ મંત્રાલય તરફથી બહાર પાડવામાં આવેલા ભારતના રાજપત્રમાં 07.10.2024ની સૂચનામાં આપવામાં આવી છે.

કેન્દ્ર સરકારના વરિષ્ઠ પેનલ વકીલે યાચિકાકર્તાની ફરિયાદો અંગે જવાબ દાખલ કરવા માટે ત્રણ અઠવાડિયાનો સમય માંગ્યો. અદાલતે આ માગ નોંધમાં લીધી. મામલાની આગામી સુનાવણી 8 ઑક્ટોબરે થશે.




**અનંત સિન્હાએ બે આધાર પર પુરસ્કારને પડકાર્યો** સિન્હાએ અરજીમાં બે મુખ્ય આધાર જણાવ્યા છે. તેમનું કહેવું છે કે પુરસ્કાર સમિતિએ તે નિયમોનું ઉલ્લંઘન કર્યું, જેના હેઠળ સન્માન ભારતમાં કોઈપણ ભાષામાં પ્રકાશિત ભારતીય સિનેમા પરના શ્રેષ્ઠ પુસ્તકને આપવામાં આવવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે તેમનું પુસ્તક 'દો ગુલફામોં કી તીસરી કસમ' તમામ માર્ગદર્શિકાઓ પૂર્ણ કરે છે. તેથી આ પુરસ્કાર તેમના પુસ્તકને મળવો જોઈએ હતો. સિન્હાએ 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'ને કહ્યું, "મારો તર્ક સીધો છે. જો કિશોર કુમારની જીવનચરિત્રને ભારતીય સિનેમા પરનું પુસ્તક કહી શકાય, તો શું બી. આર. આંબેડકરની જીવનચરિત્રને ભારતીય સંવિધાન પરનું પુસ્તક કહી શકાય?"

# જગદગુરુ સતીશાચાર્ય મહારાજને આમિર ખાન મળ્યા : બંનેની મુલાકાત બાદ મહાભારત પ્રોજેક્ટ ચર્ચામાં આવ્યો...

**(એજન્સી) મુંબઈ | તા.19**

બોલીવુડ સુપરસ્ટાર આમિર ખાન તાજેતરમાં જગદગુરુ રામાનંદાચાર્ય સ્વામી સતીશાચાર્ય મહારાજને મળ્યા. મુલાકાત દરમિયાન બંને વચ્ચે લાંબા સમય સુધી વાતચીત થઈ. આમિરે આધ્યાત્મિક ગુરુ પ્રત્યે પોતાનો આભાર પણ વ્યક્ત કર્યો.

જગદગુરુ મહારાજની સોશિયલ મીડિયા ટીમે આમિર સાથેની મુલાકાતનો વીડિયો શેર કરતાં લખ્યું, 'જ્યારે આધ્યાત્મ અને સિનેમા જગતની બે મુખ્ય હસ્તીઓ એકસાથે આવી.'

ટીમ અનુસાર, આમિરે જગદગુરુ મહારાજના આશીર્વાદ લીધા અને તેમની સાથે વાતચીત કરી. વીડિયોમાં આમિર આછા વાદળી અને સફેદ રંગનો કુર્તો તથા કાળો પાયજામો પહેરેલા જોવા મળ્યા. તેઓ જગદગુરુ મહારાજ પાસે જતા, તેમની સાથે હાથ મિલાવતા અને ઉષ્માપૂર્વક ગળે મળતા દેખાયા. આધ્યાત્મિક ગુરુની વાતો સાંભળતી વખતે આમિર ખૂબ પ્રભાવિત દેખાયા.

મુલાકાત બાદ પાપારાઝીઓમાં પણ એ ઉત્સુકતા જોવા મળી કે શું બંને મળીને કંઈક કરવાની યોજના બનાવી રહ્યા છે. એક પાપારાઝીએ જગદગુરુ મહારાજને પૂછ્યું, 'શું થવાનું છે? કોઈ કાર્યક્રમ છે?' આ અંગે જગદગુરુ મહારાજે કહ્યું કે તેમને ત્યાં જવું પડશે જ્યાં 'ધર્મ' તેમને બોલાવશે, કારણ કે હાલમાં ગણેશ મહોત્સવની ઉજવણી ચાલી રહી છે.

આ પહેલી વાર નથી જ્યારે આમિર ખાન જગદગુરુ સતીશાચાર્ય મહારાજને મળ્યા છે. આ પહેલાં પણ આમિરે તેમના આશીર્વાદ લીધા હતા અને ધર્મ, ઉપનિષદ તથા આધ્યાત્મિકતા જેવા વિષયો પર તેમની સાથે વિગતવાર વાતચીત કરી હતી.

આમિર ખાન અનેક વખત ફિલ્મ 'મહાભારત'ને પોતાનો ડ્રીમ પ્રોજેક્ટ ગણાવી ચૂક્યા છે. આવી સ્થિતિમાં જગદગુરુ સતીશાચાર્ય મહારાજ સાથેની તેમની મુલાકાત બાદ 'મહાભારત'ને લઈને ફરી ચર્ચા શરૂ થઈ ગઈ છે.

નોંધનીય છે કે આમિર એક દાયકાથી પણ વધુ સમયથી મહાભારત પર કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે. આમિર ખાન આ મહાકાવ્યને કોઈ એક ફિલ્મમાં નહીં, પરંતુ હોલીવુડની પ્રસિદ્ધ ફિલ્મ સિરીઝ 'લોર્ડ ઓફ ધ રિંગ્સ'ની જેમ ભવ્ય ફિલ્મ સિરીઝના રૂપમાં બેક-ટુ-બેક ચેપ્ટર્સમાં બનાવવા માંગે છે.

વર્ષ 2024માં બીબીસી સાથેની વાતચીત દરમિયાન આમિર ખાને મહાભારતનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું, 'આ મારો ડ્રીમ પ્રોજેક્ટ છે અને મારા માટે કોઈ પડકારથી ઓછો નથી. મને ડર છે કે તેને બનાવતી વખતે મારાથી કોઈ ભૂલ ન થઈ જાય. આ એક મોટી જવાબદારી છે.

# 'ધુરંધર'ને ઓસ્કાર એવોર્ડ માટે કેમ ચાન્સ ન મળ્યો? કારણ જાણી ચોંકી જશો

**(એજન્સી) મુંબઈ | તા.19**

મરાઠી થ્રિલર ફિલ્મ 'ગોંધળ' 99માં એકેડેમી એવોર્ડ્સ (ઓસ્કર 2027) માટે ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદગી પામી છે. દેશભરની 33 શ્રેષ્ઠ ફિલ્મો વચ્ચે ચાલેલી આકરી સ્પર્ધા બાદ આ ફિલ્મની પસંદગી કરવામાં આવી હતી. હવે આ ફિલ્મ બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરીમાં વૈશ્વિક મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ કરશે. 99મા ઓસ્કર એવોર્ડ્સ સમારોહનું આયોજન 14 માર્ચ 2027ના રોજ થશે.Geographic Reference

બોક્સ ઓફિસ પર રેકોર્ડતોડ કમાણી કરનારી રણવીર સિંહ સ્ટારર ફિલ્મ 'ધુરંધર' પણ ઓસ્કર એન્ટ્રીની રેસમાં પ્રબળ દાવેદાર માનવામાં આવતી હતી. જોકે, ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા (FFI)ની 14 સભ્યોની જ્યુરીમાંથી ફિલ્મ માત્ર ચાર સભ્યોના મત મેળવી શકી હતી. જ્યુરી સભ્ય વિવેક વાસવાનીએ આ અંગે ખુલાસો કરતાં જણાવ્યું હતું કે, અમુક સભ્યોને ફિલ્મ પસંદ આવી હતી પરંતુ મોટાભાગના સભ્યોને તે ઓસ્કરના માપદંડો મુજબ યોગ્ય ન લાગી.

વિવેક વાસવાનીના જણાવ્યા મુજબ, જ્યુરી એવી ફિલ્મની શોધમાં હતી જે ભારતીય સંસ્કૃતિ અને મૂળ પરંપરાઓને એક વિશિષ્ટ અને ઊંડાણપૂર્વક રજૂ કરતી હોય. જ્યુરીને લાગ્યું કે 'ધુરંધર' જેવી મસાલા કે કમર્શિયલ એક્શન ફિલ્મો તે આશાઓ પર ખરી ઉતરતી નથી. અંતિમ રાઉન્ડમાં 'ગોંધળ', 'અંધ' અને 'મેં વાપસ આઉંગા'–આ ત્રણ ફિલ્મો વચ્ચે મુખ્ય મુકાબલો હતો, જેમાંથી આખરે મરાઠી ફિલ્મે બાજી મારી હતી.

સંતોષ દવાખરના લેખન અને નિર્દેશનમાં બનેલી 'ગોંધળ' મહારાષ્ટ્રની સદીઓ જૂની પારંપરિક 'ગોંધળ' વિધિની પૃષ્ઠભૂમિ પર રચાયેલી છે. આ લોકકળા સંગીત, નૃત્ય અને પૌરાણિક માન્યતાઓ સાથે જોડાયેલી છે. ફિલ્મની આ મજબૂત સાંસ્કૃતિક ઓળખે જ્યુરીને ભારે પ્રભાવિત કરી હતી. ઉલ્લેખનીય છે કે 2025માં 56મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)માં સંતોષ દવાખરને બેસ્ટ ડિરેક્ટરનો સિલ્વર પીકોક એવોર્ડ મળ્યો હતો. કિશોર કદમ, ઈશિતા દેશમુખ, યોગેશ સોહની અભિનીત આ ફિલ્મનું સંગીત દિગ્ગજ સંગીતકાર ઈલૈયારાજાએ તૈયાર કર્યું છે. આદિત્ય ધર દ્વારા નિર્દેશિત 'ધુરંધર' ફ્રેન્ચાઈઝીમાં રણવીર સિંહ સાથે અક્ષય ખન્ના, સંજય દત્ત, અર્જુન રામપાલ, આર. માધવન અને સારા અર્જુને મુખ્ય ભૂમિકા ભજવી હતી. ડિસેમ્બર 2025માં રિલીઝ થયેલા પ્રથમ ભાગે વિશ્વભરમાં લગભગ 1,307.35 કરોડ અને માર્ચ 2026માં આવેલા બીજા ભાગ 'ધુરંધર: ધ રિવેન્જ' એ 1,813.39 કરોડનું ગ્રોસ કલેક્શન કર્યું હતું.


# મરાઠી ફિલ્મ 'ગોંધલ'થી ઓસ્કારમાં ભારતની સત્તાવાર એન્ટ્રી

## ધુરંધર, બોર્ડર 2, હનુમાન અંશ જેવી 33 ફિલ્મોની રેસમાં બાજી મારી; લોક પરંપરા પર આધારિત છે સ્ટોરી

**(એજન્સી) મુંબઈ | તા.19**

મરાઠી ફિલ્મ 'ગોંધલ' (Gondhal)ને 99મા એકેડેમી એવોર્ડ્સ (ઓસ્કર 2027) માટે ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી છે. ફિલ્મ ફેડરેશન ઑફ ઈન્ડિયા (FFI)એ શુક્રવારે આ અંગે સત્તાવાર જાહેરાત કરી હતી.

આ એક થ્રિલર ફિલ્મ છે, જે ઓસ્કર સમારોહમાં 'બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ' કેટેગરીમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે. આ વખતે ઓસ્કરની રેસમાં ભારત તરફથી કુલ 33 ફિલ્મો સામેલ થઈ હતી, જેમાંથી પસંદગી સમિતિએ 'ગોંધલ'ના નામ પર મહોર લગાવી છે. આ વર્ષે ઓસ્કરની દાવેદારી માટે દેશભરની અલગ-અલગ ભાષાઓમાંથી કુલ 33 ફિલ્મો FFI પાસે મોકલવામાં આવી હતી. તેમાં સૌથી વધુ 14 ફિલ્મો હિન્દી ભાષાની હતી. આ ઉપરાંત મરાઠી, તેલુગુ અને ગુજરાતી ભાષામાંથી 4-4 ફિલ્મો, તમિલમાંથી 3 ફિલ્મો અને મલયાલમ તથા નાગામી ભાષામાંથી 1-1 ફિલ્મ સામેલ હતી. 33 ભારતીય ફિલ્મોની યાદીમાં 14 હિન્દી ફિલ્મો હક,




120 બહાદુર, તેરા મેરા નાતા, મૈં વાપસ આઊંગા, ઓહ માય ડૉગ, બોર્ડર 2, ખૂંટા, ધુરંધર, ધુરંધર ધ રિવેન્જ, ગવર્નર, 2020 દિલ્હી, ઈક્કીસ, ઑબ્સેસ અને હનુમાન અંશ છે. હિન્દી અને અન્ય પ્રાદેશિક ભાષાઓની મજબૂત દાવેદારી છતાં મરાઠી ફિલ્મ 'ગોંધલ' બાજી મારવામાં સફળ રહી. 2 કલાકના રનટાઈમવાળી આ મરાઠી ફિલ્મ ગ્રામ્ય મહારાષ્ટ્રની લોકપરંપરા અને ધાર્મિક વિધિ 'ગોંધલ' પર આધારિત એક સાયકોલોજિકલ થ્રિલર છે. આ ફિલ્મનું લેખન અને દિગ્દર્શન સંતોષ ડાવખરે કર્યું છે.

ફિલ્મની વાર્તા નવપરિણીત દંપતી આનંદ અને સુમનના ઘરે આયોજિત રાતભર ચાલતી ગોંધલ વિધિની આસપાસ ફરે છે. પૂજા-પાઠ અને ઉત્સવ દરમિયાન ગામના લોકો વચ્ચેના દબાયેલા જૂના વિવાદો, વ્યક્તિગત અદાવતો અને રાજકીય તણાવો બહાર આવવા લાગે છે. ગામના પાટીલનો પુત્ર સરજેરાવ, જે સુમન સાથે લગ્ન ન થઈ શકવાને કારણે નારાજ હતો, આ લગ્ન સ્વીકારી શકતો નથી અને ધીમે ધીમે આ પવિત્ર વિધિ એક ક્રાઈમ અને સસ્પેન્સ ડ્રામામાં ફેરવાઈ જાય છે. ફિલ્મમાં કિશોર કદમ, ઈશિતા દેશમુખ, યોગેશ સોહણી, નિષાદ ભોઈર અને સુરેશ વિશ્વકર્માએ મુખ્ય ભૂમિકાઓ ભજવી છે. આ ફિલ્મનું સંગીત મહાન સંગીતકાર ઈલૈયારાજાએ તૈયાર કર્યું છે. આ જ નિર્માણ માટે દિગ્દર્શક સંતોષ ડાવખરને ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઑફ ઈન્ડિયા (IFFI)માં સિલ્વર પીકોક (શ્રેષ્ઠ દિગ્દર્શક)નો પુરસ્કાર પણ મળી ચૂક્યો છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

### સુપ્રીમ કોર્ટમાં બોર્ડનો મોટો નાણાકીય દાવો

## બીસીસીઆઈ વાર્ષિક ટેક્સ ચુકવણી પર મોટો ખુલાસો



(એજન્સી) મુંબઈ । તા. 19

દેશની સર્વોચ્ચ અદાલતમાં ચાલી રહેલી કાનૂની કાર્યવાહી વચ્ચે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા પોતાની નાણાકીય સ્થિતિ અંગે એક અત્યંત મહત્વપૂર્ણ અને ચોંકાવનારો ખુલાસો કરવામાં આવ્યો છે, જેમાં બોર્ડના જવાબદાર પદાધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે આ સંસ્થા કોઈપણ પ્રકારની સરકારી સહાય કે ગ્રાન્ટ પર નિર્ભર રહેવાને બદલે દેશના વિકાસમાં સીધું આર્થિક યોગદાન આપે છે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે મળેલી પંચાણુંમી વાર્ષિક સામાન્ય બેઠક બાદ પત્રકારો સાથેની સત્તાવાર વાતચીતમાં બોર્ડના સચિવ દ્વારા એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે ભારતીય ક્રિકેટ જગતનું સંચાલન સંપૂર્ણપણે સ્વાયત્ત રીતે થાય છે અને આ સંસ્થા દ્વારા નિયમિતપણે સરકારને ભારે ભરખમ આવકવેરો ચૂકવવામાં આવે છે.

આ સમગ્ર ઘટનાક્રમની શરૂઆત ત્યારે થઈ જ્યારે તાજેતરમાં નવમી સપ્ટેમ્બરના રોજ દેશની સર્વોચ્ચ અદાલતે સુનાવણી દરમિયાન એક ગંભીર સવાલ ઉઠાવ્યો હતો કે ભારતીય ક્રિકેટ બોર્ડ તેમજ રાજ્ય સ્તરની તમામ ક્રિકેટ એસોસિએશનોને વર્ષ 2025માં અસ્તિત્વમાં આવેલા નવા નેશનલ સ્પોર્ટ્સ ગવર્નન્સ એક્ટના કાયદાકીય દાયરામાં કેમ ન લાવવા જોઈએ? અદાલતે એવો પ્રશ્ન પણ પૂછ્યો હતો કે હોદ્દેદારોની સેવાકીય શરતો અને તેમનો કાર્યકાળ આ નવા કાયદાના નિયમો અનુસાર કેમ નક્કી કરવામાં ન આવવો જોઈએ? આ તમામ સવાલોના જવાબ આપતી વખતે બોર્ડના સચિવે ખુલાસો કર્યો હતો કે આ સંસ્થા દ્વારા દર વર્ષે સરેરાશ ત્રણ હજાર કરોડ રૂપિયા જેટલો વિશાળ આવકવેરો સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવે છે, જેને બેઠકમાં ઉપસ્થિત તમામ સભ્યોએ તાળીઓનો ગડગડાટ કરીને વધાવી લીધો હતો.


**એશિયા કપ ટ્રોફી વિવાદ પર બોર્ડની મોટી જાહેરાત, મુંબઈ મુખ્યાલયમાં આવશે તમામ જીતેલી ટ્રોફીઓ**

# એશિયા કપ વિજયી ટ્રોફી ભારત લાવવા બોર્ડનો મોટો દાવો

(એજન્સી) મુંબઈ । તા. 19

ભારતીય પુરુષ અને મહિલા ક્રિકેટ ટીમો દ્વારા શાનદાર પ્રદર્શન કરીને જીતવામાં આવેલી એશિયા કપની ટ્રોફીઓ હાલમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ પાસે ઉપલબ્ધ નથી, પરંતુ આ અંગે બોર્ડના સર્વોચ્ચ અધિકારીએ સ્પષ્ટ કરી દીધું છે કે તમામ ટ્રોફીઓ ટૂંક સમયમાં જ દેશની ધરતી પર સન્માનપૂર્વક પહોંચી જશે. શુક્રવારે યોજાયેલી વાર્ષિક સામાન્ય બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં બોર્ડના સચિવ દેવજીત સૈકિયાએ આ સમગ્ર વિવાદ પરથી પડદો ઉઠાવતા દેશવાસીઓને વિશ્વાસ અપાવ્યો છે કે વિજયી ટ્રોફીઓ મુંબઈ સ્થિત મુખ્ય મથકે ચોક્કસપણે સુરક્ષિત રીતે આવી જશે.

આ સમગ્ર વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે ભારતીય પુરુષ અને મહિલા બંને ક્રિકેટ ટીમોએ એશિયા કપની ટૂર્નામેન્ટમાં શાનદાર વિજય મેળવીને ખિતાબ પોતાના નામે કર્યો હતો. ભારતીય પુરુષ ટીમે દુબઈના મેદાન પર કીર્તિમાન સ્થાપિત કરીને ટ્રોફી જીતી હતી, જ્યારે મહિલા ટીમે પણ આ મહિનાની શરૂઆતમાં શ્રીલંકાની ટીમને પરાજય આપીને ટ્રોફી પર કબજો જમાવ્યો હતો. પરંતુ જ્યારે ટ્રોફી અર્પણ કરવાનો સમય







આવ્યો ત્યારે વિજેતા ખેલાડીઓએ તે સ્વીકારવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખ અને પાકિસ્તાન સરકારમાં ગૃહમંત્રી તરીકે ફરજ બજાવતા મોહસિન નકવી દ્વારા આ ટ્રોફી આપવામાં આવી રહી હોવાને કારણે ભારતીય ખેલાડીઓએ રાષ્ટ્રીય સ્વાભિમાન જાળવીને તેમની પાસેથી ટ્રોફી લેવાની ના પાડી દીધી હતી, જેના કારણે આ વિવાદે આંતરરાષ્ટ્રીય સ્તરે જોર પકડ્યું હતું.

આ ગંભીર મુદ્દે મીડિયા અહેવાલ અનુસાર, બોર્ડના સચિવ દેવજીત સૈકિયાએ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે ભલે હાલમાં આ ટ્રોફીઓ બોર્ડના હાથમાં નથી, પરંતુ તે દેશમાં લાવવા માટે યોગ્ય પગલાં લેવામાં આવી રહ્યા છે. તેમણે પત્રકારો સમક્ષ વાતચીતમાં સ્વીકાર્યું કે તેઓ હાલમાં આ ટ્રોફીઓ મુંબઈ પહોંચવાની કોઈ ચોક્કસ તારીખ કે સમયમર્યાદા જાહેર કરી શકતા નથી, પરંતુ તેમને પૂરો વિશ્વાસ છે કે બંને ટ્રોફીઓ વાનખેડે સ્ટેડિયમ ખાતે આવેલા મુખ્ય કાર્યાલયમાં જરૂરથી પહોંચી જશે. આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે ભારતીય ક્રિકેટ જગતમાં ખેલાડીઓનું સન્માન સર્વોપરી છે અને વિજયની પ્રતિક સમાન આ ટ્રોફીઓ કોઈપણ ભેદભાવ કે અડચણ વગર આ દેશમાં જ સ્થાપિત કરવામાં આવશે. દેશના ખેલાડીઓએ વિદેશી ધરતી પર મેળવેલી આ જીત માત્ર રમતગમત પૂરતી સીમિત નથી રહી પરંતુ તે રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક બની ગઈ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, બોર્ડ આ મામલે આંતરરાષ્ટ્રીય સ્તરે યોગ્ય મંચ પર ચર્ચા કરીને ટ્રોફીઓ મેળવવાની પ્રક્રિયા હાથ ધરી રહ્યું છે.

# હાર્દિક પંડ્યાની ફિટનેસ પર ગૌતમ ગંભીરનો ખુલાસો, દસ ઓવર બોલિંગ ન કરી શકવાથી ચાન્સ ન મળ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

ભારતીય ક્રિકેટ ટીમે અફઘાનિસ્તાન સામેની ટી-ટ્વેન્ટી શ્રેણીમાં ત્રણ-શૂન્યથી શાનદાર ક્લીન સ્વીપ મેળવ્યા બાદ, ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે એક ખાસ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી, જેમાં તેમણે સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાની ફિટનેસ અને તેના આગામી ટીમ સિલેક્શન અંગે તમામ અટકળો પર પૂર્ણવિરામ મૂકતા ખુલાસો કર્યો હતો કે હાર્દિક હાલમાં વનડે ફોર્મેટમાં પૂરી દસ ઓવરનો ક્વોટા બોલિંગ કરવા સક્ષમ ન હોવાને કારણે વેસ્ટ ઈન્ડીઝ સામેની આગામી શ્રેણીમાં રમી શકશે નહીં.

આ સમગ્ર મામલે મીડિયા અહેવાલ અનુસાર, ટીમ મેનેજમેન્ટ હાર્દિક પંડ્યાને લઈને કોઈપણ પ્રકારનું જોખમ લેવા માંગતું નથી અને તેને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પરત લાવવામાં કોઈ ઉતાવળ કરવામાં આવશે નહીં. ગૌતમ ગંભીરે સ્પષ્ટ સંકેતો આપ્યા છે કે હાર્દિકને ટીમમાં માત્ર એક બેટ્સમેન તરીકે નહીં, પરંતુ એક સંપૂર્ણ અને પરિપૂર્ણ ઓલરાઉન્ડર તરીકે જ પાછો લાવવામાં આવશે, જે




બેટિંગની સાથે બોલિંગમાં પણ પોતાની પૂરતી કુશળતા બતાવી શકે. જ્યારે હાર્દિક બોલિંગ માટે સંપૂર્ણપણે ફિટ થઈ જશે, ત્યારે ટીમ ઈન્ડિયા પ્લેઈંગ ઈલેવનમાં હાર્દિક અને નીતીશ કુમાર રેડ્ડી બંનેને એકસાથે રમાડવાના વિકલ્પ પર પણ ગંભીરતાથી વિચાર કરી શકે છે.

હાર્દિક લાંબા સમયથી ભારતના મર્યાદિત ઓવરોના સેટઅપનો અત્યંત મહત્ત્વનો હિસ્સો રહ્યો છે, પરંતુ તેના વર્કલોડ અને ફિટનેસને ધ્યાનમાં રાખીને તેની દેખરેખ ખૂબ જ સાવચેતીપૂર્વક કરવામાં આવી રહી છે. આગામી સમયમાં ઓસ્ટ્રેલિયા એ સામે પુડુચેરી ખાતે રમાનારી વનડે શ્રેણી માટે હાર્દિકનો ઈન્ડિયા એ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી તેની મેચ ફિટનેસ ચકાસી શકાય. જોકે, આ મેચોમાં તેનું રમવું સંપૂર્ણપણે બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ તરફથી મળનારી અંતિમ ફિટનેસ મંજૂરી પર જ નિર્ભર રહેશે.

જ્યાં સુધી સંબંધિત સંસ્થા તરફથી ગ્રીન સિગ્નલ નહીં મળે અને તે પોતાની દસ ઓવર ફેંકવાની ક્ષમતા મેદાન પર સાબિત નહીં કરે, ત્યાં સુધી તેની મુખ્ય આંતરરાષ્ટ્રીય વાપસીનો રસ્તો ખુલી શકશે નહીં. ભારતીય રમતગમતના ઈતિહાસમાં ખેલાડીઓની ફિટનેસ હંમેશા સર્વોપરી રહી છે અને બોર્ડ પણ આ બાબતમાં કોઈ સમજૂતી કરવાના મૂડમાં નથી. આ તમામ બાબતોથી સ્પષ્ટ થાય છે કે હાર્દિક પંડ્યા ટૂંક સમયમાં જ પોતાની સંપૂર્ણ તાકાત સાથે મેદાન પર પુનરાગમન કરવા માટે સઘન પરિશ્રમ કરી રહ્યો છે, જે ભારતીય ટીમ માટે આગામી સમયમાં અત્યંત લાભદાયી સાબિત થશે.

# એશિયન ગેમ્સ બેડમિન્ટન ડ્રો જાહેર થયો

### ભારતીય બેડમિન્ટન ટીમ મેદાનમાં ઉતરશે



(એજન્સી) નાગોયા । તા. 19

આઈચી નાગોયા ખાતે એશિયન ગેમ્સના મહાસંગ્રામનો ઉત્સાહભેર પ્રારંભ થઈ ચૂક્યો છે, જેમાં રમતગમતના આ પ્રતિષ્ઠિત મંચ પર ભારતીય બેડમિન્ટન ટીમોએ આગામી મુકાબલાઓ માટે પોતાની સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે અને શનિવારના રોજ જાહેર થયેલા ડ્રો અનુસાર બંને પુરુષ અને મહિલા વર્ગની ટીમો નોકઆઉટ પદ્ધતિથી રમાનારી આ રોમાંચક સ્પર્ધામાં મેડલ જીતવાના પાકા ઈરાદા સાથે મેદાનમાં ઉતરી રહી છે.

આ આગામી સ્પર્ધાના જાહેર કરાયેલા ડ્રો મુજબ ભારતીય મહિલા બેડમિન્ટન ટીમ રાઉન્ડ ઓફ સોળના મુકાબલામાં કઝાકિસ્તાન સામે ટકરાશે, જે પાંચ મેચોની રોમાંચક ટાઈ રવિવાર એટલે કે વીસ સપ્ટેમ્બરના રોજ રમાવાની છે. જો ભારતીય મહિલા ટીમ આ મહત્વપૂર્ણ મુકાબલામાં કઝાકિસ્તાનને હાર આપવામાં સફળ રહેશે તો ક્વાર્ટર ફાઈનલમાં તેનો સામનો યજમાન જાપાન સામે થશે, જેને આ તબક્કા માટે બાય મળ્યો છે. આ તરફ, ટુર્નામેન્ટની ટોપ સીડ ધરાવતી ચીનની ટીમ ડ્રોની બીજી બાજુએ છે, જેનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે ભારતીય ટીમ ફાઈનલ પહેલા આ મજબૂત દાવેદાર સામે ટકરાશે નહીં અને સીધી અંતિમ મુકાબલામાં જ તેમની સાથે મુલાકાત થવાની સંભાવના રહેલી છે.

ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની રમતનું સ્તર ઊંચું લાવવા માટે સખત પરિશ્રમ કર્યો છે અને કોચિંગ સ્ટાફના માર્ગદર્શન હેઠળ દરેક ખેલાડી પોતાની શ્રેષ્ઠ રમત પ્રદર્શિત કરવા માટે સજ્જ છે. પુરુષ અને મહિલા બંને વર્ગની ટીમો માટે આ એશિયન ગેમ્સ અત્યંત નિર્ણાયક સાબિત થવાની છે કારણ કે પ્રારંભિક ચરણની આ મેચો જ આગળના પદકોની દિશા નક્કી કરશે. ભારતીય શટલર્સ પાસે પોતાની પ્રતિભા સાબિત કરવાની આ સુવર્ણ તક છે અને રમતપ્રેમીઓ પણ આ ઉત્તેજક મેચોના લાઈવ પ્રસારણ માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. દેશના કરોડો ખેલપ્રેમીઓની નજર આ મહાસંગ્રામ પર ટકેલી છે કારણ કે બેડમિન્ટન ક્ષેત્રે ભારતે વૈશ્વિક સ્તરે અનેક ઈતિહાસ રચ્યા છે. આઈચી નાગોયાની આ જમીન પર પણ ભારતીય ખેલાડીઓ શાનદાર પરાક્રમ કરીને દેશનું ગૌરવ વધારે તેવી પ્રબળ આશા છે.

### ભારતીય ચેસ ખેલાડીઓ મેદાનમાં ધમાકો મચાવશે

## ચેસ ઓલમ્પિયાડમાં ભારત અને સ્પેનનો મુકાબલો



(એજન્સી) સમરકંદ । તા. 19

શનિવારના રોજ સમરકંદની પાવન ભૂમિ પર ચેસ ઓલમ્પિયાડ 2026ના ચોથા રાઉન્ડનો રોમાંચક પ્રારંભ થયો છે, જ્યાં ભારતીય ઓપન અને મહિલા બંને ટીમો અત્યાર સુધીની પોતાની અજેય રથયાત્રાને આગળ વધારવા માટે મેદાનમાં ઉતરી ચૂકી છે. અગાઉના રાઉન્ડોમાં શાનદાર પ્રદર્શન કરનાર ભારતીય ખેલાડીઓ આ મહાસંગ્રામમાં વિજય મેળવવા માટે પૂરી તાકાત સાથે તૈયારી કરીને આવ્યા છે, જેને લઈને સમગ્ર વિશ્વના રમતપ્રેમીઓની નજર આ હાઈ-વોલ્ટેજ મુકાબલાઓ પર કેન્દ્રિત થઈ ગઈ છે.

આ ટુર્નામેન્ટના પ્રારંભિક તબક્કામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓપન ટીમ શાનદાર ફોર્મમાં જોવા મળી છે અને તેણે અત્યાર સુધી રમાયેલી તમામ ત્રણ મેચોમાં વિજય મેળવ્યો છે. ગત રાઉન્ડમાં મજબૂત ઈટાલી સામે ત્રણ વિરુદ્ધ એકથી શાનદાર વિજય નોંધાવ્યા બાદ ખેલાડીઓનો ઉત્સાહ સાતમા આસમાને છે. યુવા સ્ટાર નિહાલ સરીને પોતાની શાનદાર રમત જાળવી રાખીને સતત ત્રીજી જીત મેળવી છે, જ્યારે ડી. ગુકેશે પણ ચોથા બોર્ડ પર મહત્વનો વિજય નોંધાવ્યો હતો. આ ઉપરાંત, આર. પ્રજ્ઞાનંદાએ ટોપ બોર્ડ પર શાનદાર ડ્રો રમ્યો હતો અને અર્જુન એરિગૈસીએ ચોસઠ ચાલોના લાંબા મુકાબલામાં લુકા મોરોની સામે પોતાની બાજી બચાવીને મેચ ડ્રો કરવામાં સફળતા મેળવી હતી.

ચોથા રાઉન્ડના નિર્ધારિત સમયપત્રક મુજબ, ભારતીય પુરૂષ ટીમનો મુકાબલો હવે મજબૂત સ્પેનિશ ટીમ સામે થવા જઈ રહ્યો છે, જેમાં પ્રજ્ઞાનંદા ટોપ બોર્ડ પર ડેવિડ એન્ટોન ગુઈજારો સામે ટકરાશે.

**ભારતીય બોક્સિંગ ખેલાડીઓ મેદાનમાં ઉતરશે**

**આઈચી નાગોયા એશિયન ગેમ્સનો પ્રારંભ થયો**

## એશિયન ગેમ્સ બોક્સિંગ મેચ સમયપત્રક જાહેર



(એજન્સી) નાગોયા । તા. 19

આઈચી નાગોયા ખાતે ઓગણીસમી સપ્ટેમ્બરથી એશિયન ગેમ્સનો ભવ્ય પ્રારંભ થઈ ચૂક્યો છે, જેમાં રમતગમતના મહાકુંભમાં ભારતીય ખેલાડીઓ પણ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આગામી એકિસસ સપ્ટેમ્બરથી શરૂ થતી બોક્સિંગ સ્પર્ધામાં ભારતનું અગિયાર સભ્યોનું મજબૂત દળ પોતાની રમતનું કૌશલ્ય દાખવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે, જે અંતર્ગત પુરુષ અને મહિલા મુક્કાબાજો વિવિધ વજન વર્ગમાં મેડલ જીતવા માટે મેદાનમાં ઉતરશે અને દેશનું નામ રોશન કરશે.

આઈચી નાગોયા એશિયન ગેમ્સ 2026 આગામી ચોથી ઓક્ટોબર સુધી ચાલવાની છે, જેમાં બોક્સિંગની રમત એકિસસ સપ્ટેમ્બરથી શરૂ થઈને બીજી ઓક્ટોબરના રોજ રોમાંચક મુકાબલાઓ સાથે પૂર્ણ થશે. ભારતીય ખેલાડીઓ માટે આ મહાસંગ્રામ અત્યંત મહત્ત્વનો સાબિત થવાનો છે કારણ કે અગાઉના હાંગઝોઉ એશિયન ગેમ્સમાં લવલીના બોરગોહેને સિલ્વર મેડલ જીતીને દેશનું ગૌરવ વધાર્યું હતું, અને આ વર્ષે પણ ભારતીય મુક્કાબાજો પાસેથી સમાન કે તેથી વધુ સારા પ્રદર્શનની મોટી અપેક્ષાઓ રાખવામાં આવી રહી છે.

**ભારતીય ગોલ્ફ ખેલાડીઓ મેદાનમાં ઉતરશે**

## ભવિષ્યની સંભાવનાઓ અને રમતપ્રેમીઓમાં ઉત્સાહ

(એજન્સી) નાગોયા । તા. 19

આઈચી નાગોયા ખાતે એશિયન ગેમ્સના મહાસંગ્રામનો ઉત્સાહભેર પ્રારંભ થઈ ચૂક્યો છે, જેમાં રમતગમતના આ પ્રતિષ્ઠિત મંચ પર ભારતીય ગોલ્ફ ખેલાડીઓએ આગામી મુકાબલાઓ માટે પોતાની સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે અને આગામી સમયમાં રમાનારી આ રોમાંચક સ્પર્ધામાં મેડલ જીતવાના પાકા ઈરાદા સાથે ખેલાડીઓ મેદાનમાં ઉતરી રહ્યા છે.



આ આગામી સ્પર્ધાના જાહેર કરાયેલા સમયપત્રક મુજબ એશિયન ગેમ્સની વીસમી આવૃત્તિ જાપાનના આઈચી નાગોયા ખાતે ઓગણીસમી સપ્ટેમ્બરથી શરૂ થઈને ચોથી ઓક્ટોબર સુધી ચાલવાની છે. આ મહાસંગ્રામ અંતર્ગત ગોલ્ફની રમતના મુકાબલાઓ કાચુગાઈ કન્ટ્રી ક્લબ ઈસ્ટ કોર્સ ખાતે ત્રીસમી સપ્ટેમ્બરથી ત્રીજી ઓક્ટોબર દરમિયાન યોજાવાના છે, જ્યાં ખેલાડીઓ પોતાના ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા દેશનું નામ રોશન કરવા માટે પૂરી તાકાત લગાવી રહ્યા છે. ભારત આ પ્રતિસ્પર્ધામાં છ સભ્યોની મજબૂત ટીમ મેદાનમાંી રહ્યું છે, જે રમતગમતના આ ક્ષેત્રે અગાઉ પણ સાત જેટલા મહત્વપૂર્ણ પદકો જીતી ચૂકી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે અદિતિ અશોક ભારતીય ગોલ્ફ દળનું નેતૃત્વ સંભાળી રહી છે, જેમના અનુભવ અને કુશળતાનો મોટો લાભ ટીમની સફળતામાં મળશે. ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની રમતનું સ્તર ઊંચું લાવવા માટે સખત પરિશ્રમ કર્યો છે અને કોચિંગ સ્ટાફના માર્ગદર્શન હેઠળ દરેક ખેલાડી પોતાની શ્રેષ્ઠ રમત પ્રદર્શિત કરવા માટે સજ્જ છે.

**જીટીયુ** // **એશિયા કપ વિજયી ટ્રોફી ભારત લાવવા બોર્ડનો મોટો દાવો**

## GTU ઝોન-3 આંતર કોલેજ કબડ્ડી સ્પર્ધામાં SVIT વાસદની ભવ્ય જીત

(એજન્સી) સારસા । તા. 19

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા વલ્લભ વિદ્યાનગર ઝોન-૩ અંતર્ગત યોજાયેલી આંતર કોલેજ કબડ્ડી સ્પર્ધામાં વાસદની સંસ્થાએ શાનદાર વિજય મેળવીને ઈતિહાસ રચ્યો છે, જ્યાં તાજેતરમાં સત કૈવલ કોલેજ ઓફ ફાર્મસી સારસા ખાતે આ રોમાંચક રમતગમત મહાસંગ્રામનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું અને સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીની બહેનોની કબડ્ડી ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સમગ્ર પ્રદેશનું નામ રોશન કર્યું છે.

આ સ્પર્ધામાં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (એસ.વી.આઈ.ટી.) વાસદની બહેનો ની કબડ્ડી ટીમે શાનદાર રમતનું પ્રદર્શન કરી વિજેતા બનવાની ગૌરવપૂર્ણ સિદ્ધિ મેળવી હતી.

આ સ્પર્ધાના અંતિમ તબક્કામાં વાસદની ટીમનો મુકાબલો દાહોદની સરકારી એન્જિનિયરિંગ કોલેજ સામે થયો હતો, જેમાં વાસદના ખેલાડીઓએ અદભુત ટીમવર્ક,




આત્મવિશ્વાસ અને ઉચ્ચ કક્ષાની રમતનું પ્રદર્શન કરીને આ મુકાબલાને એકતરફી બનાવી દીધો હતો અને ધમાકેદાર વિજય હાંસલ કર્યો હતો. આ ભવ્ય જીત સાથે વાસદની બહેનોની કબડ્ડી ટીમે સતત બીજી વખત આ ઝોનલ સ્પર્ધામાં ચેમ્પિયન બનવાની ગૌરવપૂર્ણ સિદ્ધિ પોતાના નામે કરી છે, જેણે સંસ્થાના ઈતિહાસમાં વધુ એક સુવર્ણ અધ્યાય જોડ્યો છે.

આ ઐતિહાસિક સફળતા બાદ હવે વિજેતા ટીમ આગામી આંતર-ઝોનલ કબડ્ડી સ્પર્ધામાં ભાગ લેવા માટે સજ્જ થઈ રહી છે, જેનું આયોજન ટૂંક સમયમાં વડાસમા ખાતે આવેલી શ્રી સત્સંગી શક્તિધામ રામ આશ્રમ ગ્રુપ કોલેજ ઓફ ઈન્સ્ટિટ્યૂટ ખાતે કરવામાં આવશે. ખેલાડીઓની આ સફળતા પાછળ તેમની લાંબી મહેનત અને સઘન પ્રશિક્ષણ રહેલું છે, જેણે આ સંસ્થાને રમતગમતના ક્ષેત્રે નવી ઊંચાઈઓ પર પહોંચાડી છે અને સમગ્ર ક્ષેત્રમાં આનંદની લહેર ફેલાઈ ગઈ છે.

ટીમની આ શાનદાર સફળતા બદલ સંસ્થાના આચાર્યએ તમામ ખેલાડીઓની ભરપૂર પ્રશંસા કરી હતી અને આનંદ વ્યક્ત કર્યો હતો, જ્યારે ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પણ વિજેતા બહેનોને વ્યક્તિગત રીતે મળીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આગામી સમયમાં રમાનારી આંતર-યુનિવર્સિટી અને આંતર-ઝોનલ સ્પર્ધાઓ માટે ખેલાડીઓને જરૂરી તમામ સહયોગ અને પ્રોત્સાહન પૂરું પાડવાની ખાતરી પણ સંસ્થાના અગ્રણીઓ દ્વારા આપવામાં આવી છે, જેથી આપણા યુવા પ્રતિભાશાળી ખેલાડીઓ વધુ ઉત્સાહ સાથે મેદાનમાં ઉતરીને દેશ અને સંસ્થા માટે શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે.

**ભવિષ્યની રણનીતિ અને મેડલ જીતવાની સંભાવનાઓ**

## આઈચી નાગોયા એશિયન ગેમ્સમાં ભારતીય હોકી ખેલાડીઓ મેદાનમાં ઉતરશે

(એજન્સી) ચેન્નઈ । તા. 19

આઈચી નાગોયા ખાતે ઓગણીસમી સપ્ટેમ્બરથી એશિયન ગેમ્સના મહાસંગ્રામનો ભવ્ય પ્રારંભ થઈ ચૂક્યો છે, જેમાં રમતગમતના આ મોટા મંચ પર ભારતીય પુરૂષ અને મહિલા હોકી ટીમો દેશ માટે ગોલ્ડ મેડલ જીતવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરી રહી છે અને સમગ્ર દેશના કરોડો રમતપ્રેમીઓની નજર ખેલાડીઓના પ્રદર્શન પર કેન્દ્રિત થઈ છે.

આ આગામી સ્પર્ધામાં ભારતીય પુરૂષ હોકી ટીમ ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે મેદાનમાં ઉતરી રહી છે, જેણે અગાઉના હાંગઝોઉ સંસ્કરણમાં શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો અને ઓલિમ્પિક માટે સીધી લાયકાત મેળવી હતી. આ વર્ષે આઈચી નાગોયા ખાતે યોજાનાર આ બાર ટીમોની ટુર્નામેન્ટમાં પુરૂષ ટીમને પૂલ 'એ' માં રાખવામાં આવી છે, જ્યાં તેમની સાથે જાપાન, દક્ષિણ કોરિયા, શ્રીલંકા, ઈન્ડોનેશિયા અને બાંગ્લાદેશ જેવી મજબૂત ટીમોનો સમાવેશ થાય છે. ખાસ વાત એ છે કે ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતને કાનૂની અને રમતગમતના સમીકરણો હેઠળ પરંપરાગત પ્રતિસ્પર્ધી પાકિસ્તાનથી અલગ રાખવામાં આવ્યું છે, જે




પૂલ 'બી' માં સ્થાન ધરાવે છે. આ તમામ રોમાંચક મુકાબલાઓ કાકામિગાહારા ખાતે આવેલા ગીફુ પ્રીફેક્ચરલ ગ્રીન સ્ટેડિયમમાં રમાવાના છે, જ્યાં ખેલાડીઓ પોતાની ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે.

મહિલા હોકી ટીમની વાત કરીએ તો, અગાઉના હાંગઝોઉ સંસ્કરણમાં ત્રીજું સ્થાન મેળવીને બ્રોન્ઝ મેડલ જીતનારી ભારતીય મહિલા ટીમ આ વખતે પૂલ 'બી' માં રમતી નજરે પડશે. મહિલાઓની આ સ્પર્ધામાં ભારત સાથે યજમાન જાપાન, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, સિંગાપોર અને ઉઝબેકિસ્તાન જેવી ટીમો સખત સ્પર્ધા આપવા માટે મેદાનમાં ઉતરશે.

**ભારતે મોકલી HIVની 10 ટન દવા:** વિદેશ મંત્રી એસ. જયશંકરે ગ્લોબલ સાઉથ સાથેના સહયોગ પર ભાર મૂક્યો

# એવો દેશ જ્યાં એઈડ્સને કારણે નેશનલ ઈમરજન્સી જાહેર

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

દુનિયાના અનેક દેશોમાં HIV/AIDS હજુ પણ જાહેર આરોગ્ય માટે મોટો પડકાર બનેલો છે. તાજેતરમાં જ ફિજી સરકારે દેશમાં સતત વધી રહેલા ચેપના કેસોને ગંભીરતાથી લઈને એઈડ્સ પર રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી છે. આવા કપરા વૈશ્વિક સંજોગો વચ્ચે ભારતે આફ્રિકન દેશ બોત્સ્વાનાની જાહેર આરોગ્ય પ્રણાલીને મજબૂત કરવા માટે HIV/AIDSની સારવારમાં ઉપયોગી એવી આશરે ૧૦ ટન એન્ટી-રેટ્રોવાયરલ (ARV) દવાઓનો મોટો જથ્થો મોકલીને વૈશ્વિક સ્વાસ્થ્ય સહયોગ પ્રત્યે પોતાની અડગ પ્રતિબદ્ધતા દર્શાવી છે.

ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આ સહાયની પુષ્ટિ કરતાં જણાવ્યું કે ભારતે બોત્સ્વાનાના પબ્લિક હેલ્થ સિસ્ટમને ટેકો આપવા માટે ૧૦ ટન ARV દવાઓ રવાના કરી છે. તેમણે આ પગલાને ગ્લોબલ સાઉથના ભાગીદાર દેશો સાથે આરોગ્ય ક્ષેત્રે



પરસ્પર સહયોગ વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ ગણાવ્યું છે. વિકાસશીલ દેશો જ્યારે ચેપી રોગો અને સંસાધનોની તંગી સામે ઝઝૂમી રહ્યા છે, ત્યારે ભારતની ફાર્માસ્યુટિકલ ક્ષમતા વૈશ્વિક આરોગ્ય સુરક્ષામાં નિર્ણાયક સાબિત થઈ રહી છે.

આ જીવનરક્ષક કન્સાઈનમેન્ટનું નિર્માણ હરિયાણાના અંબાલા સ્થિત 'મેકનીલ એન્ડ આર્ગસ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ' દ્વારા કરવામાં આવ્યું છે. કંપનીના ચેરમેન ડૉ. ભાઈ જી.ડી. છિબ્બરે આ પગલાને અંબાલા અને સમગ્ર ભારત માટે ગૌરવની ક્ષણ ગણાવી હતી. આંતરરાષ્ટ્રીય સ્તરે દર્દીઓની સલામતી અને દવાઓની અસરકારકતા સુનિશ્ચિત કરવા માટે તમામ કડક ગુણવત્તા પરીક્ષણો અને નિયમનકારી ધોરણો પૂર્ણ કર્યા બાદ જ આ સપ્લાય રવાના કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે HIV વાયરસ સીધો માનવ શરીરની રોગપ્રતિકારક શક્તિ પર હુમલો કરે છે, જે સમયસર સારવાર ન મળે તો જીવલેણ એઈડ્સમાં ફેરવાઈ જાય છે. એન્ટી-રેટ્રોવાયરલ દવાઓ વાયરસને સંપૂર્ણ નાબૂદ કરતી નથી, પરંતુ શરીરમાં તેના ફેલાવાને મોટા પ્રમાણમાં નિયંત્રિત કરી દે છે. એન્ટી-રેટ્રોવાયરલ થેરાપી થકી સંક્રમિત દર્દીઓ લાંબુ અને સામાન્ય સ્વસ્થ જીવન જીવી શકે છે અને ગંભીર જોખમો ટળે છે, જેથી ભારે સંક્રમણ ધરાવતા દેશો માટે આ દવાની ઉપલબ્ધતા જીવનરેખા સમાન હોય છે.

ટ્રમ્પે ડેનમાર્ક સાથેની ડીલ અંગે ફોડ પાડ્યો

# વધુ એક દેશ પર અમેરિકાનો કબજો?



(એજન્સી) વાશિંગ્ટન । તા. 19

અમેરિકા અને ડેનમાર્ક વચ્ચે ગ્રીનલેન્ડમાં અમેરિકન સૈન્ય હાજરી વધારવા માટે એક મહત્ત્વપૂર્ણ સમજૂતી થઈ છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે આ સમજૂતીના પરિણામે ગ્રીનલેન્ડની સુરક્ષા પર અમેરિકાનું 'સ્થાયી નિયંત્રણ' સ્થાપિત થશે. અગાઉ ટ્રમ્પ દ્વારા ડેનમાર્ક પાસે ગ્રીનલેન્ડ ખરીદવાની માગ કરવામાં આવી હતી અને જરૂર પડ્યે સૈન્ય બળ વાપરવાની વાત પણ કરાઈ હતી, પરંતુ નવી સમજૂતી મુજબ ગ્રીનલેન્ડ ભલે ડેનમાર્ક પાસે જ રહેશે, છતાં અમેરિકાને ત્યાં મોટો વ્યૂહાત્મક અધિકાર મળી જશે. આગામી સપ્તાહે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠક દરમિયાન આ સમજૂતી પર સત્તાવાર હસ્તાક્ષર કરવામાં આવશે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર આ સમજૂતીની જાણકારી આપતા જણાવ્યું કે તેનાથી ગ્રીનલેન્ડની સુરક્ષા અને અન્ય જરૂરિયાતો પર અમેરિકાને કાયમી નિયંત્રણ મળી જશે અને અમેરિકાની તમામ ચિંતાઓ દૂર થઈ જશે. તેમનું પ્રશાસન તાત્કાલિક ધોરણે ગ્રીનલેન્ડમાં સૈન્ય હાજરી વધારવાની પ્રક્રિયા શરૂ કરશે. અમેરિકન વિદેશ મંત્રી માર્કો રૂબિઓએ આ સમજૂતીને ઐતિહાસિક અને અમેરિકાની મોટી જીત ગણાવતા કહ્યું કે આનાથી કોઈપણ વિરોધી દેશને ત્યાં સૈન્ય અડ્ડો બનાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી શકાશે.

ડેનમાર્કની વડાપ્રધાન મેટે ફ્રેડરિક્સનના કાર્યાલયે સ્પષ્ટ કર્યું છે કે આ કરારને લાગુ કરવા માટે ડેનમાર્ક અને ગ્રીનલેન્ડની સંસદોની મંજૂરી મેળવવી અનિવાર્ય રહેશે. વડાપ્રધાન ફ્રેડરિક્સને જણાવ્યું કે આ સમજૂતી બંને દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાને માન્યતા આપે છે. આ ઉપરાંત, ગ્રીનલેન્ડના વડાપ્રધાન જેન્સ-ફ્રેડરિક નીલ્સને પણ આને ત્રણેય સરકારો માટે ફાયદાકારક ગણાવ્યું છે.

**સંસદોની મંજૂરી અને સંયુક્ત રાષ્ટ્ર બેઠકમાં હસ્તાક્ષર**

ડેનમાર્કની વડાપ્રધાન મેટે ફ્રેડરિક્સનના કાર્યાલયે જણાવ્યું કે આગામી સપ્તાહે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠક દરમિયાન આ સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવશે. જોકે, તેને લાગુ કરવા માટે ડેનમાર્ક અને ગ્રીનલેન્ડની સંસદોની મંજૂરી મેળવવી અનિવાર્ય રહેશે. વડાપ્રધાન ફ્રેડરિક્સને સ્પષ્ટ કર્યું કે આ સમજૂતી બંને દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાને માન્યતા આપે છે. ગ્રીનલેન્ડના વડાપ્રધાન જેન્સ-ફ્રેડરિક નીલ્સને પણ આને ત્રણેય સરકારો માટે ફાયદાકારક ગણાવ્યું છે.

ટ્રમ્પ લાંબા સમયથી રશિયા અને ચીનના સંભવિત જોખમો સામે રક્ષણ મેળવવા માટે ગ્રીનલેન્ડની જરૂરિયાત પર ભાર મૂકતા આવ્યા છે. અમેરિકન વિદેશ વિભાગના અધિકારીના જણાવ્યા અનુસાર, નવી સમજૂતી હેઠળ ગ્રીનલેન્ડમાં બિન-નાટો (non-NATO) દેશોના કોઈપણ સૈન્ય મથક પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત, રશિયા અને ચીન જેવા દેશોની રોકાણ ક્ષમતાને મર્યાદિત કરવામાં આવશે જેથી તેઓ ત્યાં સૈન્ય અડ્ડો ન બનાવી શકે. કેનેડાના ઉત્તર-પૂર્વ કિનારા નજીક આવેલું ગ્રીનલેન્ડ આર્કટિક સર્કલની ભૌગોલિક સીમામાં ફેલાયેલું છે, જે ઉત્તર અમેરિકાની સુરક્ષા માટે દ્વિતીય વિશ્વયુદ્ધના કાળથી જ અત્યંત અનિવાર્ય રહ્યું છે. વર્તમાન સમયમાં પણ અમેરિકા દ્વારા ત્યાં 'પિટુફિક સ્પેસ બેઝ'નું સંચાલન કરવામાં આવે છે.

કેનેડાના ઉત્તર-પૂર્વ કિનારા નજીક આવેલું ગ્રીનલેન્ડ આર્કટિક સર્કલની ભૌગોલિક સીમામાં ફેલાયેલું છે, જેના કારણે દ્વિતીય વિશ્વયુદ્ધના કાળથી જ આ પ્રદેશ ઉત્તર અમેરિકાની સુરક્ષા માટે ખૂબ જ અનિવાર્ય રહ્યો છે.

## ન્યૂઝ બ્રીફ

### જિનપિંગ અમેરિકા પહોંચે એ પહેલા જ ટ્રમ્પે મોટું નિવેદન આપ્યું



વાશિંગ્ટન | અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના પ્રમુખ શી જિનપિંગની આગામી અમેરિકા મુલાકાત અંગે અત્યંત મહત્ત્વપૂર્ણ અને ચોંકાવનારા નિવેદનો આપ્યા છે. ટ્રમ્પે જણાવ્યું કે, શી જિનપિંગ આવતા અઠવાડિયે અમેરિકા આવશે અને તેમની સાથે સારા સંબંધો છે. આ મુલાકાત વોશિંગ્ટન ડીસીમાં થશે, જ્યાં ટ્રમ્પ પોતે એરપોર્ટ પર તેમનું સ્વાગત કરશે અને વ્હાઈટ હાઉસમાં ભવ્ય સ્ટેટ ડિનર યોજાશે. ખાસ કરીને ચીનની જાસૂસી અંગેના સવાલ પર ટ્રમ્પે હળવાશથી પ્રતિક્રિયા આપતા કહ્યું કે, જો ચીન જાસૂસી કરતું હોય તો અમેરિકા પણ તેમની જાસૂસી કરે છે. ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથેના સંબંધો વિશે વાત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, બંને દેશો વચ્ચે સારા સંબંધો છે અને તેમને પૂરી આશા છે કે આ મુલાકાત ખૂબ જ સારી રહેશે. આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે ઘણા અલગ-અલગ મહત્ત્વપૂર્ણ કરારો અને સમજુતીઓ થવાની સંભાવના છે. ચીન સાથેના વેપાર અંગે વાત કરતા તેમણે કહ્યું કે ચીન અમેરિકાને ભારે ટેરિફ આપી રહ્યું છે, જેના કારણે ચીનને મોટું નુકસાન થઈ રહ્યું છે.

### H-1B વિઝા અંગે ટ્રમ્પે ભારતને એકસાથે ડબલ ઝટકો આપ્યો




વાશિંગ્ટન | અમેરિકામાં ટ્રમ્પ પ્રશાસને H-1B વિઝાને લઈને એક અત્યંત કડક નિર્ણય લીધો છે. ટ્રમ્પ પ્રશાસને H-1B વિઝા પર ૧ લાખ ડૉલરની ફી વસૂલવાના આદેશને વધુ એક વર્ષ માટે લંબાવી દીધો છે. વ્હાઈટ હાઉસે ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ નવો આદેશ જાહેર કર્યો છે, જેમાં આ વિઝાના ઉપયોગ પર કડક દેખરેખ અને તપાસ રાખવાની વાત કહેવામાં આવી છે. આ નિર્ણયથી ભારતીય ટેક પ્રોફેશનલ્સને સીધી અસર થશે અને અમેરિકામાં નોકરી મેળવવી વધુ મુશ્કેલ બનશે. ખાસ કરીને એવી કંપનીઓ નિશાન પર રહેશે જેઓ ઓછું વેતન આપીને સ્થાનિક અમેરિકન કર્મચારીઓની નોકરી છીનવી રહી છે. H-1B એ અમેરિકાનો એક એવો વિઝા છે જેના દ્વારા અમેરિકન કંપનીઓ વિદેશમાંથી પીએચડી કે વિશેષ કૌશલ્ય ધરાવતા નિષ્ણાતોને નોકરી માટે બોલાવી શકે છે. ટેક્નોલૉજી, એન્જિનિયરિંગ અને અન્ય વિશેષ ક્ષેત્રોમાં તેનો મોટા પાયે ઉપયોગ થાય છે. ભારત અને ચીનના પ્રોફેશનલ્સ માટે આ વિઝા અત્યંત મહત્ત્વપૂર્ણ છે, કારણ કે મોટી સંખ્યામાં ભારતીય ટેક પ્રોફેશનલ્સ આ જ વ્યવસ્થા હેઠળ અમેરિકામાં કામ કરે છે. ટ્રમ્પ પ્રશાસને ૨૦૨૫માં H-1B વિઝા માટે ૧,૦૦,૦૦૦ ડૉલરની ફીનો આદેશ જાહેર કર્યો હતો.

પરમાણુ પરીક્ષણોના કારણે મંતાપની પર્વતમાળા આસપાસ 2008 થી 2025 વચ્ચે નોંધાયા 1399 ભૂકંપના આંચકા

# ઉ.કોરિયાએ 2000 વર્ષથી ઊંઘતો 'શૈતાન' જગાડ્યો, એટલે જ અત્યાર સુધી 1399 ભૂકંપ આવ્યા!

(એજન્સી) પ્યોંગયાંગ । તા. 19

ઉત્તર કોરિયા દ્વારા પાછલા વર્ષોમાં કરવામાં આવેલા પરમાણુ પરીક્ષણોને કારણે એવા વિસ્તારોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે, જ્યાં હજારો વર્ષોથી સંપૂર્ણ શાંતિ હતી. એક વૈજ્ઞાનિક અભ્યાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે મંતાપની પર્વતમાળા આસપાસ વર્ષ ૨૦૦૮ થી ૨૦૨૫ ની વચ્ચે ૧૩૯૯ જેટલા ભૂકંપના આંચકા આવી ચૂક્યા છે. જ્યારે વર્ષ ૨૦૧૩ પહેલા અહીં ભાગ્યે જ કોઈ ભૂકંપ નોંધાયો હતો. વૈજ્ઞાનિકોનું માનવું છે કે આ પરમાણુ પ્રવૃત્તિઓએ જાણે હજારો વર્ષોથી ઊંઘતા 'શૈતાન' એટલે કે શાંત સિસ્મિક ઝોનને જગાડી દીધો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૭ ની વચ્ચે ઉત્તર કોરિયા દ્વારા આ વિસ્તારમાં ઓછામાં ઓછા ૬ વખત પરમાણુ પરીક્ષણ કરવામાં આવ્યા હતા. રિપોર્ટ અનુસાર ઉત્તર કોરિયાએ છેલ્લે વર્ષ ૨૦૧૭ માં પરમાણુ પરીક્ષણ કર્યું હતું. વર્ષ ૨૦૧૩ માં ત્રીજા પરમાણુ પરીક્ષણ વખતે પહેલો મોટો ભૂકંપ આવ્યો હતો અને ૨૦૧૭ માં છેલ્લા પરીક્ષણ બાદ ભૂકંપની તીવ્રતા તથા આવૃત્તિ બંનેમાં મોટો વધારો થયો છે. વારંવાર થતા પરમાણુ ધડાકાઓના કારણે અચાનક ભૂગર્ભીય ફૉલ્ટ ફરી જીવંત બન્યો છે.

એક તરફ પરમાણુ પ્રવૃત્તિઓની કુદરતી આસપાસના વાતાવરણ અને ભૂગર્ભ પર ગંભીર અસરો પડી રહી છે, ત્યારે બીજી તરફ ઉત્તર કોરિયા પોતાની સૈન્ય તાકાત વધારવામાં વ્યસ્ત છે. દેશે હાલમાં જ મિસાઈલો, તોપ અને ડ્રોનનું સંયુક્ત યુદ્ધાભ્યાસ યોજ્યું હોવાની જાહેરાત કરી છે.

સરકારી સમાચાર એજન્સી 'કેસીએનએ' (KCNA) ના જણાવ્યા અનુસાર, આ અભ્યાસનો હેતુ સંકલિત સૈન્ય ક્ષમતા અને વિનાશક ભીષણ ગોળીબારીનું પ્રદર્શન કરવાનો હતો. આ અગાઉ દક્ષિણ કોરિયાની સેનાએ પણ ઉત્તર કોરિયાના પૂર્વ તટીય ક્ષેત્રમાંથી ટૂંકા અંતરની બેલેસ્ટિક મિસાઈલો છોડવામાં આવી હોવાની માહિતી



આપી હતી. આ ઘટનાઓ વૈશ્વિક સ્તરે સુરક્ષા અને પર્યાવરણ બંને માટે ચિંતાનો વિષય બની રહી છે.

વર્ષ 2006 થી 2017 ની વચ્ચે ઉત્તર કોરિયા દ્વારા આ વિસ્તારમાં ઓછામાં ઓછા 6 વખત પરમાણુ પરીક્ષણ કરવામાં આવ્યા હતા. વર્ષ 2013 માં ત્રીજા પરમાણુ પરીક્ષણ વખતે પહેલો મોટો ભૂકંપ આવ્યો હતો અને 2017 માં છેલ્લા પરીક્ષણ બાદ ભૂકંપની તીવ્રતા તથા આવૃત્તિ બંનેમાં મોટો વધારો થયો હતો. વિજ્ઞાનીઓનું માનવું છે કે હજારો વર્ષોથી શાંત રહેલો આ સિસ્મિક ઝોન વારંવાર થતા પરમાણુ ધડાકાઓના કારણે અચાનક સક્રિય થઈ ગયો છે અને ભૂગર્ભીય ફૉલ્ટ ફરી જીવંત બન્યો છે.

એક તરફ પરમાણુ પ્રવૃત્તિઓની કુદરતી આસપાસના વાતાવરણ પર ગંભીર અસરો પડી રહી છે, ત્યારે બીજી તરફ ઉત્તર કોરિયાએ મિસાઈલો, તોપ અને ડ્રોનનું સંયુક્ત યુદ્ધાભ્યાસ યોજ્યું હોવાની જાહેરાત કરી છે. સરકારી સમાચાર એજન્સી 'કેસીએનએ' (KCNA) ના જણાવ્યા અનુસાર, આ અભ્યાસનો હેતુ સંકલિત માક ક્ષમતા અને વિનાશક ભીષણ ગોળીબારીનું પ્રદર્શન કરવાનો હતો. આ અગાઉ દક્ષિણ કોરિયાની સેનાએ પણ ઉત્તર કોરિયાના પૂર્વ તટીય ક્ષેત્રમાંથી ટૂંકા અંતરની બેલેસ્ટિક મિસાઈલો છોડવામાં આવી હોવાની માહિતી આપી હતી.

ઉત્તર કોરિયાના પરમાણુ પરીક્ષણોને કારણે મંતાપની પર્વતમાળા આસપાસ 2008 થી 2025 વચ્ચે 1399 ભૂકંપના આંચકા નોંધાયા છે. 2017ના છેલ્લા પરીક્ષણ બાદ ભૂકંપની તીવ્રતા વધી છે, જે હજારો વર્ષોથી શાંત સિસ્મિક ઝોનને સક્રિય કરી રહી છે. આ વચ્ચે, ઉત્તર કોરિયાએ મિસાઈલો અને ડ્રોન સાથે સંયુક્ત યુદ્ધાભ્યાસ યોજી પોતાની સૈન્ય ક્ષમતા દર્શાવી છે.

# બેન્ક ઓફ જાપાને વ્યાજદર સવા ટકો વધારતા 31 વર્ષનો રેકોર્ડ તુટયો

(એજન્સી) ટોકિયો । તા. 19

જાપાનની સેન્ટ્રલ બેન્ક, એટલે કે બેન્ક ઓફ જાપાને શુક્રવારે પોતાનો મુખ્ય વ્યાજ દર ૧ ટકાથી વધારીને ૧.૨૫ ટકો કરી નાખ્યો છે. આ સાથે જ ૧૯૯૫ પછી આ સૌથી ઊંચો દર સાબિત થયો છે, જેના કારણે ૩૧ વર્ષનો જૂનો રેકોર્ડ તૂટ્યો છે. બેન્કે આ મહત્ત્વપૂર્ણ પગલું એવા સમયે ઉઠાવ્યું છે જ્યારે નબળા યેન, વધતી મોંઘવારી અને મોંઘી ઊર્જાએ જાપાનની અર્થવ્યવસ્થા પર મોટું દબાણ સર્જ્યું છે. વૈશ્વિક સ્તરે ઈરાન યુદ્ધ અને હોર્મુઝ ખાડીમાંથી તેલ-ગેસની આપૂર્તિ પ્રભાવિત થવાને કારણે ઊર્જાની કિંમતોમાં ભારે ઉછાળો આવ્યો છે.

જાપાન પોતાની ઊર્જા જરૂરિયાતો માટે મોટા પ્રમાણમાં આયાત પર નિર્ભર હોવાથી મોંઘા તેલ અને ગેસને કારણે આયાતનો ખર્ચ સતત વધી રહ્યો છે, જેની સીધી અસર ઘરેલુ કિંમતો અને સામાન્ય નાગરિકોના ખર્ચ પર પડી રહી છે. જાપાન લાંબા સમયથી અત્યંત ઓછા અથવા તો નકારાત્મક વ્યાજ દરના સમયમાંથી પસાર થઈ રહ્યું હતું. વર્ષ ૨૦૨૪માં વ્યાજ દર માઈનસ ૦.૧ ટકા હતો, ત્યારબાદ બેન્કે ધીમે-ધીમે દર વધાર્યા છે અને છેલ્લા અઢી વર્ષમાં છ વખત વૃદ્ધિ કરી છે.

ઓગસ્ટ મહિનામાં મુખ્ય મોંઘવારી દર જુલાઈના ૧.૮ ટકાથી ઘટીને ૧.૭ ટકા થયો હતો, છતાં તે બેન્કના બે ટકાના લક્ષ્યની આસપાસ જ જળવાઈ રહ્યો છે. આ ઉપરાંત, નબળો યેન પણ જાપાન માટે સતત ચિંતાનો વિષય બન્યો છે. ઓગસ્ટમાં યેન ૪૦ વર્ષના નીચલા સ્તર સુધી પહોંચી ગયો હતો, જેના કારણે જાપાન અને અમેરિકાએ બજારમાં હસ્તક્ષેપ કરવો પડ્યો હતો.

અમેરિકા અને યુરોપની સેન્ટ્રલ બેન્કોએ પણ ઊર્જા કિંમતો અને મોંઘવારીના દબાણ વચ્ચે વ્યાજ દર વધાર્યા છે.

# પાક.ના કોહાટમાં શિયા મસ્જિદમાં નમાઝ સમયે હુમલો, 27 લોકોનાં મોત, આત્મઘાતી વિસ્ફોટ અને અંધાધૂંધ ગોળીબાર

(એજન્સી) ઇસ્લાબાદ । તા. 19

પાકિસ્તાનના ખૈબર પ્રાંતના કોહાટ જિલ્લામાં શુક્રવારની પવિત્ર નમાઝ સમયે એક અત્યંત બર્બર અને ભયાનક આત્મઘાતી હુમલો થયો છે. શિયા બહુમતી ધરાવતા આ વિસ્તારમાં મસ્જિદને ટાર્ગેટ કરીને આચરવામાં આવેલા આ હુમલામાં ૧૬ પોલીસકર્મીઓ સહિત કુલ ૨૭ લોકોનાં મોત નીપજ્યાં છે. આશરે સાત જેટલા ફિદાયીન હુમલાખોરો વિસ્ફોટકો ભરેલું વાહન લઈને ત્રાટક્યા હતા અને મસ્જિદના ગેટ સાથે વાહન અથડાવીને ભયાનક વિસ્ફોટ કર્યો હતો, ત્યારબાદ અંધાધૂંધ ગોળીબાર પણ કરવામાં આવ્યો હતો.

મળતી વિગતો અનુસાર,



કોહાટમાં શિયા મુસ્લિમો બહુમતમાં હોવાથી શિયાઓને નિશાન બનાવીને જ આ આત્મઘાતી હુમલો કરાયો હતો. શુક્રવારે નમાઝ માટે મસ્જિદમાં ભારે ભીડ જામી હતી, તે દરમિયાન જ હુમલાખોરો આવ્યા હતા. ગેટ પર થયેલા આ ભયાનક ધડાકાને કારણે નમાઝીઓના ચીથડે ચીથડા ઉડી ગયા હતા અને વિસ્ફોટ એટલો તીવ્ર હતો કે મસ્જિદની છત તૂટીને નીચે પડી ગઈ હતી તથા દીવાલોને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું. આ હુમલામાં ૭૮થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જ્યારે હુમલાખોર પણ માર્યો ગયો છે. હુમલા સ્થળની બાજુમાં જ પોલીસ લાઇન આવેલી હોવાના કારણે મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ પણ ભોગ બન્યા છે.

આ બર્બર હુમલાની જવાબદારી 'ઇત્તેહાદ-ઉલ-મુજાહિદીન પાકિસ્તાન' નામના સુન્ની મુસ્લિમ આતંકવાદી સંગઠને સ્વીકારી છે. આ સંગઠન એપ્રિલ ૨૦૨૫માં અસ્તિત્વમાં આવ્યું હતું અને તે હાફીઝ ગુલ બહાદુર તથા અન્ય સુન્ની જૂથો સાથે જોડાયેલું છે. આ પ્રકારની ઘટનાઓ બાદ હંમેશાની જેમ પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ અને રાષ્ટ્રપતિ દ્વારા માત્ર મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી છે.


**રેલી** | અમેરિકા-ઇઝરાયેલના હુમલા બાદ ઈરાનમાં લાખો નાગરિકો રસ્તા પર ઉતર્યા

# ઈરાનમાં અમેરિકા સામે શસ્ત્રો સાથે લાખો લોકોની રેલી

(એજન્સી) કૈરો । તા. 19

અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા સંયુક્ત રીતે આ વર્ષે ફેબ્રુઆરીમાં ઈરાન પર હુમલા કરવામાં આવ્યા હતા. આ હુમલા બાદ પ્રથમ વખત ઈરાનના નાગરિકો દ્વારા સૌથી મોટું પ્રદર્શન કરવામાં આવ્યું છે. ઈરાનમાં લાખો નાગરિકો રસ્તા પર ઉતર્યા છે અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેમજ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની વિરુદ્ધમાં ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. શુક્રવારની આ વિશાળ રેલીનું આયોજન ખુદ ઈરાન સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું, જેને 'પ્રતિકાર રેલી' નામ આપવામાં આવ્યું છે.

તહેરાનના ગાર્ડ ચીફ જનરલ હસન હસનઝાહેદે મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે આ રેલીમાં ભાગ લેવા



માટે આશરે છ લાખ લોકોએ સામે ચાલીને રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. મહિલાઓ, યુવા વયના પુરુષો તેમજ વૃદ્ધો તમામ લોકોએ હાથમાં બંદૂકો, રાઈફલો લઈને ઈરાનના રસ્તા પર સ્વરક્ષણ માટે રેલી કાઢી હતી. આ દરમિયાન નાગરિકોએ શપથ લીધા હતા કે જ્યારે પણ દેશને જરૂર પડશે ત્યારે તેઓ હથિયાર ઉઠાવશે.

તાજેતરમાં હોર્મુઝ ખાડીમાં ભારે તંગદીલી પ્રવર્તી રહી છે. અમેરિકા ઈરાનનું કોઈ જહાજ પસાર થવા દેતું નથી, જેને પગલે ઈરાનની આર્થિક સ્થિતિ પાયમાલ થઈ રહી છે. આવા સમયે ઈરાને એક રીતે અમેરિકાને ખુલ્લો પડકાર ફેંક્યો છે. એટલું જ નહીં, ઈઝરાયેલની જેમ ઈરાન પણ પોતાના નાગરિકોને હથિયારોની તાલીમ આપી રહ્યું છે. આવા આશરે દસ લાખ લોકોને ઈરાન હથિયારો સહિતની તાલીમ આપવા જઈ રહ્યું છે, અને તાલીમ મેળવનાર નાગરિકોને એક ચોક્કસ હોદ્દો પણ આપવામાં આવી રહ્યો છે.

ઈરાન દ્વારા હોર્મુઝ ખાડીમાં હુમલા વધારી દેવામાં આવ્યા છે અને સ્પષ્ટ કરી દેવાયું છે કે તેમની મંજૂરી વગર કોઈ પણ જહાજ પસાર નહીં થવા દઈએ. ઈરાને આ ખાડીમાં એક ઓઈલ ટેન્કર પર ડ્રોન હુમલો કર્યો હતો, જેને કારણે તે ફસાઈ ગયું છે. યુકેએમટીઓ (UKMTO) દ્વારા પણ ઓઈલ ટેન્કર પર હુમલાની ખાતરી કરવામાં આવી છે.

# ટ્રમ્પના પુત્રની લગ્નની પાર્ટીમાં પુતિનના સાથીઓએ અબજોનો ખર્ચો કર્યો

(એજન્સી) વાશિંગ્ટન । તા. 19

અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના પુત્ર ડૉનલ્ડ ટ્રમ્પ જુનિયરના લગ્નની ઉજવણી અને તેમાં થયેલા ખર્ચને લઈને એક મોટો રાજકીય અને નૈતિક વિવાદ સામે આવ્યો છે. રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનના અત્યંત નજીકના સહયોગી અને ઓલિગાર્ક પાસેથી ભવ્ય લગ્નની પાર્ટી માટે ભંડોળ લેવામાં આવ્યું હોવાનો ખુલાસો થયા બાદ ભારે આલોચના થઈ હતી. જોકે, વિવાદ વકરતા ડૉનલ્ડ ટ્રમ્પ જુનિયરે તે નાણાં સંપૂર્ણપણે પરત કરી દીધા છે.

'પ્રોપબ્લિકા' (ProPublica) દ્વારા કરવામાં આવેલી એક તપાસમાં ખુલાસો થયો હતો કે રશિયાના ઉમર ક્રેમલેવ દ્વારા સેંકડો હજારો ડૉલર આપવામાં આવ્યા હતા. આ ભંડોળનો ઉપયોગ બહામાસમાં પ્રાઈવેટ આઈલેન્ડ (ખાનગી ટાપુ) અને ભવ્ય આતશબાજી સહિતના આફ્ટર-પાર્ટી આયોજનો માટે કરવામાં આવ્યો હતો. આ મામલે વિદેશી પ્રભાવ અને નૈતિક ઉલ્લંઘનના આક્ષેપો થયા બાદ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે ખુલાસો કરવો પડ્યો હતો.

ઓવલ ઑફિસમાં પત્રકારો સાથે વાતચીત કરતી વખતે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે જણાવ્યું હતું કે ભેટ સ્વીકારવી સામાન્ય બાબત છે અને ઘણા લોકો લગ્નની પાર્ટીઓનું આયોજન કરતા હોય છે. જોકે, તેમણે ઉમેર્યું હતું કે જ્યાં સુધી તેમને માહિતી મળી છે, તેમના પુત્રએ તે નાણાં પરત કરી દીધા છે કારણ કે તેઓ આ પ્રકારના વિવાદોમાં પડવા માંગતા ન હતા. ડૉનલ્ડ ટ્રમ્પ જુનિયરના સત્તાવાર પ્રવક્તાએ પણ આ ચૂકવણીનો ઈનકાર કર્યો ન હતો અને જણાવ્યું હતું કે ઉમર ક્રેમલેવ તેમના એક અંગત મિત્ર છે અને આ ભેટ એક અસાધારણ ઉદાર મિત્રતાનું પરિણામ છે.

## 'રોડ નહીં તો વોટ નહીં'ના નારા સાથે વિરોધ

# 'મારી સાથે આ ભાષામાં આ વાત નહીં કરવાની', જનતાએ રોડ બનાવવાનું કહેતા મોદી કેબિનેટના મંત્રી ભડક્યા

(એજન્સી) નવી દિલ્હી | તા 19

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને તેમના સંસદીય ક્ષેત્ર ગુનામાં સ્થાનિકોએ ઘેર્યા હતા. અધૂરા રસ્તાના મુદ્દે રોષે ભરાયેલા ગ્રામજનોએ તેમના કાફલાને રોકી 'રોડ નહીં તો વોટ નહીં'ના નારા લગાવ્યા હતા. આ દરમિયાન મંત્રીની એક ગ્રામજન સાથે બોલાચાલી થઈ, જેનો વીડિયો વાઈરલ થયો. જોકે, મંત્રીએ તાત્કાલિક 3 કરોડ મંજૂર કરીને ચોમાસા બાદ રસ્તાનું કામ શરૂ કરવાની જાહેરાત કરી હતી. કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને તેમના સંસદીય ક્ષેત્ર ગુનામાં સ્થાનિક રહેવાસીઓ દ્વારા અધૂરા રહેલા રસ્તાના મુદ્દે ઘેરવામાં આવ્યા હતા. રસ્તાની ખરાબ હાલત અને લાંબા સમયથી ચાલી રહેલી ઉપેક્ષાને લઈને રોષે ભરાયેલા ગ્રામજનોએ તેમના કાફલાને રોકીને વિરોધ નોંધાવ્યો હતો.



ગ્રામજનોએ હાથમાં બેનરો લઈને 'રોડ નહીં તો વોટ નહીં'ના નારા લગાવ્યા હતા. જ્યારે મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા એક ગામ તરફ જઈ રહ્યા હતા ત્યારે વિરોધ કરી રહેલા લોકોએ તેમનો કાફલો રોકી દીધો હતો. આ દરમિયાન એક ગ્રામજન સાથે મંત્રીની ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થયો છે. વીડિયોમાં એક નાગરિક મંત્રીને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતો સાંભળવા મળે છે કે જો આ વખતે રસ્તાનું કામ નહીં થાય તો આગામી ચૂંટણીમાં કોઈ મત નહીં આપે.

લોકોની ભાષા અને વિરોધ કરવાની રીત સામે જ્યોતિરાદિત્ય સિંધિયાએ નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'મારી સાથે આ ભાષામાં ક્યારેય વાત ન કરવી. તમે આવીને અરજી કરો, કામ કરાવવાની જવાબદારી મારી છે.' જોકે, આ ઘટનાના અડધા કલાકની અંદર જ એક સાર્વજનિક કાર્યક્રમમાં મંત્રી સિંધિયાએ રસ્તાના નિર્માણ માટે રૂ. 3 કરોડ મંજૂર કરવાની જાહેરાત કરી દીધી હતી. આ રકમ ગુનાના ધારાસભ્ય પન્નાલાલ શાક્યાના ધારાસભ્ય ફંડમાંથી ફાળવવામાં આવી છે. વિવાદ વધ્યા બાદ જ્યોતિરાદિત્ય સિંધિયાએ જિલ્લા કલેક્ટરને પણ કડક સૂચના આપી છે કે ચોમાસાની ઋતુ પૂરી થતાની સાથે જ આ રસ્તાના નિર્માણનું કામ તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવે. સ્થાનિક રહેવાસીઓની લાંબા સમયથી ફરિયાદ હતી કે નગરપાલિકા અને તંત્ર દ્વારા પાયાની નાગરિક સુવિધાઓ પ્રત્યે બેદરકારી દાખવવામાં આવી રહી છે, જેના કારણે આ વિરોધ પ્રદર્શન કરવું પડ્યું હતું.

## વિદેશી ફંડ પર ચાલતા એનજીઓ 50 ટકા ઘટ્યા પણ ફંડ વધ્યું

નવી દિલ્હી: કેન્દ્ર સરકાર દ્વારા વિદેશી ફંડ મેળવવા, ખર્ચા સહિતના મુદ્દે આકરા નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. એનજીઓ પર લગામ સહિતના પગલા લેવામાં આવી રહ્યા છે. જે માટે સરકાર દ્વારા એક બિલ લાવવામાં આવ્યું છે, આ બિલ પર ચર્ચા કરવા માટે એક સંસદીય સમિતિનું ગઠન કરાયું છે, આ સમિતિને જણાવવામાં આવ્યું છે કે એફસીઆરએ હેઠળ કુલ નોંધાયેલા એનજીઓની સંખ્યા ૧૪૪૬૬ છે, જે તમિલનાડુ સહિત કુલ ૧૫ રાજ્યોમાં સક્રિય છે. ૨૦૧૫માં આવા એનજીઓની સંખ્યા ૨૯૦૨૨ હતી, તેનાથી હાલ અડધી સંખ્યા થઇ પણ ફંડ વધ્યું છે. રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન આ સક્રિય એનજીઓને મળેલા વિદેશી ફંડની કુલ રકમ ૨૨૯૭૪ કરોડ હતી, જે વર્ષ ૨૦૧૫-૧૬ સમયે ૧૭૮૩૨ કરોડ હતી. આ જ સમયગાળા દરમિયાન નોંધાયેલા એક્ટિવ એનજીઓની સંખ્યા ૨૯૦૨૨થી ઘટીને ૧૪૪૬૬ થઇ ગઇ હતી, એટલે કે આવા સક્રિય અને નોંધાયેલા એનજીઓની સંખ્યામાં ૫૦ ટકા જેટલો ઘટાનો નોંધાયો છે. જે પણ દેશોમાંથી આ એનજીઓ ફંડ લાવ્યા તેમાં અમેરિકા સૌથી વધુ ૧૨૧૧૩ કરોડ, યુકે ૨૪૧૪ કરોડ, જર્મની ૧૭૮૨ કરોડ વગેરે ફંડનો સમાવેશ થાય છે.

## News Brief

### પરીક્ષામાં ચેટ જીપીટીનો ઉપયોગ કરતા પકડાયા બાદ IIT બોમ્બેના વિદ્યાર્થીએ આત્મહત્યા કરી



(એજન્સી) મુંબઈ | તા 19

આઈઆઈટી બોમ્બેમાં 19 વર્ષીય વિદ્યાર્થી સાહિલ વાકોડેએ હોસ્ટેલ રૂમમાં જીવનનો અંત આણ્યો હતો. પરીક્ષામાં ChatGPTનો ઉપયોગ કરતા પકડાયા બાદ આ ઘટના બની હતી. ઘટનાના વિરોધમાં 400 થી વધુ વિદ્યાર્થીઓએ પ્રદર્શન કર્યું, જેના કારણે મિડ-સેમેસ્ટર પરીક્ષાઓ મોકૂફ રખાઈ. પોલીસે તપાસ હાથ ધરી છે.

દેશની પ્રતિષ્ઠિત ટેક્નોલોજી સંસ્થા આઈઆઈટી (IIT) બોમ્બેમાંથી એક અત્યંત દુખદ અને ચોંકાવનારી ઘટના સામે આવી હતી. અહીં એનર્જી સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ વિભાગમાં અભ્યાસ કરતા 19 વર્ષીય દ્વિતીય વર્ષના વિદ્યાર્થીએ હોસ્ટેલના રૂમમાં જીવનનો અંત આણી દીધો હતો. મૃતક વિદ્યાર્થીની ઓળખ સાહિલ વાકોડે તરીકે થઈ છે. પરીક્ષા દરમિયાન મોબાઈલ ફોન દ્વારા AI ટૂલ ચેટજીપીટીનો ઉપયોગ કરવાના મામલા બાદ આ પગલું ભરવામાં આવતા શૈક્ષણિક જગતમાં હલચલ મચી ગઈ હતી. ઘટનાના વિરોધમાં કેમ્પસમાં 400 થી વધુ વિદ્યાર્થીઓએ ઉગ્ર પ્રદર્શન કર્યું હતું, જેના કારણે મિડ-સેમેસ્ટર પરીક્ષાઓ હાલ પૂરતી સ્થગિત કરવામાં આવી હતી.પ્રાપ્ત માહિતી અનુસાર, શુક્રવારે દિવસ દરમિયાન ચાલી રહેલી પરીક્ષા દરમિયાન સાહિલ વાકોડેને પરીક્ષા હોલમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા પકડવામાં આવ્યો હતો. વિદ્યાર્થીએ પરીક્ષાનો પ્રશ્નપત્ર ચેટજીપીટી પર અપલોડ કરીને તેના જવાબો મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સંસ્થા અને વિભાગીય વડા દ્વારા આ મામલે કોઈ પણ પ્રકારની કડક શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવી ન હતી. ઈન્સ્ટ્રક્ટર અને વિભાગના વડાએ વિદ્યાર્થી સાથે વાતચીત કરી હતી અને તેને સમજાવ્યું હતું કે આ ઘટનાની તેની શૈક્ષણિક કારકિર્દી પર કોઈ પણ માઠી અસર પડશે નહીં.પરીક્ષા હોલની આ ઘટના બાદ સાહિલ પોતાના હોસ્ટેલ નંબર 4 ના રૂમમાં પરત ફર્યો હતો. પવઈ પોલીસ સ્ટેશનના એક અધિકારીના જણાવ્યા મુજબ, પરીક્ષા સાંજે 4 વાગ્યા સુધી હતી અને ત્યારબાદ વિદ્યાર્થી પોતાના રૂમમાં ગયો હતો, જ્યાં તેણે કથિત રીતે ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. પોલીસને આ ઘટનાની જાણ થતાં જ પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને પંચનામાની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજાવાડી હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યો છે.વિદ્યાર્થીના મૃત્યુના સમાચાર ફેલાતા જ આઈઆઈટી બોમ્બેના કેમ્પસમાં તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી. રાત્રે અંદાજે 10:30 વાગ્યા સુધી 400 થી વધુ વિદ્યાર્થીઓ સંસ્થાની મુખ્ય ઈમારત પાસે એકઠા થઈ ગયા હતા અને વહીવટીતંત્ર સામે ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. સ્થિતિની ગંભીરતા જોતાં આઈઆઈટી બોમ્બેના ડિરેક્ટર પ્રોફેસર શિરીષ કેદારે વિદ્યાર્થીઓને મળવા પહોંચ્યા હતા. પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ સાથે બેઠક કર્યા બાદ તેમને કન્વોકેશન હોલમાં ખસેડવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓના ભારે વિરોધ અને તણાવને ધ્યાનમાં રાખીને સંસ્થાએ ચાલુ મિડ-સેમેસ્ટર પરીક્ષાઓ મોકૂફ રાખવાની જાહેરાત કરી છે. આ મામલે પોલીસ દ્વારા વધુ તપાસ ચાલુ છે.

### પેટ્રોલ ભરાવતા પહેલાં સાવધાન : 700થી વધુ પંપો પર ગોટાળાનો ખુલાસો, કેવો થાય છે ખેલ

કર્ણાટક : કર્ણાટકમાં પેટ્રોલ પંપો પર મોટી છેતરપિંડીનો પર્દાફાશ થયો છે. રાજ્ય સરકારે કરેલી તપાસમાં 805માંથી 768 પંપોના મશીનોમાં ગડબડ જણાઈ હતી. ડિસ્પ્લે પર દર્શાવેલ જથ્થા કરતાં ઓછું પેટ્રોલ-ડીઝલ અપાતું હતું. 101 પંપ સામે 6.66 લાખનો દંડ ફટકારી કાયદેસરની કાર્યવાહી કરાઈ છે. ગ્રાહકોને ઓછું ઈંધણ આપી વધુ પૈસા લેવાતા હતા. જો તમને શંકા હોય તો પંપ પરના માપિયાથી તપાસ કરાવી શકાય છે. શું તમે જાણો છો કે પેટ્રોલ પંપ પર કેલિબ્રેશન (Calibration) માં ગડબડના કારણે ગ્રાહકોને ઓછું પેટ્રોલ કે ડીઝલ મળે છે, અને તેઓ વધુ પેટ્રોલના કે ડીઝલના પૈસા ચૂકવે છે? તો ચાલો જાણીએ કે આ કેલિબ્રેશન શું છે, અને પેટ્રોલ પંપ પર કેવી રીતે રમત થાય છે. પેટ્રોલ પંપના મશીનમાં 10 લીટર લખેલું આવે અને ડિસ્પ્લે પર પણ 10 લીટર દેખાય, તો સામાન્ય રીતે દરેક વ્યક્તિ માની લે છે કે, તેમને પૂરેપૂરું 10 લીટર પેટ્રોલ કે ડીઝલ મળી ગયું છે. પરંતુ કર્ણાટકમાં થયેલી તપાસે આ આખી સિસ્ટમ પર સવાલો ઊભા કર્યા છે. કર્ણાટક સરકારે જ્યારે પેટ્રોલ પંપો પર તપાસ હાથ ધરી ત્યારે હેરાન કરનારું સત્ય સામે આવ્યું હતું. તપાસમાં જાણવા મળ્યું કે 805 માંથી 768 પંપોની મશીનમાં ગડબડ હતી, એટલે કે ડિસ્પ્લે પર જેટલું પેટ્રોલ દેખાય છે, એટલું ફ્યુઅલ ટેન્કમાં આવતું નહોતું. કેટલાક પંપોમાં ગડબડ વધુ હોવાથી 101 પંપો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી, અને તેમના પર કુલ 6.66 લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.કેલિબ્રેશનનો સીધો અર્થ એ છે કે, મશીન જેટલું ઈંધણ ડિસ્પ્લે પર બતાવી રહ્યું છે, ખરેખરમાં નોઝલમાંથી એટલું જ ઈંધણ બહાર નીકળી રહ્યું છે કે નહીં.

## લોઢા ફાઉન્ડેશનના 'શ્રી ગણેશ ભક્તિ અને કાવ્ય સંધ્યા' કાર્યક્રમમાં શ્રદ્ધા, સંગીત અને સાહિત્યનો સુંદર સંગમ

મુંબઈ | લોઢા ફાઉન્ડેશન દ્વારા આયોજિત 'શ્રી ગણેશ ભક્તિ અને કાવ્ય સંધ્યા' કાર્યક્રમમાં શ્રી ગણેશ ઉત્સવ સાથે જોડાયેલી આસ્થા, શ્રદ્ધા, આધ્યાત્મિકતા, સંગીત અને સાહિત્યનો એક સુંદર સંગમ જોવા મળ્યો હતો. આ વિશેષ કાર્યક્રમ લોઢા ફાઉન્ડેશન, મહારાષ્ટ્ર હિન્દી સાહિત્ય અકાદમી, જૈન ઈન્ટરનેશનલ વિમેન્સ ઓર્ગેનાઈઝેશન (JIWO)નું સાઉથ મુંબઈ ચેપ્ટર, જ્ઞાન ગંગોત્રી કાવ્ય મંચ અને સિંગિંગ સોલ્સના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસના અવસરે યોજાયેલા આ કાર્યક્રમે ભક્તિ અને સાહિત્યનો એક અનોખો અને સુમેળભર્યો સંગમ–એક 'મણિકાંચન યોગ' (રત્ન અને સુવર્ણનો ઉત્તમ સમન્વય)–રજૂ કર્યો. આ પ્રસંગે અનેક પ્રતિષ્ઠિત હસ્તીઓ ઉપસ્થિત રહી હતી, જેમાં જાણીતા શાસ્ત્રીય ગાયિકા પદ્મશ્રી ડૉ. સોમા ઘોષ; બોલિવૂડ અભિનેતા, ગાયક અને દિગ્ગજ ગાયક મહેન્દ્ર કપૂરના પુત્ર રોહન કપૂર; અને મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના ભૂતપૂર્વ કાર્યકારી અધ્યક્ષ ડૉ. શીતલા



પ્રસાદ દુબેનો સમાવેશ થાય છે. તેમની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિએ કાર્યક્રમના સાંસ્કૃતિક અને સાહિત્યિક પાસાઓને વધુ સમૃદ્ધ બનાવ્યા. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બે પુસ્તકોનું વિમોચન હતું: ડૉ. મંજુ મંગલ પ્રભાત લોઢા (અધ્યક્ષ, લોઢા ફાઉન્ડેશન) દ્વારા લિખિત 'સંવાદોં કા સફર' અને ડૉ. ઈન્દુ ચતુર્વેદી દ્વારા લિખિત 'અનામિકા'. ડૉ. મંજુ લોઢાએ ડૉ. ઈન્દુ ચતુર્વેદીને તેમના પુસ્તક બદલ હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમ દરમિયાન, ૮ વર્ષીય તારુષિ લોઢાએ ગણપતિ ઉત્સવની શરૂઆત અને ગણપતિ બાપ્પાને ઘરે લાવવાની સુંદર પરંપરા પાછળની વાર્તા રજૂ કરી; તેની નિર્દોષ છતાં સૂઝબૂઝભરી રજૂઆતે સૌનું મન મોહી લીધું હતું. તમામ સહભાગીઓ માટે વિશેષ ભેટોનું પ્રાયોજન 'અમરી કેપિટલ'ના ડિરેક્ટર વરુણ બાફના દ્વારા કરવામાં આવ્યું હતું. વિવિધ મહિલાઓએ હૃદયસ્પર્શી નૃત્ય અને સંગીતની પ્રસ્તુતિઓ આપીને તેમની પ્રતિભા, સર્જનાત્મકતા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સક્રિય સહભાગિતાનું પ્રદર્શન કર્યું. ભક્તિ સંગીત, કવિતા અને સાંસ્કૃતિક કાર્યક્રમોએ વાતાવરણને આનંદમય બનાવી દીધું હતું, જ્યારે કલાકારોએ શ્રી ગણેશ ઉત્સવની ભક્તિભાવનાની સાથે સાથે સાહિત્ય અને કલા પ્રત્યેની પોતાની શ્રદ્ધાને પણ સુંદર રીતે વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમે એવો સંદેશ આપ્યો કે સંગીત, સાહિત્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સમાજને જોડવા અને સકારાત્મક ઊર્જાનો સંચાર કરવા માટેના સુંદર માધ્યમો છે. આ કાર્યક્રમનું સમાપન ભગવાન ગણેશને સમર્પિત ભાવપૂર્ણ આરતી સાથે થયું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે તેમના સારા સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે પ્રાર્થના કરતા, ઉપસ્થિત સૌએ ભક્તિ અને કૃતજ્ઞતાની ભાવના સાથે આરતીમાં ભાગ લીધો.

## દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૧૩ ટકા સાથે રાજ્યમાં મોસમનો સરેરાશ ૮૮ ટકા વરસાદ વરસ્યો

અમદાવાદ | રાજ્યમાં ચોમાસાની ઋતુ દરમિયાન આજ રોજ સવારે ૬ કલાક સુધીમાં કુલ એકંદર ૩૧ ઈંચ વરસાદ નોંધાયો છે, જે રાજ્યના મોસમના સરેરાશ વરસાદની સામે ૮૮ ટકા જેટલો થાય છે. ઝોન વાઈઝ સ્થિતિ જોતાં, દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૧૩.૫૨ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૮૮.૫૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૦.૩૩ ટકા, સૌરાષ્ટ્રમાં ૬૭.૮૬ ટકા અને કચ્છ ઝોનમાં ૫૭.૧૬ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૩૧ જિલ્લાના ૨૨૪ તાલુકાઓમાં સરેરાશ ૧૭.૨૦ મિમિ વરસાદ થયો છે. જેમાં અરવલ્લીના મેઘરજ અને ગીર સોમનાથના ગીર ગઢડા તાલુકામાં સૌથી વધુ ૩ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત અમદાવાદ શહેરમાં ૨.૮૭ ઈંચ, સાબરકાંઠાના તલોદમાં ૨.૫૨ ઈંચ અને નર્મદાના દેડિયાપાડામાં ૨.૪૦ ઈંચ વરસાદ વરસ્યો છે. જળાશયો અને ડેમની સ્થિતિ: સરદાર સરોવર નર્મદા ડેમ કુલ સંગ્રહ ક્ષમતાના ૯૬ ટકા જેટલો ભરાયો છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં કુલ ક્ષમતાના ૭૦.૪૯ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યમાં હાલ ૩૦ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે, ૩૮ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૨૫ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૪૦ ડેમ ૨૫ થી ૫૦ ટકા અને ૭૩ ડેમ ૨૫ ટકાથી નીચે ભરાયેલા છે. જળસંગ્રહના આધારે ૪૫ ડેમ હાઈ એલર્ટ, ૧૩ ડેમ એલર્ટ અને ૧૦ ડેમ વોર્નિંગ પર મૂકવામાં આવ્યા છે.સ્થળાંતર, રેસ્ક્યૂ અને રાહત કામગીરી: ચોમાસાની શરૂઆતથી તા. ૦૧ જૂન, ૨૦૨૬ થી ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન રાજ્યમાં કુલ ૮૫,૪૫૬ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, જ્યારે ૯,૮૨૨ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે.


### આર્થિક વૃદ્ધિ દર 6% થી વધારી 7% થવાનો અંદાજ મૂક્યો

## ભારતનો જીડીપી એક ટકા વધવાનો મૂડીઝનો આશાવાદ

નવી દિલ્હી : ભારતના અર્થતંત્રએ એપ્રિલ-જૂન ત્રિમાસિકમાં ૭.૮ ટકાના દરે વૃદ્ધિ કરી હોવાનો સરકારે દાવો કર્યો હતો. આ સમયે દેશમાં વિપક્ષ સહિત એક વર્ગે સરકારના આંકડાઓ સામે સવાલ ઉઠાવ્યા હતા. જોકે, હવે અલ નિનોના કારણે ઓછા વરસાદ, અમેરિકા-ઈરાન તથા રશિયા-યુક્રેન યુદ્ધો તેમજ ક્રૂડ ઓઈલમાં ભાવવધારા છતાં દુનિયાના વિકસિત જી-૨૦ અર્થતંત્રોની સરખામણીમાં ભારતીય અર્થતંત્ર ચાલુ નાણાકીય વર્ષમાં સૌથી ઝડપી સાત ટકાના દરે વૃદ્ધિ કરશે તેમ દુનિયાની અગ્રણી રેટિંગ એજન્સી મૂડીઝ રેટિંગ્સે આગાહી કરી છે. આ પહેલાં એજન્સીએ આર્થિક વૃદ્ધિદર ૬ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો. જોકે, આ સાથે મૂડીસે ક્રૂડ ઓઈલમાં ભાવવધારાના કારણે મોંઘવારી વધવાની ચેતવણી આપી છે.ભારતના 'બીએએ3' સોવરેન રેટિંગની સમીક્ષા પછી વૈશ્વિક રેટિંગ એજન્સી મૂડીઝે જણાવ્યું કે, મધ્ય-પૂર્વમાં યુદ્ધ જેવી મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે પણ ભારતનું અર્થતંત્ર મજબૂતીથી ટકી રહ્યું છે. આ કારણે રેટિંગ એજન્સીએ તેનું અનુમાન બદલ્યું છે.મુડીઝ મુજબ કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનામાં ભારતનો વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર વાર્ષિક આધારે ૮.૨ ટકા રહ્યો, જે કેલેન્ડર વર્ષ ૨૦૨૫માં ૭.૩ ટકાની વૃદ્ધિ કરતાં વધુ હતો. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં એપ્રિલ-જૂન ત્રિમાસિકમાં ભારતીય અર્થથંત્ર ૭.૮ ટકાના દરથી વૃદ્ધિ પામ્યો હતો અને તે આરબીઆઈના ૭ ટકાના અંદાજ કરતા વધુ હતો.આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઈએમએફ)એ વૈશ્વિક પડકારોને ટાંકીને જુલાઈમાં નાણાકીય વર્ષ ૨૦૨૭નો તેનો વિકાસ પૂર્વાનુમાન ઘટાડીને ૬.૪ ટકા કર્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮નો ગ્રોથરેટ વધારીને ૬.૭ ટકા કર્યો હતો. આરબીઆઈએ પણ નાણાકીય વર્ષ ૨૦૨૭માં તેનું અનુમાન ઘટાડીને ૬.૬ ટકા કર્યું છે.આર્થિક વૃદ્ધિના અનેક મોરચાએ ભારતને ટેકો મળ્યો છે, જેમાં ખાનગી વપરાશમાં મજબૂતી, જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સતત ખર્ચ અને સકલ સ્થિર મૂડી નિર્માણમાં મજબૂત વૃદ્ધિનો સમાવેશ થાય છે. આ સિવાય ખાનગી ક્ષેત્રના રોકાણમાં સુધારાની સંભાવના અને સેવા ક્ષેત્રની સતત મજબૂતી પણ અર્થતંત્ર માટે સકારાત્મક રહી છે. ખાનગી સેક્ટર પણ ફેક્ટરીઓ અને મશીનોમાં રોકાણ વધારી રહ્યું છે.

## ફ્લાઈટ છે કે WWFની રિંગ! બે મુસાફરો વચ્ચે છૂટ્ટા હાથની મારામારી, ટી-શર્ટ ફાડી મુક્કા વરસાવ્યા

નવી દિલ્હી : બિમાન બાંગ્લાદેશ એરલાઈન્સની સિલ્હટથી લંડન જતી ફ્લાઈટમાં 17 ઓક્ટોબરે બે મુસાફરો વચ્ચે મારામારી થઈ હતી. સામાન્ય બોલાચાલી બાદ શરૂ થયેલી આ લડાઈમાં એક મુસાફરની ટી-શર્ટ ફાટી ગઈ હતી. કેબિન ક્રૂ અને અન્ય મુસાફરોએ માંડ-માંડ તેમને અલગ કર્યા હતા. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો છે, જોકે કોઈ કાનૂની કાર્યવાહી થઈ કે નહીં તે સ્પષ્ટ નથી. ટ્રેન કે મેટ્રોમાં સીટ મેળવવા માટે મુસાફરો વચ્ચે ઝઘડા થતા જોવા મળે છે, પરંતુ હવે વિમાનની અંદર જ મુસાફરો વચ્ચે મારામારી થઈ હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. 'બિમાન બાંગ્લાદેશ એરલાઈન્સ'ની એક ફ્લાઈટમાં બે મુસાફરો સામાન્ય બોલાચાલી બાદ અંદરોઅંદર બાખડી પડ્યા હતા. આ સમગ્ર ઘટના 17 ઓક્ટોબરના રોજ સિલ્હટથી લંડન જઈ રહેલી ફ્લાઈટમાં બની હતી, જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે, બે મુસાફરો વચ્ચે શરૂઆતમાં કોઈ મુદ્દે આક્રમક બોલાચાલી થાય છે અને જોતજોતામાં મામલો મારામારી સુધી પહોંચી જાય છે. બંને મુસાફરો એકબીજા પર મુક્કા વરસાવવા



લાગે છે, જેમાં એક મુસાફરની ટી-શર્ટ પણ ફાટી જાય છે અને તે સીટ પાસે નીચે પટકાય છે. આ ઝપાઝપી જોઈને આસપાસના મુસાફરો અને કેબિન ક્રૂ તાત્કાલિક વચ્ચે પડીને બંનેને માંડ-માંડ અલગ કરે છે.હવામાં ઊડતા વિમાનમાં અચાનક થયેલી આ હિંસક ઘટનાથી ફ્લાઈટમાં બેઠેલા બાળકો અને વૃદ્ધોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો. અણધારી બબાલના કારણે કેબિનમાં થોડીવાર માટે અફરાતફરી મચી ગઈ હતી અને અન્ય મુસાફરોના ચહેરા પર ભય સ્પષ્ટપણે જોવા મળતો હતો.બિમાન બાંગ્લાદેશ એરલાઈન્સના જનરલ મેનેજર મોહિઉદ્દીન અહેમદે પુષ્ટિ કરી છે કે, સિલ્હટથી લંડન જતી ફ્લાઈટમાં બે મુસાફરો વચ્ચે વિવાદ બાદ મારામારી થઈ હતી, જેને ક્રૂ મેમ્બર્સે સમયસર નિયંત્રણમાં લીધી હતી.

### તિરુપતિ લાડુ પ્રસાદના ઘીમાં ભેળસેળના ગંભીર આરોપો

## તિરુપતિ લાડુ વિવાદ : દેશી ઘીમાં પામ ઓઈલ અને કેમિકલ્સનું મિશ્રણ, EDએ પ્રમોટર્સને ઝડપ્યા

(એજન્સી) તિરુપતિ | તા 19

તિરુપતિ લાડુ પ્રસાદના ઘીમાં ભેળસેળનો EDનો ચોંકાવનારો દાવો સામે આવ્યો છે. 2019થી 2024 વચ્ચે તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD)ને રિફાઈન્ડ પામ ઓઈલ અને કેમિકલ્સ મિશ્રિત ઘી સપ્લાય કરાયું હોવાનો આરોપ છે. આશરે 230 કરોડ રૂપિયાના શંકાસ્પદ ઘી સપ્લાય મામલે 'સુકૃતિ ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડ'ના કૈલાશ ચંદ મંગલાની ધરપકડ થઈ છે. ભક્તોની આસ્થા સાથે ચેડાં થતા ગુણવત્તા પર સવાલો ઉભા થયા છે. તિરુપતિ લાડુ પ્રસાદમાં ઉપયોગમાં લેવાતા ઘીની ગુણવત્તાને લઈને પ્રવર્તન નિદેશાલય (ED) દ્વારા ચોંકાવનારા દાવા કરવામાં આવ્યા છે. આ મામલે એજન્સી દ્વારા ગેરરીતિ અને મોટા પાયે સપ્લાયના આક્ષેપો કરવામાં આવ્યા છે.પ્રવર્તન નિદેશાલય (ED) ના જણાવ્યા અનુસાર, વર્ષ 2019થી 2024



વચ્ચે તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) ને કથિત રીતે ભેળસેળયુક્ત ઘીની સપ્લાય કરવામાં આવી હતી. એજન્સીનો આરોપ છે કે અસલી દૂધની મલાઈમાંથી બનેલા ઘીના બદલે તેમાં રિફાઈન્ડ પામ ઓઈલ, પામ કર્નલ ઓઈલ અને પામોલિન જેવા વનસ્પતિ તેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ મિશ્રણને અસલી ઘી જેવો દેખાડવા માટે તેમાં એમજી-90, મોનોગ્લિસરાઈડ્સ, માયવેસિટ સોફ્ટ 400 અને એસિટિક એસિડ એસ્ટર જેવા વિવિધ રસાયણો (કેમિકલ્સ) પણ ભેળવવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. તપાસ એજન્સીના અહેવાલ મુજબ, આ સમયગાળા દરમિયાન કુલ આશરે 230 કરોડ રૂપિયાની કથિત શંકાસ્પદ ઘીની સપ્લાય કરવામાં આવી હતી. આ સમગ્ર મામલામાં 'સુકૃતિ ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડ'ના પ્રોમોટર કૈલાશ ચંદ મંગલાની ધરપકડ કરવામાં આવી છે, કારણ કે તેમની કંપની દ્વારા આ સમયગાળામાં અંદાજે 96 કરોડ રૂપિયાનું કથિત ભેળસેળયુક્ત ઘી સપ્લાય કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. આ મામલો માત્ર નાના પાયે થતી ભેળસેળનો નથી, પરંતુ મોટા વ્યાપારી સ્તરે થયેલી કથિત ગેરરીતિ સાથે જોડાયેલો છે. જોકે, આ તમામ ED દ્વારા કરવામાં આવેલા આરોપો છે અને અદાલતમાં તેની સત્યતા સાબિત થવાની હજુ બાકી છે. તિરુપતિ બાલાજી મંદિરનો લાડુ પ્રસાદ દેશ-દુનિયાના કરોડો શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું પ્રતીક છે.

## મધ્યપ્રદેશમાં મોટી દુર્ઘટના, વરસાદી નાળામાં શ્રદ્ધાળુઓની કાર વહી જતાં 8 લોકોના મોત

(એજન્સી) નલખેડા | તા 19

મધ્ય પ્રદેશના આગર માલવા જિલ્લાના નલખેડા સ્થિત મા બગલામુખી મંદિર પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. ભારે વરસાદના કારણે પાણીના તેજ પ્રવાહમાં કાર તણાઈ જતાં 8 શ્રદ્ધાળુઓના કરુણ મોત થયા છે. મૃતકોમાં 3 બાળકો, 2 મહિલાઓ અને 3 પુરુષોનો સમાવેશ થાય છે. રેસ્ક્યુ ઓપરેશન ચાલુ છે, પરંતુ પાણીના પ્રવાહને કારણે મુશ્કેલી પડી રહી છે.મધ્ય પ્રદેશના આગર માલવા જિલ્લાના નલખેડામાં આવેલા પ્રસિદ્ધ મા બગલામુખી મંદિર પાસે એક મોટી દુર્ઘટના ઘટી છે. રાત્રે પડેલા ભારે વરસાદના કારણે પાણીમાં તણાઈ જવાથી કારમાં સવાર 8 શ્રદ્ધાળુઓના મોત થયા છે. મળતી માહિતી મુજબ, કેટલાક શ્રદ્ધાળુઓ મા બગલામુખીના



દર્શન કરવા માટે નલખેડા આવ્યા હતા. રાત્રે વિસ્તારમાં ભારે વરસાદ પડવાને કારણે મંદિર પાસે આવેલા વરસાદી નાળામાં પાણીનો પ્રવાહ અચાનક ખૂબ જ વધી ગયો હતો. આ દરમિયાન શ્રદ્ધાળુઓની કાર પાણીના તેજ પ્રવાહની ઝપેટમાં આવી ગઈ અને નાળામાં તણાઈ ગઈ. ઘટનાની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાં ભારે હલચલ મચી ગઈ હતી.આ ભયાનક અકસ્માતમાં કારમાં સવાર તમામ 8 લોકોના મોત નીપજ્યા છે. મૃતકોમાં 3 બાળકો, 2 મહિલાઓ અને 3 પુરુષોનો સમાવેશ થાય છે.

**ઈ - ઓક્શન નોટિસ**

(કાચા માલનો પૂરથી ક્ષતિગ્રસ્ત સ્ટોક, પ્રક્રિયા હેઠળનો સ્ટોક અને તૈયાર માલ)

મેસર્સ શ્રી અજીત પલ્પ એન્ડ પેપર લિમિટેડના ડિસ્કો ગોડાઉન (જે ન્યુ સર્વે નં. 676 (જૂનો સર્વે નં. 92), મોરાઈ રેલવે ક્રોસિંગ પાસે, મોરાઈ ગામ, વાપી થઈને, યુનિટ-II, પ્લોટ નં. 1 અને 1/B, 1st ફેઝ, જીઆઈડીસી, વાપી, વલસાડ ખાતે આવેલું છે) તથા યુનિટ-I (જે સર્વે નં. 239, 106, 107, 108p, 105p, મોરાઈ, મોરાઈ રેલવે ક્રોસિંગ પાસે, વાપી, જિ. વલસાડ ખાતે આવેલું છે) માં પડેલા સાલ્વેજ માટે, સખત રીતે 'જે સ્થિતિમાં છે અને જ્યાં છે તે આધારે', પ્રતિ કિલોગ્રામ (Per Kg) ના ધોરણે નિકાલ કરવા માટે રસ ધરાવતા ખરીદદારો પાસેથી ઈ-ઓક્શન ફોર્મ આમંત્રિત કરવામાં આવે છે: I) કાચા માલનો પૂરથી પ્રભાવિત અંદાજે 3,516.897 MT સ્ટોક અને II) પ્રક્રિયા હેઠળના અને તૈયાર માલનો પૂરથી પ્રભાવિત અંદાજે 1,585.61 MT સ્ટોક. મિલકતનું નિરીક્ષણ શ્રી ગૌરવ (મોબાઈલ - 8826662660) પાસેથી અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને 21/09/26 થી 28/09/26 વચ્ચે કરી શકાશે. ઈ-ઓક્શન 29/09/26 ના રોજ યોજાશે. ઈ-ઓક્શન ફોર્મ માટે, સુશ્રી ખુશીનો સંપર્ક કરો - મોબાઈલ - 9990857386

**સાલ્વોર સેટલર્સ પ્રાઈવેટ લિમિટેડ (ઓક્શનેર્સ)**

સરનામું:- 203, બીજો માળ, ઉષા કિરણ બિલ્ડિંગ, આઝાદપુર કોમર્શિયલ કોમ્પ્લેક્સ, દિલ્હી - 110033.

**અથવા વેબસાઈટ: www.salvorsettlers.com પરથી ડાઉનલોડ કરી શકાય છે.**

ઈ-હરાજી ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ 29/09/26 બપોરે 12:30 વાગ્યા પહેલાં છે.

**ઈ-ઓક્શન સૂચના**

"પૂર અને જળમગ્નતાથી અસરગ્રસ્ત સ્ટોક, જેમાં વિવિધ ગ્રેડના PP Granules, HD/LD PP Sheets/Polythene, Paper/Corrugated Rolls તથા અન્ય સંબંધિત સામગ્રીનો સમાવેશ થાય છે, જેમાં Raw Materials (RM), Finished Goods (FG) અને Packing Materials (PM)નો સમાવેશ થાય છે, જેનો વાસ્તવિક અંદાજિત ચોખ્ખો જથ્થો 68,900 કિગ્રા સુધી મર્યાદિત છે અને જેનો નિકાલ પ્રતિ કિલોગ્રામના ધોરણે કરવામાં આવશે."

રસ ધરાવતા ખરીદદારોને નીચે દર્શાવેલ સામગ્રીના નિકાલ માટે યોજાનારી ઈ-ઓક્શનમાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે: "પૂર અને જળમગ્નતાથી અસરગ્રસ્ત સ્ટોક, જેમાં વિવિધ ગ્રેડના PP Granules, HD/LD PP Sheets/Polythene, Paper/Corrugated Rolls તથા અન્ય સંબંધિત સામગ્રીનો સમાવેશ થાય છે, જેમાં PP, PP Mix, Exon Mobil, HDPE, LLDPE, LDPEના વિવિધ ગ્રેડ તથા Masterbatch જેવા Raw Materials; LD Tubing, High Clear LD Sheets, LD Sheets, PP Sheets અને PP Tubing જેવા Finished Goods; તેમજ 2-Layer Packing Paper સહિતના Packing Materialsનો સમાવેશ થાય છે, જે Annexure/Excel Listમાં વિગતવાર દર્શાવેલ છે, અને જેનો વાસ્તવિક અંદાજિત ચોખ્ખો જથ્થો 68,900 કિગ્રા સુધી મર્યાદિત છે તથા જેનો નિકાલ પ્રતિ કિલોગ્રામના ધોરણે કરવામાં આવશે." ઉપરોક્ત Salvage Material "As Is Where Is", "Whatever There Is" અને "No Complaint"ના ધોરણે વેચવામાં આવશે અને ઉપરોક્ત સામગ્રી M/s Crystal Pack Industries ની માલિકીની છે. ઉપરોક્ત સામગ્રીનું નિરીક્ષણ Survey No. 380/1(10), Modern Industrial Estate, Zari Causeway Road, Kanchigam, Daman - 396210 ખાતે 20/09/2026 થી 22/09/2026 દરમિયાન સવારે 10:00 વાગ્યાથી સાંજે 05:00 વાગ્યા સુધી કરી શકાશે. નિરીક્ષણ માટે કૃપા કરીને શ્રી Deepak Lad – +91 79844 2 3 4 1 5 નો સંપર્ક કરવો. ઈ-ઓક્શન 23/09/2026 ના રોજ www.b2bsalvage.com પર યોજાશે. ઈ-ઓક્શનના નિયમો અને શરતો ધરાવતું Participation Form મેળવવા માટે કૃપા કરીને શ્રી Hemant Birla નો સંપર્ક કરવો. Participation Form તથા EMD જમા કરવાની છેલ્લી તારીખ 22/09/2026 ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી રહેશે.રહેશે.

**ઓક્શનિયર: B2B Salvage Auctioneers India LLP, રજિસ્ટર્ડ ઓફિસ: 121, Lavkush Colony, Manglia, Indore, Madhya Pradesh - 453771 સંપર્ક નં.: +૯૧ ૯૭૫૪૭૦૬૦૭૧**

## ડિજિટલ કંકોતરી ખોલતાં જ ખાતામાંથી રૂ. 1.5 લાખ ઉપડી ગયા

અમદાવાદ | અમદાવાદના પૂર્વ વિસ્તારમાં સાયબર ઠગોએ બે અલગ-અલગ મોડસ ઓપરેન્ડી અપનાવી બે નાગરિકો સાથે કુલ 2.10 લાખ રૂપિયાની ઓનલાઈન છેતરપિંડી આચરી છે. ગોમતીપુરમાં યુવકને ટેલિગ્રામ પર શેરબજારમાં રોકાણ સામે ઊંચા વળતરની લાલચ આપી અલગ-અલગ ચાર્જીસ પેટે નાણાં પડાવી લેવાયા હતા, જ્યારે બીજા કિસ્સામાં નિકોલના યુવકને વોટ્સએપ પર લગ્નની કંકોત્રીના નામે APK ફાઈલ મોકલી તેનું આખું ડિવાઈસ હેક કરી બૅન્ક એકાઉન્ટમાંથી બારોબાર લાખો રૂપિયા ટ્રાન્સફર કરી લેવાયા હતા.

## ઘોઘંબા બસ સ્ટેશને હર્ષ સંઘવીનું શ્રમદાન

અમદાવાદ | રાજ્યભરમાં ચાલતી સ્વચ્છતા ઝુંબેશના ભાગરૂપે અને નાગરિકોમાં સફાઈ પ્રત્યે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ પંચમહાલ જિલ્લાના ઘોઘંબા વિસ્તારની અચાનક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે માત્ર સૂચનાઓ આપવાને બદલે પોતે જાતે હાથમાં સાવરણી લઈને ઘોઘંબા બસ સ્ટેશનના પાટીયા તેમજ આસપાસના પરિસરમાં સફાઈ કામગીરી હાથ ધરી હતી. તેમના આ અનોખા અને લોકઉપયોગી અંદાજને કારણે ત્યાં ઉપસ્થિત તમામ લોકો અને પ્રવાસીઓમાં ખુશીની લહેર દોડી ગઈ હતી.

### સમુદાયની સીધી ભાગીદારીથી પોષણ, આરોગ્ય અને પ્રારંભિક બાળ શિક્ષણને મળશે નવી ઊંચાઈ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0'ને નવો વેગ આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ



ગાંધીનગર : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0'ના અસરકારક અમલીકરણને પાયાના સ્તરે વધુ મજબૂત કરવાની દિશામાં મહત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણય અંતર્ગત રાજ્યના દરેક આંગણવાડી કેન્દ્ર માટે આંગણવાડી વ્યવસ્થાપન સમિતિ (એએમસી)ની રચના કરવામાં આવશે. તેનો ઉદ્દેશ આંગણવાડી સેવાઓમાં સમુદાયની વ્યાપક ભાગીદારી વધારવાની સાથે પોષણ, આરોગ્ય, પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ (ઈસીસીઈ)ની ગુણવત્તા, પારદર્શિતા અને જવાબદારીને મજબૂત કરવાનો છે.

મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન તથા મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષા વકીલના નેતૃત્વ હેઠળ કરવામાં આવેલી આ પહેલ મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0ની તે વ્યાપક વિચારધારાને સ્થાનિક કક્ષાએ મજબૂતી આપશે; જેમાં બાળકો, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓના પોષણ, આરોગ્ય તથા સર્વાંગી વિકાસ માટે વિવિધ સેવાઓને એકીકૃત અભિગમ સાથે આગળ વધારવામાં આવી રહી છે. ભારત સરકાર અનુસાર મિશનનો ઉદ્દેશ કુપોષણના પડકારનો સામનો કરવાની સાથે વધુ સારા આરોગ્ય, કલ્યાણ અને રોગપ્રતિકારક શક્તિ માટે સમુદાયની ભાગીદારી, આઉટરીચ, વર્તણૂક પરિવર્તન અને જાગૃતિને પ્રોત્સાહન આપવાનો છે.

ગુજરાત સરકારના આ નિર્ણય અંતર્ગત દરેક આંગણવાડી કેન્દ્ર માટે સંબંધિત બાળ વિકાસ યોજના અધિકારી (સીડીપીઓ) દ્વારા એએમસીની રચના કરવામાં આવશે. સમિતિના તમામ સભ્યો મહિલાઓ હશે. તેમાં સંબંધિત મહિલા સુપરવાઈઝર અધ્યક્ષ તથા આંગણવાડી કાર્યકર સભ્ય-સચિવ અને 1 આશા કાર્યકર, આંગણવાડીમાં નોંધાયેલા 3થી 6 વર્ષના બાળકોની 2 માતાઓ, સ્થાનિક સ્વસહાય જૂથ (એસએચજી) અથવા સ્થાનિક બિનસરકારી સંસ્થા (એનજીઓ)/ નાગરિક સમાજ સંગઠન (સીએસઓ)ની 1 મહિલા સભ્ય તેમજ નજીકની સરકારી પ્રાથમિક શાળાની 1 મહિલા શિક્ષિકાનો સમાવેશ થશે.

આ રીતે સરકાર અને સમુદાય વચ્ચે આંગણવાડી કેન્દ્રને એક મજબૂત સહભાગી કડી તરીકે વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ખાસ કરીને બાળકોની માતાઓને સમિતિમાં પ્રતિનિધિત્વ મળવાથી બાળકોના પોષણ, આરોગ્ય અને પ્રારંભિક શિક્ષણ સંબંધિત પાયાના સ્તરના અનુભવોને સીધા સમિતિની સમીક્ષા અને કાર્યપ્રણાલીમાં સામેલ કરી શકાશે.

આંગણવાડી મૅનેજમેન્ટ કમિટી (એએમસી)નો મુખ્ય ઉદ્દેશ 0થી 6 વર્ષના બાળકોમાં કુપોષણ તથા વિકાસાત્મક વિલંબ ઘટાડવા તેમજ તેમના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવામાં સહયોગ આપવાનો છે. તેની સાથે આંગણવાડી કાર્યકરને વધુ સારી સેવાઓ પ્રદાન કરવામાં સહયોગ, માતા-પિતા અને સંભાળ રાખનારાઓમાં જવાબદાર બાળ સંભાળ પ્રત્યે જાગૃતિ, આરોગ્ય સેવાઓનો સમયસર ઉપયોગ તેમજ સગર્ભા અને ધાત્રી મહિલાઓના પોષણને પ્રોત્સાહન આપવાનો પણ સમિતિની જવાબદારીઓમાં સમાવેશ થાય છે.

આ વ્યવસ્થા આરોગ્ય, શિક્ષણ અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ વચ્ચે વધુ સારા સંકલનને પણ પ્રોત્સાહિત કરશે. સાથે જ આંગણવાડી કેન્દ્રો દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી સેવાઓમાં પારદર્શિતા, જવાબદારી અને ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન આપવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

આંગણવાડી મૅનેજમેન્ટ કમિટીની દર બે મહિને એક વખત આંગણવાડી કેન્દ્ર ખાતે બેઠક યોજાશે. બેઠકમાં કેન્દ્રના નિયમિત સંચાલન અને ત્યાંથી ઉપલબ્ધ કરાવવામાં આવતી સેવાઓના સમયબદ્ધ, અસરકારક અને ગુણવત્તાયુક્ત અમલીકરણની સમીક્ષા કરવામાં આવશે. સમુદાય, આંગણવાડી કેન્દ્ર અને સ્થાનિક સંસ્થાઓ વચ્ચેના સંકલન દ્વારા બાળકો માટે સુરક્ષિત, અનુકૂળ અને શીખવા માટે જરૂરી સંસાધનોથી સજ્જ વાતાવરણ વિકસાવવા પર પણ કામગીરી કરવામાં આવશે.

સમિતિ આંગણવાડી ભવન, પીવાનું પાણી, શૌચાલય, રસોડું, સ્ટોરેજ, ફર્નિચર, સાધનો, Teaching Learning Material (TLM), ભોજનની ગુણવત્તા અને સ્વચ્છતા સહિતની પાયાની સુવિધાઓની નિયમિત સમીક્ષા કરશે. સ્થાનિક સ્તરે જે સમસ્યાઓનું નિરાકરણ શક્ય હશે, તેના માટે જરૂરી પ્રયાસો કરવામાં આવશે તથા મોટી સમસ્યાઓ કાર્યક્રમ અધિકારી અને સીડીપીઓ સમક્ષ રજૂ કરવામાં આવશે.

મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0 હેઠળ આંગણવાડી કેન્દ્રો પર ઉપલબ્ધ કરાવવામાં આવતી પોષણ સેવાઓને વધુ અસરકારક બનાવવામાં પણ એએમસીની મહત્વની ભૂમિકા રહેશે. સમિતિ પૂરક પોષણ આહારના વિતરણ, ભોજનની ગુણવત્તા, સ્વચ્છતા અને તાજગી તેમજ નિર્ધારિત પોષણ ધોરણોના પાલનની સમીક્ષા કરશે. બેઠકના નિર્ધારિત સમીક્ષા ફૉર્મેટમાં THR, HCM, પોષણ સુધારણા સંબંધિત જોગવાઈઓ અને અન્ય પોષણ સેવાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

તે જ રીતે 0થી 6 વર્ષના બાળકોનાં ગ્રોથ મૉનિટરિંગ, 0થી 3 વર્ષના બાળકોના વિકાસાત્મક તબક્કાઓની દેખરેખ, આરોગ્ય તપાસ, કુપોષિત બાળકોની ઓળખ, રેફરલ તથા અગાઉથી રેફર કરવામાં આવેલા કેસોના ફૉલોઅપ પર પણ નજર રાખવામાં આવશે.

આંગણવાડી કેન્દ્ર માત્ર પોષણનું કેન્દ્ર ન રહે, પરંતુ બાળકોના પ્રારંભિક વિકાસ અને શીખવાનો મજબૂત આધાર બને; તે માટે ઈસીસીઈ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. સમિતિ 'આધારશિલા' અનુસાર દરરોજ થતી પૂર્વ-પ્રાથમિક શિક્ષણ પ્રવૃત્તિઓની સમીક્ષા અને અસરકારક સંચાલનમાં સહયોગ કરશે.

નિર્ધારિત સમીક્ષા ફૉર્મેટમાં એ પણ જોવામાં આવશે કે બાળકો માટે અભ્યાસક્રમ આધારિત પ્રવૃત્તિઓ નિયમિત રીતે થઈ રહી છે કે નહીં, બાળ દિવસની થીમ અનુસાર પ્રવૃત્તિઓ યોજવામાં આવી રહી છે કે નહીં તથા બાળકોના સર્વાંગી વિકાસ અને તેમની માસિક પ્રવૃત્તિઓનો રેકોર્ડ વ્યવસ્થિત રીતે રાખવામાં આવી રહ્યો છે કે નહીં.

ભારત સરકારના મિશનમાં પણ ઈસીસીઈને મહત્વપૂર્ણ ઘટક તરીકે સામેલ કરવામાં આવ્યું છે અને જુલાઈ 2026માં બે લાખ આંગણવાડી કેન્દ્રોને વધુ સારા પોષણ તથા ઈસીસીઈ પ્રવૃત્તિઓ માટે સક્ષમ આંગણવાડી તરીકે અપગ્રેડ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

## ભાદરવી પૂનમના મેળા નિમિત્તે અસારવા અને ખેડબ્રહ્મા વચ્ચે એક ખાસ મેળા ટ્રેન શરૂ કરવામાં આવી





અમદાવાદ : ખેડબ્રહ્મામાં યોજાતા પ્રખ્યાત 'ભાદરવી પૂનમ' મેળામાં ધાર્મિક કાર્યક્રમો અને ધાર્મિક વિધિઓમાં ભાગ લેવા માટે હજારો શ્રદ્ધાળુઓ આવે છે. સાબરકાંઠાના માનનીય સંસદ સભ્ય શ્રીમતી શોભનાબેન બારૈયા અને અમદાવાદ પશ્ચિમના માનનીય સંસદ સભ્ય શ્રી દિનેશભાઈ મકવાણાએ 'ભાદરવી પૂનમ' મેળા દરમિયાન શ્રદ્ધાળુઓની સુવિધા માટે અસારવા અને ખેડબ્રહ્મા વચ્ચે એક ખાસ ટ્રેન ચલાવવા માટે અમદાવાદના ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી વેદ પ્રકાશને વિનંતી કરી હતી.

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન દ્વારા આજથી, ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ થી અસારવા-ખેડબ્રહ્મા-અસારવા વચ્ચે એક ખાસ મેળા ટ્રેનનું સંચાલન શરૂ કરવામાં આવ્યું છે. આ અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન ૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી દરરોજ દોડશે.

ટ્રેનનું સમયપત્રક અને વિગતો:

ટ્રેન નંબર ૦૯૪૦૫ અસારવા-ખેડબ્રહ્મા સ્પેશિયલ ૧૯ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી દરરોજ સવારે ૦૯:૩૫ વાગ્યે અસારવાથી ઉપડશે અને નરોડા સવારે ૦૯:૪૩/૦૯:૪૫ વાગ્યે, હિંમતનગર સવારે ૧૦:૫૮/૧૧:૦૦ વાગ્યે, વડાલી સવારે ૧૧:૪૦/૧૧:૪૨ વાગ્યે અને ખેડબ્રહ્મા બપોરે ૧૨:૧૦ વાગ્યે પહોંચશે.

ટ્રેન નં. ૦૯૪૦૬ ખેડબ્રહ્મા-અસારવા સ્પેશિયલ ૧૯ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી દરરોજ ૧૫:૩૫ વાગ્યે ખેડબ્રહ્માથી ઉપડશે, વડાલી ૧૫:૪૩/૧૫:૪૫ વાગ્યે, હિંમતનગર ૧૬:૨૩/૧૬:૨૫ વાગ્યે, નરોડા ૧૭:૨૩/૧૭:૨૫ વાગ્યે અને અસારવા ૧૮:૧૦ વાગ્યે પહોંચશે.

સ્ટોપેજ અને કોચ કમ્પોઝિશન:

સ્ટોપેજ: આ ટ્રેન નરોડા, હિંમતનગર અને વડાલી સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.

રેક અને ક્લાસ: આ ટ્રેન ૮-કોચ MEMU રેક સાથે ચાલશે, જે બધી અનરિઝર્વ્ડ સેકન્ડ ક્લાસ હશે. ટ્રેનના સમય, સ્ટોપેજ અને વિગતવાર માહિતી માટે, મુસાફરો સત્તાવાર રેલ્વે વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## 24 કલાકમાં રાજ્યના 224 તાલુકામાં વરસાદ : સાયક્લોનિક સર્ક્યુલેશન લો પ્રેશર લો પ્રેશરમાં કન્વર્ટ થતાં વરસાદી માહોલ

અમદાવાદ | છેલ્લા 24 કલાકમાં રાજ્યના 224 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ અરવલ્લીના મેઘરજ અને ગીર સોમનાથના ગીર ગઢડામાં 3 ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે 66 તાલુકામાં એકથી ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જો કે સૌરાષ્ટ્ર-કચ્છમાં હજુ પણ વરસાદની ઘટ છે.

હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત દિવસ હળવાથી મધ્યમ અને છૂટાછવાયા સ્થળોએ વરસાદી ઝાપટાની આગાહી કરી છે. દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશા તરફથી 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. આગામી બે દિવસ રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદ પડાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદી ઝાપટા પડી શકે છે.

હાલમાં સક્રિય અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન લો પ્રેશર સિસ્ટમમાં પરિવર્તિત થતાં તેમજ મોન્સૂન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ હોવાના કારણે વરસાદી માહોલ જળવાઈ રહેશે. રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો કુલ 616.8 મીમી વરસાદ નોંધાયો છે, જે સામાન્ય વરસાદ 673.9 મીમી કરતાં 8% ઓછો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ ભારે વરસાદની કોઈ શક્યતા નથી. છૂટા છવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે અને કેટલાક સ્પેલ રાજ્યમાં વરસાદી ઝાપટા પડી શકે છે. આ સિવાય લો પ્રેશર સિસ્ટમ સિવાય અન્ય એક મોનસુન ટ્રક સિસ્ટમ પણ સક્રિય થતા રાજ્યમાં હળવા વરસાદની આગાહી છે.

| તાલુકો | વરસાદ (ઈંચ) | તાલુકો | વરસાદ (ઈંચ) |
|---|---|---|---|
| મેઘરજ | 3.07 | કલોલ | 1.85 |
| ગીર ગઢડા | 3.07 | મહેસાણા | 1.85 |
| અમદાવાદ શહેર | 2.87 | દહેગામ | 1.81 |
| તલોદ | 2.52 | ગાંધીનગર | 1.81 |
| ડેડિયાપાડા | 2.4 | દસક્રોઈ | 1.77 |
| મોડાસા | 2.36 | બાયડ | 1.77 |
| કડાણા | 2.24 | વડાલી | 1.65 |
| સંતરામપુર | 2.17 | વિજાપુર | 1.65 |
| માણસા | 2.13 | ટંકારા | 1.65 |
| ખાનપુર | 2.09 | ઉમરપાડા | 1.57 |

## રેલવે મંત્રાલયે પશ્ચિમ રેલવેના ઉધના-ઉકાઈ સોનગઢ સેક્શન પર ફોર-લેન રોડ ઓવર બ્રિજ બાંધકામ માટે ₹133 કરોડની મંજૂરી આપી

અમદાવાદ | ભારતીય રેલવેએ રાજ્ય સરકાર સાથે ખર્ચ-વહેંચણીના ધોરણે 133.2295 કરોડના કુલ ખર્ચે પશ્ચિમ રેલવેના ઉધના-ઉકાઈ સોનગઢ સેક્શન પર કિમી 62/2-4 ખાતેના લેવલ ક્રોસિંગ નંબર 53ના સ્થાને ફોર-લેન રોડ ઓવર બ્રિજ (ROB) ના બાંધકામને મંજૂરી આપી છે. ROB એ ફોર-લેન માળખું હશે. રેલવે બ્રિજના ભાગમાં ઓપન વેબ ગર્ડર (OWG) નો સમાવેશ થશે, જેનો અંદાજિત ખર્ચ 91.60 કરોડ છે.ક્રોસિંગનું સ્થળ 62% સ્કેવ ધરાવે છે, જે ડિઝાઇન અને બાંધકામની જટિલતામાં નોંધપાત્ર વધારો કરે છે.વાયાડક્ટ ભાગની કુલ લંબાઈ 311.58 મીટર હશે, જેનો અંદાજિત ખર્ચ 19.98 કરોડ છે. રેલવે એપ્રોચ (RE) ભાગની લંબાઈ 524.32 મીટર હશે, જેનો અંદાજિત ખર્ચ 10.25 કરોડ છે.કામનો કુલ ખર્ચ 133.2295 કરોડ છે, જે ભારતીય રેલવે અને રાજ્ય સરકાર વચ્ચે વહેંચવામાં આવશે. રેલવેનો હિસ્સો 66.6147 કરોડ છે, જ્યારે રાજ્ય સરકારનો હિસ્સો 66.6148 કરોડ છે.ફોર-લેન ROBનું બાંધકામ રોડ ટ્રાફિકની અવરજવરને વધુ સુગમ બનાવશે, જેથી રેલવે કામગીરીમાં થતી વિક્ષેપ ઘટી જશે. ગ્રેડ-સેપરેટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટ્રેનની સુગમ કામગીરીને ટેકો આપશે અને ઉધના-ઉકાઈ સોનગઢ સેક્શન પર વધુ સુરક્ષિત અને વધુ કાર્યક્ષમ રેલવે અવરજવરમાં યોગદાન આપશે, જેનાથી સુધારેલી ઓપરેશનલ કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા દ્વારા મુસાફરોને લાભ થશે.

### અસારવા-ખેડબ્રહ્મા મેળા સ્પેશિયલનું તલોદ, પ્રાંતિજ, જાદર અને ઇડર તથા નમો ભારત રેપિડ રેલનું વોંધ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ

અમદાવાદ | "ભાદરવી પૂનમ" મેળામાં શ્રદ્ધાળુઓની વધારાની ભીડને જોતાં પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા યાત્રીઓની સુવિધા માટે અસારવા-ખેડબ્રહ્મા મેળા સ્પેશિયલ ટ્રેનનું તલોદ, પ્રાંતિજ, જાદર અને ઈડર તથા નમો ભારત રેપિડ રેલનું વોંધ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે :ટ્રેન નંબર 09405/09406 અસારવા-ખેડબ્રહ્મા-અસારવા મેળા સ્પેશિયલ , ટ્ ેન નંબર 09405 અસારવા-ખેડબ્રહ્મા મેળા સ્પેશિયલનો 21 સપ્ટેમ્બરથી 01 ઓક્ટોબર 2026 સુધી આગમન/પ્રસ્થાનનો સમય તલોદ સ્ટેશન પર 10.23/10.24 કલાકે, પ્રાતિંજ સ્ટેશન પર 10.38/10.39 કલાકે, જાદર સ્ટેશન પર 11.11/11.12 કલાકે અને ઈડર સ્ટેશન પર 11.31/11.32 કલાકે રહેશે. ટ્રેન નંબર 09406 - ખેડબ્રહ્મા-અસારવા મેળા સ્પેશિયલનો 21 સપ્ટેમ્બરથી 01 ઓક્ટોબર 2026 સુધી આગમન/પ્રસ્થાનનો સમય ઈડર સ્ટેશન પર 15.55/15.56 કલાકે, જાદર સ્ટેશન પર 16.05/16.06 કલાકે, પ્રાંતિજ સ્ટેશન પર 16.43/16.44 કલાકે અને તલોદ સ્ટેશન પર 16.57/16.58 કલાકે રહેશે. ટ્રેન નંબર 94801/94802 નમો ભારત રેપિડ રેલ: ટ્રેન નંબર 94801 અમદાવાદ-ભુજ નમો ભારત રેપિડ રેલનો 21 થી 23 સપ્ટેમ્બર 2026 સુધી વોંધ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય 21.08/21.09 કલાકે રહેશે.ટ્રેન નંબર 94802 ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલનો 22 થી 24 સપ્ટેમ્બર 2026 સુધી વોંધ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય 06.43/06.44 કલાકે રહેશે.આ વધારાના સ્ટોપેજથી ભાદરવી પૂનમ મેળામાં આવનાર-જનારા શ્રદ્ધાળુઓને ઉત્તમ રેલવે કનેક્ટિવિટી અને સુવિધા ઉપલબ્ધ થશે. ખેડબ્રહ્મા રેલવે સ્ટેશનથી અંબાજી માટે સીધી બસ સેવા : ભાદરવી પૂનમ મેળાના અવસર પર ખેડબ્રહ્મા આવનારા શ્રદ્ધાળુઓની સુવિધા માટે ખેડબ્રહ્મા રેલવે સ્ટેશનથી અંબાજી માટે સીધી બસ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. યાત્રી રેલવે સ્ટેશનથી સીધા બસ દ્વારા મા અંબેના ધામ અંબાજી પહોંચી શકે છે, જેનાથી તેમને વધારાના રિક્શા ભાડા અને સમયની બચત થશે.

## સાવલી ખાતે KJIT કોલેજ કેમ્પસમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ફૂટબોલ, હેન્ડબોલ અને રસાખેંચ રમી યુવા ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો



અમદાવાદ | 'સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬' અંતર્ગત સાવલી સ્થિત કે.જે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (KJIT) કોલેજ સંકુલ ખાતે આજે સવારે અનોખો ઉત્સાહ અને ઊર્જા જોવા મળી હતી. રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કોલેજના રમતગમત મેદાન પર ઉપસ્થિત યુવાનો અને છાત્રો સાથે ફૂટબોલ, હેન્ડબોલ તેમજ રસાખેંચ (ટગ ઓફ વૉર) સહિતની વિવિધ રમતો રમીને યુવા સાથીઓનો જોશ બમણો કર્યો હતો. ખેલકૂદ દરમિયાન યુવાનો સાથે ખભેખભા મિલાવી મેદાનમાં ઊતરેલા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રમતગમત માત્ર શારીરિક તંદુરસ્તી પૂરતી સીમિત નથી, પરંતુ તે યુવાનોમાં ટીમ સ્પીરિટ, સંઘર્ષ સામે લડવાની ક્ષમતા અને નેતૃત્વ જેવા ગુણોનું સિંચન કરે છે. 'ફિટ ઇન્ડિયા' અને 'ખેલ મહાકુંભ' થકી રાજ્યના યુવાનોમાં ઊભી થયેલી ખેલદિલી રાષ્ટ્રનિર્માણમાં ખૂબ મહત્વનો ભાગ ભજવી રહ્યો છે.

રમતગમત બાદ નાયબ મુખ્યમંત્રીશ્રીએ ૫૦૦થી વધુ સેવાભાવી યુવાનો સાથે બાઈક રેલીની પુનઃ શરૂઆત કરાવી હતી. સેવાના સંકલ્પ સાથે નીકળેલી આ બાઇક રેલીએ દાહોદ રૂટ તરફ આગળ પ્રસ્થાન કર્યું છે.

## ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાને માલ્યાર્પણ



**ઘોઘંબા તાલુકાના બિરસા મુંડા સર્કલ પાસે આવેલી ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાને હાર પહેરાવી નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ભાવાંજલિ અર્પણ કરી**

ઘોઘંબા | સેવા સંકલ્પ બાઈક રેલીના પ્રવાસ દરમિયાન નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ પંચમહાલ જિલ્લાના ઘોઘંબા પાસે આવેલા ભાથીજી મહારાજના મંદિર ખાતે વિશેષ શ્રમદાન કર્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ સેવાયાત્રીઓ સાથે સ્વયં હાથમાં કૂંચી અને રોલર પકડીને મંદિર પરિસરનું રંગરોગાન કરી સેવાની ઉત્તમ મિસાલ આપી હતી.આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ધાર્મિક અને પવિત્ર યાત્રાધામોની સ્વચ્છતા તેમજ જાળવણી એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે. સેવા યાત્રાના માધ્યમથી યુવાનો ગામેગામ આવા શ્રમદાન થકી સંસ્કૃતિ અને સ્વચ્છતાના સંરક્ષણનો સંદેશ આપી રહ્યા છે.